પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૨-૩-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૪

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

શંકાનો નકશો લઈ...
બધાને શ્રધ્ધા
સુધી જવું છે...

**આંબરડી સફારી પાર્કમાં મુલાકાતીઓની સંખ્યામાં ૧૮%નો વધારો**

(વાંચો છેલ્લા પાને)

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ સરકારની નટ ચાલ

# યુધ્ધની અસરો સ્થાનિક કક્ષાએ જબરદસ્ત દેખાતા ચૂંટણીના સંભવિત પરિણામોથી ભાજપ ચિંતિત

## ગેસ સહિતના ઈંધણની અછતઃ સતત વધતી મોંઘવારી, બંધ થતા કારખાનાઓની વિપરિત અસર મતદાન પર થવાની દહેશત

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે છેલ્લા ૧૩ દિવસથી ભીષણ યુધ્ધ ચાલી રહ્યું છે. તેની અસર હવે વિશ્વભરમાં વર્તાવા લાગી છે. ખાડી યુધ્ધની વિપરિત અસરોથી ગુજરાત પણ બાકાત નથી હવે જો યુધ્ધ વધુ ચાલશે તો આગામી દિવસોમાં સ્થિતિ વધુ વિકટ બની શકે છે. હાલ રાજયની ભાજપ સરકાર અને સંગઠનની ચિંતા સતત વધી રહી છે.એપ્રિલ અંત અને મોડામાં મોડી મેંના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી આપવી જ પડે તેમ છે. જો વાતાવરણ સાનુકુળ નહી બને તો મહાપાલિકાઓ, જિલ્લા પંચાયત અને નગર પાલિકામાં વહીવટદાર શાસન લાંબુ ચાલી શકે છે. યુધ્ધ ઝડપથી સમાપ્ત થઈ જાય અને સ્થિતિ થાળે પડી જાય તે તમામના હિતમાં છે.

રાજયની મહાપાલિકાઓ, જિલ્લા પંચાયત, અને નગરપાલિકાઓમાં હવે વહીવટદાર શાસન આવી રહ્યું છે. એસઆઈઆરની કામગીરીના કારણે રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પાછી ઠેલાઈ છે. ગઈકાલે ૧૧મી માર્ચે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ થવાની હતી. પરંતુ કોઈ કારણોસર થઈ શકી નથી. ખાડી યુધ્ધની વિપરીત અસરો હવે ગુજરાતમાં પણ મોટાપાયે થવા માંડીને રાજ્યમાં ઉદ્યોગોને અપાતા ગેસના જથ્થામાં મોટાપાયે કાપ મૂકવામાં આવ્યો છે. જેના કારણે અનેક ઉદ્યોગોમાં હાલ શટ ડાઉન જેવી સ્થિતિ સર્જાય જવા પામી છે. રાંધણ ગેસ, પેટ્રોલ, ડીઝલ પણ અછત ઉભી થવાની દહેશત જણાય રહી છે. યુધ્ધના કારણે મોંઘવારી પણ વકરે તેવી ભીતિ દેખાય રહી છે. આવામાં સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીને લઈ રાજયની ભાજપ સરકારની ચિંતા દિન પ્રતિદિન વધી રહી છે. શહેરી

(અનુ. આઠમા પાને)



### એક સપ્તાહમાં આચાર સંહિતા અમલમાં આવી જવાની સંભાવના

આગામી એકાદ સપ્તાહમાં રાજય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવે તેવી શકયતા પણ જણાય રહી છે. આગામી ૨૫મી માર્ચે વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થતાની સાથે જ ચૂંટણીની તારીખનું એલાન કરી દેવામાં આવશે. તેવું હાલ દેખાય રહ્યું છે. આગામી એક પખવાડીયા સુધી સરકાર યુધ્ધની સ્થિતિ પર વોચ રાખશે જો યુધ્ધ વિરામ થઈ ગયું હશે તો ૨૫ કે ૨૬ માર્ચે ચૂંટણીની તારીખ જાહેર થઈ જશે.

## એપ્રિલ અંત કે મેના પ્રથમ સપ્તાહથી મોડી ચૂંટણી આપવી સરકારને પોષાય તેમ નથીઃ સાનુકુળ વાતાવરણ નહીં બને તો વહીવટદાર શાસન લાંબુ પણ ચાલી શકે

### મોજબતા હુમલામાં ઘાયલ થતા ઈરાન ફફડ્યું

# અમારી ત્રણ શરતો સ્વીકારશો તો જ યુધ્ધ સમાપ્ત કરીશું: ઈરાન

## આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાનની માંગણીઓ સંતોષવા સહિતની માંગ સાથે અમેરિકા અને ઈઝરાયેલ સાથે ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પહેલીવાર યુધ્ધ વિરામ અંગે મૌન તોડ્યું



**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ હવે નિર્ણાયક મોડ પર પહોંચ્યું છે. વૈશ્વિક અર્થતંત્ર પર આ જંગની માઠી અસરો વચ્ચે ઈરાને પહેલીવાર યુદ્ધ વિરામ માટે પોતાની શરતો દુનિયા સામે મૂકી છે.

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને બે અઠવાડિયા જેટલો સમય થવા આવ્યો છે ત્યારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સ્પષ્ટ કર્યું છે કે ઈરાન કયા સંજોગોમાં પાછળ હટશે. તેમણે જણાવ્યું કે જો આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાનની માંગણીઓ સંતોષવામાં આવે તો જ તેહરાન યુદ્ધ સમાપ્ત કરવા માટે તૈયાર છે.

ઈરાનના રાષ્ટ્રપતિએ રશિયા અને પાકિસ્તાન જેવા પ્રાદેશિક સાથી દેશોના નેતાઓ સાથે વાત કરીને આંતરરાષ્ટ્રીય સમર્થન (અનુ. આઠમા પાને)

### ઈરાનની આર્થિક અને ટેકનોલોજી હબ ઉપર હુમલાની દહેશતને લઈ દુબઈ હરકતમાં!!!

ખાડી દેશોમાં વધી રહેલા સૈન્ય તણાવ અને ઈરાન દ્વારા અમેરિકન સંસ્થાઓને નિશાન બનાવવાની ધમકી બાદ દુબઈના આર્થિક અને ટેકનોલોજી ક્ષેત્રમાં હાઈ-એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દુબઈમાં કાર્યરત અમેરિકન બેંકો અને વૈશ્વિક ટેક કંપનીઓએ સાવચેતીના ભાગરૂપે તેમના કર્મચારીઓને ઓફિસ આવવાને બદલે ઘરેથી કામ કરવા આદેશ આપ્યો છે.ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ દ્વારા અમેરિકન બેંકો અને ટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાની ચેતવણી આપવામાં આવ્યા બાદ દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સેન્ટરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. (અનુ. આઠમા પાને)

### ઈરાનની ૩ મુખ્ય શરતો

**૧. વૈધ અધિકારોની માન્યતાઃ** આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાનના કાનૂની અને વ્યૂહાત્મક અધિકારોને સ્વીકારવામાં આવે.

**૨. યુદ્ધનું વળતરઃ** જંગ દરમિયાન ઈરાનને થયેલા આર્થિક અને માળખાગત નુકસાનની ભરપાઈ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવે.

**૩. આંતરરાષ્ટ્રીય ગેરંટીઃ** ભવિષ્યમાં ઈરાન પર કોઈ પણ પ્રકારના હુમલા નહીં થાય તેની નક્કર આંતરરાષ્ટ્રીય સુરક્ષા ગેરંટી આપવામાં આવે.

# ઉઠાંતરી કરતી ચેનલોને બંધ કરવા સરકારનો ટેલીગ્રામને આદેશ

## ચેનલોમાં પાયરેટેડ ફિલ્મો અને વેબ સિરીઝ મૂકી કાયદાનું ઉલ્લંઘન થતું હોવાથી આકરી કાર્યવાહી

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે મેસેજિંગ પ્લેટફોર્મ ટેલિગ્રામ પર કડક કાર્યવાહી કરતા પાયરેટેડ ફિલ્મો અને વેબ સિરીઝનું વિતરણ કરતી અનેક ચેનલોનો એક્સેસ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સરકારે નોટિસ મળ્યાના માત્ર ત્રણ કલાકની અંદર જ આ આદેશનું પાલન કરવા પ્લેટફોર્મને તાકીદ કરી છે.

બુધવારે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક જાહેરનામામાં, ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, ૨૦૦૦ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ઈન્ટરમીડિયરી ગાઈડલાઈન્સ અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રૂલ્સ, ૨૦૨૧ ની જોગવાઈઓ ટાંકીને આ ચેનલો અને તેમની સામગ્રીને હટાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આદેશમાં જણાવાયું છે કે ટેલિગ્રામની કેટલીક ચેનલો પર મંજૂરી વિના ઓટીટી પ્લેટફોર્મ, નિર્માતાઓ અને અન્ય કન્ટેન્ટ માલિકોની કોપીરાઈટવાળી સામગ્રી હોસ્ટ અને વિતરિત કરવામાં આવી રહી હતી. આ કૃત્ય કોપીરાઈટ એક્ટ, ૧૯૫૭ નું સીધું ઉલ્લંઘન છે, જેને ધ્યાનમાં રાખીને સરકારે તાત્કાલિક પગલાં લીધા છે.

નોટિફિકેશનના પરિશિષ્ટ મુજબ, કેટલીક ચેનલોમાં ફિલ્મો, વેબ સિરીઝ અને અન્ય ડિજિટલ એન્ટરટેઈનમેન્ટ કન્ટેન્ટના

(અનુ. આઠમા પાને)

# સનાતની સિવાયના લોકો માટે બદ્રીનાથ-કેદારનાથ સહિત ચાર ધામ પર પ્રવેશ નિષેધ

## આગામી ચારધામ યાત્રાની તૈયારીઓ માટે મંદિર સમિતિએ કુલ રૂ. ૧૨૧ કરોડનું બજેટ ફાળવ્યું



**અબતક, રાજકોટ**

ઉત્તરાખંડના પ્રસિદ્ધ ધામ બદ્રીનાથ અને કેદારનાથ સહિત કુલ ૪૭ મંદિરોમાં હવે બિન-સનાતનીઓ (જે઼ઓ સનાતન ધર્મમાં માનતા નથી) ના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિએ તાજેતરમાં મળેલી બજેટ બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

મંદિર સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીના જણાવ્યા મુજબ, મંદિરોની પવિત્રતા જાળવી રાખવા અને માત્ર શ્રદ્ધા ધરાવતા લોકો જ દર્શન કરે તે હેતુથી આ પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રતિબંધ મુખ્યત્વે મંદિરના ગર્ભગૃહ અને તેની આસપાસના ચોક્કસ પરિસરમાં લાગુ રહેશે.

વર્ષ ૨૦૨૬ની યાત્રા માટે

(અનુ. આઠમા પાને)

# અનામત રખાયેલા ૪૦ કરોડ બેરલ ઠાલવવા છતાં ક્રૂડના ભાવ વધ્યાં

## ઈરાન યુધ્ધની વૈશ્વિક બજાર પર ગંભીર અસરઃ અમેરિકાએ પોતાના અનામતમાંથી ૧૭.૨ કરોડ બેરલ તેલ મુક્ત કરવાની જાહેરાત



**અબતક, રાજકોટ**

વિશ્વના શકિતશાળી દેશો દ્વારા તેલના ભાવને અંકુશમાં લેવાના તમામ પ્રયાસો હાલ નિષ્ફળ સાબિત થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઈરાન યુદ્ધના કારણે સર્જાયેલી કટોકટી વચ્ચે આંતરરાષ્ટ્રીય એનર્જી એજન્સીએ તેના ઈતિહાસનો સૌથી મોટો ૪૦ કરોડ બેરલ તેલનો જથ્થો અનામત ભંડારમાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે, તેમ છતાં આજે એશિયન બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૭ ટકા સુધીનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે.

બુધવારે આંતરરાષ્ટ્રીય એનર્જી એજન્સીએ જાહેરાત કરી હતી કે તેલના વધતા ભાવને ડામવા માટે સભ્ય દેશો પોતાના વ્યૂહાત્મક અનામત માંથી ૪૦ કરોડ બેરલ તેલ બજારમાં ઠાલવશે. આ

(અનુ. આઠમા પાને)

### શા માટે ક્રૂડના ભાવ વધી રહ્યા છે?

અનામત તેલ છોડવાના સમાચાર સામે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ થવાની ભીતિ વધુ મોટી છે ઈરાને અમેરિકા અને ઈઝરાયેલના હુમલાના જવાબમાં અખાતી દેશોમાં તેલના કુવાઓ અને રિફાઈનરીઓને નિશાન બનાવ્યા છે.તેમજ વિશ્વના કુલ તેલ પરિવહનનો ૨૦ ટકા હિસ્સો જ્યાંથી પસાર થાય છે તે હોર્મુઝની સામુદ્રધુની વ્યવહારિક રીતે બંધ થઈ ગઈ છે, જેના કારણે બજારમાં ફાળવવામાં આવેલું અનામત તેલ પણ દરિયાઈ માર્ગે પહોંચાડવામાં મુશ્કેલી પડી શકે છે.

### ક્રૂડમાં ભડકો, શેરબજારમાં મહામંદીઃ રૂપિયો નબળો પડ્યો

ખાડી યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ૧૦૦ ડોલરની સપાટીએ પહોંચી જવા પામી છે.ભારતીય શેરબજારમાં એકધારી મંદી જોવા મળી રહી છે.જેના કારણે રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે. આજે સપ્તાહના ચોથા ટ્રેડિંગ દિવસે શેરબજાર રેડ ઝોનમાં કામકાજ કરતું દેખાયું હતું.ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે સતત તૂટી રહ્યો છે.આજે ઉઘડતી બજારે સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ તૂટયો હતો. નિફ્ટીમાં પણ ૩૦૦ પોઈન્ટનું ગાબડું પડ્યું હતું.રોકાણકારો દ્વારા સતત વેચવાલી કરવા આવી રહી છેઅમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૨૫ પૈસા નબળો પડીને ૯૨.૨૯ની ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચી ગયો છે. નિષ્ણાતોના મતે, ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે ભારતનું ઈમ્પોર્ટ બિલ વધશે, જે રૂપિયાના મૂલ્યમાં વધુ ઘટાડો લાવી શકે છે.

# ચિંતા ન કરતા.. રશિયાથી આવતા ક્રુડમાં ૪૫ ટકાનો વધારો

## ફેબ્રુઆરી મહિનામાં દરરોજ આશરે ૧ મિલિયન બેરલ ક્રુડ આવતું, ચાલુ મહિને દરરોજ ૧.૫ મિલિયન બેરલ ક્રૂડની આવક પહોંચી

**અબતક, નવી દિલ્હી**

માર્ચ મહિનામાં રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઈલની ખરીદીમાં લગભગ ૪૫ ટકાનો જંગી વધારો નોંધાયો છે. ફેબ્રુઆરી મહિનામાં ભારત રશિયા પાસેથી રોજના આશરે ૧ મિલિયન બેરલ ઓઈલની ખરીદી કરતું હતું, જે માર્ચના પ્રથમ ૧૧ દિવસોમાં વધીને ૧.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ પર પહોંચી ગયું છે.


છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા સંઘર્ષની શરૂઆત બાદ હોર્મુઝની સામુદ્રધુની મારફતે થતા પરિવહનમાં વિક્ષેપ પડ્યો છે. આ કારણોસર તેલથી સમૃદ્ધ પશ્ચિમ એશિયાના દેશોમાંથી આવતા સપ્લાયમાં ફેબ્રુઆરીની સરખામણીમાં ભારે ઘટાડો થયો છે. માર્ચના પ્રથમ ૧૧ દિવસમાં ભારતને ઈરાકમાંથી ૦.૬ એમબીડી, સાઉદી અરેબિયામાંથી ૦.૪ એમબીડી અને યુએઈ માંથી ૦.૧ એમબીડી ક્રૂડ ઓઈલ મળ્યું છે.

ફેબ્રુઆરી મહિનામાં ૧ મિલિયન બેરલથી સહેજ વધુ દૈનિક સપ્લાય સાથે સાઉદી અરેબિયા રશિયા પછી ક્રૂડ ઓઈલ પૂરું પાડતો બીજો સૌથી મોટો દેશ હતો. ગયા મહિને ઈરાકે પણ ભારતને લગભગ ૧ એમબીડી અને યુએઈ એ ૦.૬ એમબીડી ક્રૂડ પૂરું પાડ્યું હતું. એકંદરે ભારતે ફેબ્રુઆરીમાં ૫.૨ એમબીડી ક્રૂડની આયાત કરી

(અનુ. આઠમા પાને)

# લ્યો કરો વાત... ભારત સહિત ૧૬ દેશો અનીતિના વેપાર અને સસ્તી મજૂરી કરી માલ ઠાલવતા હોવાથી અમેરિકા હરકતમાં

## તપાસમાં ભારત, ચીન, યુરોપિયન યુનિયન, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, તાઈવાન અને વિયેતનામ જેવા કુલ ૧૬ મુખ્ય ટ્રેડિંગ પાર્ટનર્સનો સમાવેશ કર્યો



**અબતક, રાજકોટ**

"ઘરની બળે (બાયડી), ત્યારે ગામની બળે"- આ ગુજરાતી કહેવત આજે અમેરિકાની નવી વેપાર નીતિ પર બરાબર ફિટ બેસે છે. જ્યારે પોતાનું નુકસાન થતું દેખાય અથવા પોતાનું ઘર (અર્થતંત્ર) જોખમમાં હોય, ત્યારે માણસ આખા ગામની કે દુનિયાની પરવા કર્યા વગર આકરા નિર્ણયો લેતો હોય છે. અમેરિકાની સુપ્રીમ કોર્ટ દ્વારા ટ્રમ્પના અગાઉના ટેરિફ પ્રોગ્રામને ગેરકાયદેસર ઠેરવ્યા બાદ, સરકારે હવે 'સેકશન ૩૦૧' હેઠળ નવી તપાસ હાથ ધરી છે.

આ તપાસનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકી બજારમાં વિદેશી દેશો દ્વારા કરવામાં આવતા વધારાના ઉત્પાદન અને સસ્તા માલ પર લગામ લગાવવાનો છે.


આ તપાસમાં ભારત, ચીન, યુરોપિયન યુનિયન, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, તાઈવાન અને વિયેતનામ જેવા કુલ ૧૬ મુખ્ય ટ્રેડિંગ પાર્ટનર્સનો સમાવેશ થાય છે. નવાઈની વાત એ છે કે કેનેડાને આ યાદીમાંથી બહાર રાખવામાં આવ્યું છે.

(અનુ. આઠમા પાને)

### કિડનીની સંભાળ, જીવનની સુખાકારી

# કિડનીની તંદુરસ્તી એટલે લાંબા આયુષ્યની ગેરેન્ટીઃ આજે વિશ્વ કિડની દિવસ

## કિડની બગડે ત્યારે શરીરમાંથી ઝેર, વધારાનું પાણી અને કચરો બહાર નિકળતો નથી, કિડનીનું કામ બંધ થઈ જાય એટલે આ બધું લોહીમાં જ રહે છે, જે જીવ માટે જોખમી બની શકે છેઃ એ સમયે ડાયાલિસિસ કરવું પડે છે, કારણ કે તે કૃત્રિમ રીતે લોહી શુદ્ધ કરે છે, અને શરીરને સંતુલિત રાખે છે




આપણા શરીરના દરેક અંગો મહત્વના છે, પણ નાનકડા ફિલ્ટર જેવડી કિડની સાયલેન્ટ હીરો છે. આજે વિશ્વ કિડની દિવસ છે, ત્યારે આપણે તેના વિશે જાણીએ અને તેને સ્વસ્થ રાખવા જીવન શૈલી બદલીએ. આ વર્ષની ઉજવણી થીમ “બધા માટે કિડની આરોગ્યઃ લોકોની સંભાળ રાખવી, ગ્રહનું રક્ષણ કરવું“ છે, જેનો હેતુ કિડનીના સ્વાસ્થ્ય અને કિડનીના રોગના વધતા ભારણ વિશે જાગૃતિ લાવવાના અને કિડની સંભાળની સમાન પહોંચના મહત્વને જ નહીં, પરંતુ કિડની રોગ અને તેના પરિણામો પર પર્યાવરણીય અને ગ્રહ સ્વાસ્થ્યની અસરને ધ્યાનમાં લેવાની જરૂરિયાતને પણ પ્રકાશિત કરે છે. આ ઝુંબેશ એ વાત પર પણ ભાર મૂકે છે કે કિડની રોગ એક મુખ્ય અને વધતો જતો વૈશ્વિક આરોગ્ય પડકાર છે.

કિડની આપણા શરીરમાંથી વિષાક્ત પદાર્થો, વધારાનું પાણી અને લોહીમાં હાજર અશુદ્ધિઓને યુરિન મારફતે દૂર કરવાનું કામ કરે છે. આ મહત્વપૂર્ણ અંગનું કામ અહીં જ પૂર્ણ નથી થતું પણ તે આપણા શરીરમાં પીએચ બેલેન્સ, મીઠું અને પોટેશિયમનું સ્તર જાળવી રાખવામાં મદદ કરે છે. તેવામાં જરૂરી બની જાય છે કે આપણે કિડનીનું ખાસ ધ્યાન રાખવું. કિડની એ માનવ શરીરનું એક અત્યંત મહત્વનું ’ફિલ્ટરેશન પ્લાન્ટ’ છે. જેવી રીતે ઘરના ગંદા પાણીને સાફ કરવા ફિલ્ટરની જરૂર પડે છે, તેવી જ રીતે કિડની લોહીમાંથી બિનજરૂરી કચરો અને ઝેરી તત્વોને પેશાબ વાટે શરીરની બહાર કાઢવાનું કામ કરે છે. તે શરીરમાં પાણી અને ક્ષારો સોડિયમ, પોટેશિયમ નું સંતુલન જાળવી રાખે છે, જે હૃદય અને સ્નાયુઓના યોગ્ય સંચાલન માટે અનિવાર્ય છે.

આ ઉપરાંત, કિડની બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં, લોહીના લાલ કણો (RBC) બનાવવા માટે જરૂરી હોર્મોન્સ ઉત્પન્ન કરવામાં અને હાડકાંની મજબૂતી માટે વિટામિન-ડ઼ ને સક્રિય કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જો કિડની યોગ્ય રીતે કાર્ય ન કરે, તો શરીરમાં ઝેરી પદાર્થો જમા થવા લાગે છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે. કિડની આપણા શરીરમાંથી ઝેરી પદાર્થો અને વધારાનું પાણી બહાર કાઢવાનું મહત્વનું કામ કરે છે. જ્યારે કિડની બગડવાની શરૂઆત થાય છે ત્યારે શરીરમાં કેટલાક લક્ષણો દેખાવા લાગે છે. જેમ કે વારંવાર થાક લાગવો, શરીરમાં ખાસ કરીને પગ અને ચહેરા પર સૂજન આવવું, મૂત્રમાં ફેરફાર થવો (ઘણું ઓછું કે વધુ થવું), મૂત્રમાં ફીણ આવવું કે રંગ ગાઢ થવો આ બધું કિડનીની સમસ્યાનું સંકેત હોઈ શકે છે.

કિડની ખરાબ થતી જાય ત્યારે ભૂખ ઓછું લાગવું, ઉલ્ટી કે મન ઘબરાવું, ચામડીમાં ખંજવાળ થવી અને બ્લડ પ્રેશર વધવું જેવી સમસ્યાઓ પણ દેખાઈ શકે છે. ઘણા લોકોમાં શરૂઆતમાં ખાસ લક્ષણો દેખાતા નથી, તેથી નિયમિત આરોગ્ય ચકાસણી ખૂબ જરૂરી છે. પૂરતું પાણી પીવું, સંતુલિત આહાર લેવો અને વ્યસનોથી દૂર રહેવું કિડનીને સ્વસ્થ રાખવામાં મદદરૂપ બને છે.કિડની સંબંધિત રોગોથી બચવા માટે યોગ્ય જીવનશૈલી અપનાવવાની જરૂરી છે. આજના સમયમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, વ્યસન અને અસંતુલિત આહાર જેવી કારણોસર કિડનીના રોગોમાં વધારો જોવા મળે છે, તેથી સમયસર તપાસ અને જાગૃતિ ખૂબ જરૂરી બની ગઈ છે. ડાયાલિસિસના મુખ્ય બે પ્રકાર છે, હેમોડાયાલિસિસ અને પેરીટોનિયલ ડાયાલિસિસ. હેમોડાયાલિસિસમાં મશીન દ્વારા લોહી બહાર કાઢીને ફિલ્ટર કરવામાં આવે છે અને પાછું શરીરમાં મોકલવામાં આવે છે. પેરીટોનિયલ ડાયાલિસિસમાં પેટની અંદર ખાસ દ્રાવણ નાખીને કચરો બહાર કાઢવામાં આવે છે. આ સારવાર કિડની સંપૂર્ણપણે ઠીક કરી શકતી નથી, પરંતુ દર્દીને જીવતા રહેવા માટે મદદરૂપ બને છે. ડાયાલિસિસ નિયમિત કરાવવું પડે છે, નહીં તો શરીરમાં ઝેર ભરાઈ જવાથી ગંભીર સમસ્યાઓ ઊભી થઈ શકે છે.




કિડનીને સ્વસ્થ રાખવા માટેની તકેદારી રાખવી જરૂરી છે, જેમકે દરરોજ ૮-૧૦ ગ્લાસ પાણી પીવો, શરીરમાં પાણીની ઊણપ ન થવા દો, નારિયેળ પાણી, લીંબુ પાણી ફાયદાકારક છે. મીઠું ઓછું ખાઓ, પ્રોટીન મર્યાદિત માત્રામાં લો, ફળ, શાકભાજી, આખા અનાજ વધારે ખાઓ. જંક ફૂડ, પ્રોસેસ્ડ ફૂડ ટાળો.ખાંડ અને મીઠાઈ ઓછી કરો.દારૂ અને સિગારેટ સંપૂર્ણ બંધ કરો, પેઈનકિલર દવાઓ વારંવાર ન લો, ડોક્ટરની સલાહ વગર કોઈ દવા ન લો. આયુર્વેદિક કે દેશી દવા પણ સાવધાનીથી લેવી જરૂરી છે.નિયમિત વ્યાયામકરો, વજન નિયંત્રણમાં રાખો.બ્લડ પ્રેશર અને શુગર નિયંત્રિત રાખો અને ૭ થી ૮ કલાકની પૂરતી ઊંઘ લો. નિયમિત તપાસમાં વર્ષમાં એકવાર ક્રિએટિનિન અને યુરિયા ટેસ્ટ કરાવો, બ્લડ પ્રેશર નિયમિત ચેક કરો. કિડની ટ્રાન્સપ્લાન્ટ એટલે જ્યારે વ્યક્તિની કિડની સંપૂર્ણ રીતે કામ કરવાનું બંધ કરે ત્યારે તેના શરીરમાં બીજી સ્વસ્થ કિડની સર્જરી દ્વારા મૂકવાની સારવાર.

મોટાભાગના લોકો બે કિડની સાથે જન્મે છે, દરેક કિડની દસ લાખ નાના એકમોમાંથી બનેલી હોય છે, જેને નેફ્રોન તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે નેફ્રોનને નુકસાન થાય છે, ત્યારે તે કામ કરવાનું બંધ કરી દે છે, જેના કારણે બાકીના સ્વસ્થ નેફ્રોન પર સામાન્ય કિડની કાર્ય જાળવવા માટે વધારાનો તાણ પડે છે. જો કે, જો નુકસાન ચાલુ રહે છે, તો બાકીના સ્વસ્થ નેફ્રોન કિડની કાર્ય જાળવવા માટે અપૂરતા બની જાય છે.મહિનાઓ કે વર્ષો દરમિયાન કિડની કાર્યમાં આ ક્રમિક ઘટાડો થાય છે જેને ક્રોનિક કિડની રોગ (CKD) કહેવામાં આવે છે. તે અત્યંત સામાન્ય છે, જેમાં પુખ્ત વસ્તીના ૧૦ માંથી ૧ ને કિડની નુકસાન થાય છે, અને દર વર્ષે લાખો લોકો ઈઊંઉ સંબંધિત ગૂંચવણોથી અકાળે મૃત્યુ પામે છે. કિડની એ જટિલ અને અદ્ભુત અંગો છે જે આપણને સ્વસ્થ રાખવા માટે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કરે છે.તમારી કિડનીનું મુખ્ય કામ તમારા લોહીમાંથી ઝેરી પદાર્થો અને વધારાનું પાણી દૂર કરવાનું છે.

કિડની તમારા બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં, લાલ રક્તકણો ઉત્પન્ન કરવામાં અને તમારા હાડકાંને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે.દરેક કિડની તમારી મુઠ્ઠીના કદ જેટલી હોય છે, જે પેટમાં ઊંડે સુધી, પાંસળીના પાંજરા નીચે સ્થિત હોય છે. તમારી કિડની સોડિયમ અને પોટેશિયમ સહિત ઘણા ખનિજો અને અણુઓના રક્ત પ્રવાહના સ્તરને નિયંત્રિત કરે છે, અને લોહીની એસિડિટીને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. દરરોજ તમારી કિડની તમારા શરીરમાં મીઠા અને પાણીને કાળજીપૂર્વક નિયંત્રિત કરે છે, જેથી તમારું બ્લડ પ્રેશર સમાન રહે.આજે વિશ્વભરમાં ૮૫૦ મિલિયનથી વધુ લોકો કિડની રોગના કોઈને કોઈ સ્વરૂપ સાથે જીવે છે, જે તેને વૈશ્વિક સ્તરે મૃત્યુના મુખ્ય કારણોમાંનું એક બનાવે છે, છતાં અન્ય ક્રોનિક રોગોની તુલનામાં જાહેર જાગૃતિ ઓછી છે. કારણ કે કિડની ઘણીવાર પીડા કે સ્પષ્ટ લક્ષણો વિના ચુપચાપ નિષ્ફળ જાય છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

### કિડની વિશે જાણવા જેવું

કિડની શરીરનું મહત્વનું અંગ છે જે લોહીને સાફ કરી પેશાબ બનાવે છે. તેમાં બે બીન આકારની કિડની હોય છે, જે પેટમાં પાછળના ભાગમાં આવેલી હોય છે. કિડની કાજુ જેવી દેખાય છે, લંબાઈ ૧૦ સેમી, પહોળાઈ ૫ સેમી અને જાડાઈ ૪ સેમી હોય છે. તેનું વજન ૧૫૦થી ૧૭૦ ગ્રામ હોય છે. મુખ્ય કાર્યો લોહીમાંથી ઝેરી પદાર્થો કાઢી પેશાબ બનાવે છે. શરીરમાં પાણી અને ખનીજ પદાર્થોનું સંતુલન રાખે છે. બ્લડ પ્રેશર નિયંત્રિત કરે, લાલ રક્તકણો બનાવે અને વિટામિન ડી તૈયાર કરે છે. કિડની દરરોજ હજારો લિટર લોહી ફિલ્ટર કરે છે અને વધારાનું પાણી-કચરો મૂત્રમાંથી બહાર કાઢે છે. તે આપણા શરીરનું સુપર કોમ્પ્યુટર કહેવાય છે, કારણ કે તેનું કાર્ય જટિલ છે.

---

# ધારી, મોણવેલ, જીરા અને ચલાલા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન

## આજથી ૧૮ માર્ચ સુધી સરકારી યોજનાઓનો લાભ લેવા તંત્રનો અનુરોધ : આધાર કાર્ડથી લઈ પશુ સારવાર સુધીની સુવિધાઓ ઉપલબ્ધ થશે

**અબતક મેહુલ ત્રિવેદી ધારી**

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજ્યની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને વહીવટમાં પારદર્શકતા લાવવાના હેતુથી ધારી તાલુકામાં ’સેવાસેતુ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દ્વારા લોકોના વ્યક્તિગત પ્રશ્નો અને વિવિધ સેવાઓનો ઉકેલ તેમના રહેઠાણની નજીક જ આવે તેવો ઉમદા પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ધારી તાલુકાના મામલતદાર દ્વારા સમગ્ર તાલુકાના નાગરિકોને આ પ્રજાલક્ષી અભિયાનનો બહોળી સંખ્યામાં લાભ લેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. આ સેવાસેતુ કેમ્પમાં નાગરિકોને આધાર કાર્ડ, રેશન કાર્ડ, આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો, નોન-ક્રીમીલેયર, અને દિવ્યાંગતા તેમજ સિનિયર સિટીઝન પ્રમાણપત્રો જેવી પાયાની સેવાઓ સ્થળ પર જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, આરોગ્ય લક્ષી પીએમજેએવાય કાર્ડ, અટલ પેન્શન યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, કુંવરબાઈનું મામેરું, તેમજ વિધવા અને વૃદ્ધ સહાય જેવી વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓનું માર્ગદર્શન અને લાભ પણ ઓનલાઈન તથા ઓફલાઈન માધ્યમથી પાત્રતા ધરાવતા અરજદારોને પૂરો પાડવામાં આવશે.

સેવાસેતુ કાર્યક્રમના સમયપત્રક મુજબ, તા. ૧૨/૦૩/૨૦૨૬ ના રોજ મોણવેલ પ્રાથમિક શાળા ખાતે અને ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ ધારી નગરપાલિકા વિસ્તાર માટે તાલુકા પંચાયત કચેરી ખાતે કેમ્પ યોજાશે. ત્યારબાદ, તા. ૧૭/૦૩/૨૦૨૬ ના રોજ જીરા પ્રાથમિક શાળા અને ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ચલાલા નગરપાલિકા તેમજ મીઠાપુર ડુંગરી વિસ્તાર માટે ચલાલા કુમાર શાળા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં પશુઓ માટેની મેડિસિન સારવાર, રસીકરણ અને કૃત્રિમ બીજદાન જેવી સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકાઓમાં કાલે મિલેટ મેળો યોજાશે

## મિલેટ મેળામાં જોડાવવા લોકોને ખેતીવાડી અધિકારીનો અનુરોધ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકાઓમાં તા.૧૩મી માર્ચના રોજ મિલેટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત તાલુકા કક્ષાના મિલેટ મેળો-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આસામના ગુવાહાટી ખાતેથી ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન યોજનાનો ૨૨મો હપ્તો જમા કરાવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.

જિલ્લામાં ભેસાણ તાલુકાનો મિલેટ મેળો કથિરીયા સમાજ વાડી-છોડવડી, તેવી જ રીતે કેશોદનો કાર્યક્રમ શ્રી પેથલજી ચાવડા આહીર સમાજ, જૂનાગઢનો પટેલ સમાજ વાડી-વડાલ, માણાવદરનો કાર્યક્રમ સોરઠીયા આહીર સમાજ ખાતે યોજાશે. માળિયા તાલુકામાં રામ પ્રાકૃતિક ફાર્મ-ગળોદર, મેંદરડા તાલુકાનો કાર્યક્રમ પટેલ સમાજ-ગઢાળી, માંગરોળમાં લેઉવા પટેલ સમાજ-દિવરાણા, વંથલીમાં પટેલ સમાજ-થાણાપીપળી અને વિસાવદર તાલુકામાં પટેલ સમાજ-સુખપુર ખાતે આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તમામ ૯ સ્થળોએ ૧૩મી માર્ચના રોજ એકસાથે મેળાનું આયોજન થશે, જ્યાં ખેડૂતોને અન્ન (મિલેટ) ના વાવેતર અને તેના સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ વિશે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં જોડાવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે.

### કાર્યક્રમોની યાદી


અબ તક CHANNEL

**તારીખ ૧૨-૦૩-૨૦૨૬ ગુરુવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
- ૦૨:૦૦ થી ૦૨:૧૫ સ્પે.સ્ટોરી (વર્લ્ડ કિડની ડે)
- ૦૨:૧૫ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (પારસ પાંધી)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ પોડકાસ્ટ (ડો.પ્રદીપ કણસાગરા)
- ૦૩:૩૦ થી ૦૬:૩૦ “આશાએ ખીલે દિલ કી” વાર્ષિક મહોત્સવ ૨૦૨૬ (નિધિ સ્કુલ) લાઈવ
- ૦૬:૩૦ થી ૦૭:૦૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૩-૦૩-૨૦૨૬ શુક્રવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરીબાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




### તા.૧૩-૩-૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ દશમ વૃધ્ધિ તિથિ
**નક્ષત્ર** પૂર્વાષાઢા
**યોગ** વ્યતિપાત **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૫૯ **સુર્યાસ્તઃ** ૭.૫૪
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# શાપરમાં સેવાસેતુ કાર્યક્રમમાં રજુ થયેલા ૫૧ પ્રશ્નોનો સુખદ ઉકેલ

## રાશન કાર્ડ, આધાર કાર્ડ, આવકના દાખલાની સુવિધા એક છત નીચે મળતા અરજદારો રાજી




**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**

કોટડા સાંગાણીના શાપરના જીલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલ સેવા સેતુમાં રજુ થયેલ તમામ ૫૧ પ્રશ્નનો સુખદ અંત લાવતા અરજદારોમાં સંતોષની લાગણી પ્રવર્તી છે.

સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ સરકારી કચેરીઓ દ્વારા કુલ ૫૧ જેટલી લોકસેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ તમામ સેવાઓનું સ્થળ ઉપર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું, જેનાથી સ્થાનિક લોકોના સમય અને શક્તિનો બચાવ થયો હતો.

કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે નીચે મુજબના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધર્મેશભાઈ જિલ્લા પંચાયત સદસ્ય,જતીનભાઈ તાલુકા ભાજપ પ્રમુખ, કિશોરસિંહ તથા યુવરાજભાઈ મહામંત્રીઓ, જયેશભાઈ કાકડીયા સરપંચ, શાપર અશ્વિનભાઈ ગઢીયા ઉપપ્રમુખ , તાલુકા પંચાયત બાબુલાલ ગઢીયા પૂર્વ સરપંચ વહીવટી તંત્રના વિવિધ અધિકારીઓ અને કર્મચારીઓએ ખડેપગે રહીને લોકોને પડતી મુશ્કેલીઓનું નિવારણ કર્યું હતું.

શાપર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોએ આ કાર્યક્રમમાં બોહોળી સંખ્યામાં અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. રેશનકાર્ડ, આધાર કાર્ડ, આવકના દાખલા સહિતની વિવિધ સેવાઓનો લાભ લોકોએ એક જ છત નીચે મેળવતા વહીવટી તંત્રની આ કામગીરીને બિરદાવી હતી.

### સૂડોકુ -૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૭ | ૫ | |
| ૯ | | | ૫ | | | | | ૨ |
| | ૨ | | ૮ | | | ૯ | | |
| ૩ | | | | | | | | ૪ |
| ૧ | | | ૩ | | ૬ | ૫ | | |
| | | | | | ૧ | | | ૬ |
| | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | ૧ | | |
| ૨ | ૫ | | ૬ | | ૮ | | ૭ | |
| | | | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૭૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૮ | ૧ | ૯ | ૨ | ૫ | ૪ | ૬ |
| ૯ | ૧ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ | ૨ | ૭ |
| ૪ | ૨ | ૬ | ૫ | ૭ | ૩ | ૯ | ૧ | ૮ |
| ૭ | ૬ | ૨ | ૪ | ૩ | ૮ | ૧ | ૯ | ૫ |
| ૫ | ૩ | ૯ | ૨ | ૧ | ૭ | ૮ | ૬ | ૪ |
| ૧ | ૮ | ૪ | ૯ | ૫ | ૬ | ૭ | ૩ | ૨ |
| ૮ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૬ | ૫ | ૯ |
| ૨ | ૫ | ૩ | ૭ | ૬ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૭ | ૩ |

### આવતીકાલનું રાશિફળ

**તા.૧૩.૩.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ દશમ, પૂર્વાષાઢા નક્ષત્ર, વ્યતિપાત યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**વૃષભ** (બ,વ,ઉ) : પરિવાર માટે વિચારવા નો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.
**મિથુન** (ક,છ,ઘ) : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.
**કર્ક** (ડ,હ) : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.
**સિંહ** (મ,ટ) : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**કન્યા** (પ,ઠ,ણ) : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.
**તુલા** (ર,ત) : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.
**વૃશ્ચિક** (ન,ય) : જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો,પોઝિટિવ વિચારોથી લાભ થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.
**મકર** (ખ,જ) : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.
**કુંભ** (ગ,સ,શ) : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે,ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.
**મીન** (દ,ચ,ઝ,થ) : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.


### બારમી રાશિ હોસ્પિટલ જેલ અને આઈસોલેશન બતાવે છે

તા.૧૫ માર્ચ ૨૦૨૬ના ગ્રહોના રાજા સૂર્ય મહારાજ ગુરુના ઘર ની મીન રાશિમાં પ્રવેશ કરશે જ્યાં શનિ સાથે યુતિમાં આવશે. સૂર્ય જળતત્વની મીન રાશિમાં જવાથી દરિયામાં હલચલ વધશે અને દરિયાને લગતી બાબતો પશ્નો ને ચાંચિયાગીરી સામે આવશે તો જહાજોને લઈ ને અત્યારે પણ પ્રશ્નો ચાલી રહ્યા છે વળી દરિયામાં યુદ્ધ જેવી સ્થિતિ જોવા મળશે અને દરિયાઈ સીમાઓ બાબતે પણ વિવાદ જોવા મળશે તો બીજી તરફ હાલ ગોચર ગ્રહોનો વિચાર કરીએ તો સૂર્ય એટલે કે રાજા જળતત્વમાં જાય છે અને બારમી રાશિ હોસ્પિટલ જેલ અને આઈસોલેશન બતાવે છે તો ક્યાંય પ્રતાપી દિગ્ગજ વ્યક્તિની ઈનિંગ પૂર્ણ થતી પણ બતાવે છે જેથી દિગ્ગજ લોકો જેલયાત્રા કરતા હોસ્પિટલમાં જતા કે આઈસોલેશન માં જતા કે ઈનિંગ પુરી કરતા જોવા મળે તો ગઈકાલે મીડિયામાં લખ્યા મુજબ યુદ્ધમાં ઈરાનના હજુ તખ્તે નશીન થયેલા મોજેતબા ખોમોની અંગત વ્યકક્તિની જાસૂસીનો ભોગ બનતા જોવા મળે અને તેમના પર પણ ઈઝરાયેલ અને અમેરિકા હુમલા કરે તેવી બાબતો સામે આવે. સૂર્ય મીનમાં આત્મવિશ્વાસમાં કમી બતાવે છે માટે આ સમયમાં હોસ્પિટલ માં દર્દીઓની કોઈ ને કોઈ રીતે મદદ કરવી જોઈએ વળી આ સમયમાં જ્ઞાન અને અધ્યાત્મ પાછળ તન મન ધનથી લાગવું જોઈએ.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# વિશ્વ કિડની દિવસઃ "સ્વસ્થ કિડની સર્વ માટે"ના સંકલ્પ સાથે વૈશ્વિક જનજાગૃતિનું અભિયાન




## વરિષ્ઠ નેફ્રોલોજીસ્ટ ડો.સંજય પંડ્યા પ્રેરિત 'કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન' દ્વારા ૪૦ ભાષાઓમાં નિ:શુલ્ક માર્ગદર્શન અને જલારામ હોસ્પિટલને ડાયાલિસિસ મશીનોનું અર્પણ



જલારામ હોસ્પિટલને હિમોડાયાલિસિસ મશીનો અર્પણ કરતા ડોક્ટર સંજય પંડયા

:રિપોર્ટરઃ
અંજલી સોરઠીયા
કેમેરામેનઃ હર્ષ ઝીંઝુવાડીયા
અંબતક, રાજકોટ

વિશ્વભરમાં કિડનીના રોગોના વધતા વ્યાપને ધ્યાને રાખીને ૧૨ માર્ચ, ૨૦૨૬, ગુરુવારના રોજ 'વિશ્વ કિડની દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષનું સૂત્ર ''સ્વસ્થ કિડની સર્વ માટે - લોકોની સંભાળ, પૃથ્વીની સુરક્ષા'' રાખવામાં આવ્યું છે. આ અવસરે રાજકોટના જાણીતા કિડની રોગ નિષ્ણાત ડો. સંજય પંડ્યા અને તેમના 'કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન' દ્વારા કિડની બચાવવા માટે વૈશ્વિક સ્તરે જનજાગૃતિની એક નવી મિશાલ કાયમ કરવામાં આવી છે.

વિશ્વભરમાં વધતા કિડની રોગો અંગે જનજાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે ઉજવાતા વિશ્વ કિડની દિવસની ઉજવણી આ વર્ષે ૧૨ માર્ચ, ૨૦૨૬ના ગુરુવારે સ્વસ્થ કિડની સર્વ માટે - લોકોની સંભાળ, પૃથ્વીની સુરક્ષા સ્લોગન સાથે કરવામાં આવી રહી છે. કિડનીના રોગો અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાજકોટના વરિષ્ઠ નેફ્રોલોજીસ્ટ ડો. સંજય પંડયાએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં કિડનીના રોગોનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે અને આ એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે.

ડો. પંડયાના જણાવ્યા મુજબ વિશ્વમાં અંદાજે ૮૫ કરોડથી વધુ લોકો કોઈને કોઈ પ્રકારના કિડની રોગથી પીડાઈ રહ્યા છે. દર દસમાંથી એક વ્યક્તિને કિડનીની સમસ્યા થવાનો ભય રહે છે, પરંતુ ચિંતાજનક બાબત એ છે કે લગભગ ૯૦ ટકા લોકોને પોતાના રોગ અંગે જાણ જ નથી હોતી. કિડનીના ઘણા રોગો શરૂઆતમાં કોઈ ખાસ લક્ષણ આપતા નથી અને મોટાભાગે ત્યારે જ જાણવા મળે છે જ્યારે કિડની ૮૦ થી ૯૦ ટકા સુધી બગડી ગઈ હોય. તેથી કિડનીના રોગોને 'સાયલન્ટ કિલર' તરીકે ઓળખવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે સમયસર જાગૃતિ અને નિયમિત તપાસ દ્વારા કિડનીના રોગોનું વહેલું નિદાન શક્ય છે. જો સમયસર તપાસ કરવામાં આવે તો કિડનીને ગંભીર નુકસાન થવાથી બચાવી શકાય છે અને ડાયાલિસિસ અથવા કિડની ટ્રાન્સપ્લાન્ટ જેવી ખર્ચાળ અને કઠિન સારવારની જરૂરિયાત પણ ટાળી શકાય છે.

કિડનીના રોગોથી બચવા માટે ડો. પંડયાએ કેટલીક સરળ પરંતુ મહત્વપૂર્ણ સલાહ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ વર્ષમાં ઓછામાં ઓછું એક વખત બ્લડ પ્રેશર ચેક કરાવવું, લોહીમાં ક્રીએટીનિનની તપાસ કરાવવી અને પેશાબમાં પ્રોટીનની તપાસ કરાવવી જોઈએ. આ ત્રણ સામાન્ય તપાસ કિડનીના રોગના વહેલા નિદાન માટે ખૂબ જ ઉપયોગી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તંદુરસ્ત જીવનશૈલી કિડનીને સુરક્ષિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નિયમિત કસરત કરવી, પોષણયુક્ત આહાર લેવો, યોગ્ય વજન જાળવવું અને ખોરાકમાં મીઠું, ખાંડ, ઘી-તેલ અને ફાસ્ટફૂડનું પ્રમાણ ઓછું રાખવું જરૂરી છે. સાથે સાથે ડાયાબિટીસ અને બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવું કિડનીને નુકસાનથી બચાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તંદુરસ્ત વ્યક્તિએ પૂરતું પાણી પીવું, તમાકુ, ગુટકા, માવા અને દારૂ જેવી આદતોનો ત્યાગ કરવો અને ડોક્ટરની સલાહ વગર દવાઓ ખાસ કરીને દુખાવાની દવાઓ લેવી ટાળવી જોઈએ.

વિશ્વભરમાં કિડની અંગે જાગૃતિ ફેલાવવા માટે કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા www. Kidney Education. com નામની વેબસાઈટ શરૂ કરવામાં આવી છે, જેમાં કિડનીના રોગો અંગે સંપૂર્ણ માહિતી ૪૦ ભાષાઓમાં ઉપલબ્ધ છે. રાજકોટના ડો. સંજય પંડયા તથા વિશ્વના ૨૪ દેશોના ૧૦૦થી વધુ કિડની નિષ્ણાતોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વેબસાઈટ વિશ્વભરના લોકો માટે ખૂબ ઉપયોગી બની રહી છે.

આ વેબસાઈટ પર તમારી કિડની બચાવો નામનું લગભગ ૨૦૦ પાનાનું પુસ્તક પણ ૪૦ ભાષાઓમાં નિ:શુલ્ક ઉપલબ્ધ છે, જેને કોઈપણ વ્યક્તિ ડાઉનલોડ કરી શકે છે અથવા વ્હોટસએપ દ્વારા પણ મેળવી શકે છે. અત્યાર સુધી આ વેબસાઈટને ૧૦ કરોડથી વધુ હિટ્સ મળી ચૂક્યા છે અને લાખો લોકોએ પુસ્તક ડાઉનલોડ કરીને તેનો લાભ લીધો છે. વિશ્વમાં એક જ વેબસાઈટ પર સૌથી વધુ ભાષાઓમાં કિડની અંગે માહિતી ઉપલબ્ધ કરાવવાના યોગદાન બદલ આ વેબસાઈટને વર્લ્ડ રેકોર્ડ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવી છે.

વિશ્વ કિડની દિવસ નિમિત્તે રાજકોટની જલારામ હોસ્પિટલ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. સંજય પંડયાએ દર્દીઓ અને નાગરિકોને કિડનીના રોગોથી બચવા માટેની કાળજી, વહેલી તપાસ અને યોગ્ય સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જલારામ હોસ્પિટલમાં કિડનીના દર્દીઓની સારવાર વધુ સુવિધાજનક બને તે માટે નવ હિમોડાયાલિસિસ મશીનો દાનમાં આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ મશીનો સ્વ. વિમલાબેન દિનેશભાઈ કોઠારી, સ્વ. ભાનુમતીબેન રમેશચંદ્ર રાચ્છ, સ્વ. નરેશભાઈ કરસનદાસ પાબારીના સ્મરણાર્થે તેમજ અજયભાઈ કારિયા (ઈ.પી.પી. કોમ્પોસાઈટ્સ પ્રા. લિ.) અને જી.ટી. રોઠ મેડિકલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યા હતા.


વિશ્વભરમાં કિડની અંગે જ્ઞાન ફેલાવવાની સાથે ડો. સંજય પંડયાએ પોતે પણ ત્રણ ડાયાલિસિસ મશીનો જલારામ હોસ્પિટલને અર્પણ કરીને દર્દીઓની સેવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમનું આ યોગદાન તબીબી ક્ષેત્ર માટે પ્રેરણારૂપ અને અનુકરણીય ગણવામાં આવી રહ્યું છે.

લોહીમાં ફિકાશ આવવી (એનિમિયા), લાલ પેશાબ આવવો, વારંવાર પેશાબ જવું પડવું, પેશાબમાં બળતરા થવી અને પીઠમાં દુખાવો થવો.

વધારે માહિતી આપતા ડો.સંજય પંડ્યા એ જણાવ્યું કે ડાયાબિટીસ એ કિડની બગાડવાનું એક નંબરનું કારણ છે. શરૂઆતના તબક્કામાં ડાયાબિટીસને લીધે કિડની પર થતી અસરના કોઈ જ ચિહ્નો જોવા મળતા નથી. તેથી ડાયાબિટીસના દરેક દર્દીએ આ મુજબની સાવચેતી રાખવી જોઈએ. જેમકે દર બે-ત્રણ મહિને બ્લડ સુગર ચેક કરાવવું અને ડાયાબિટીસ કાબુમાં રાખવો. બ્લડ પ્રેશર નિયમિત મપાવવું અને તે ૧૨૦ ની આસપાસ રહેવું જોઈએ. દર વર્ષે, કોઈ જ તકલીફ ન હોય તેમ છતાં, કિડનીનો ટેસ્ટ કરાવવો. જેમાં બ્લડ પ્રેશર મપાવવું, લોહીમાં ક્રિએટીનીનનો ટેસ્ટ અને ખાસ કરીને પેશાબમાં પ્રોટીનની સચોટ તપાસ કરાવવી

### કિડનીના રોગોના લક્ષણો

પેશાબ ઓછો થવો અને શરીરમાં પાણી ભેગું થવાથી સોજા આવવા. સવારે આંખની નીચે સોજા હોવા એ કિડની રોગની સૌપ્રથમ નિશાની હોઈ શકે. શરીરમાં કચરો (યુરિયા, ક્રિએટીનીન) વધે એટલે ભૂખ ઓછી લાગવી, ઉલટી અને ઉબકા આવવા. શરીરમાં પાણી વધવાને કારણે શ્વાસ ચડવો. સામાન્ય રીતે બ્લડ પ્રેશર ૩૫-૪૦ વર્ષે જોવા મળે છે. પરંતુ જો નાની ઉંમરે હાઈ બ્લડ પ્રેશર આવે, નિદાન વખતે જ પ્રેશર ૨૦૦/૧૨૦ જેટલું ઊંચું હોય, અથવા ઘણી દવાઓ લેવા છતાં પ્રેશર કાબુમાં ન આવે, તો તે કિડનીની તકલીફની નિશાની હોઈ શકે છે.




### ડો. સંજય પંડ્યાના મતે કિડની બચાવવા માટેના ઉપાયો


નિયમિત કસરત કરો, પૌષ્ટિક આહાર અને વજન પર નિયંત્રણ કરવો જોઈએ, દિવસનું ૨ થી ૩ લીટર પાણી પીવું જોઈએ. ધૂમ્રપાન અને તમાકુનો ત્યાગ કરવો. ડોક્ટરની સલાહ વગર દવા ન લેવી. ૪૦ વર્ષ પછી દર વર્ષે રૂટીન ચેકઅપ કરાવવો જોઈએ. પેશાબમાં ફેરફાર કે સોજા જણાય તો તુરંત જ તપાસ કરવી લેવી.

**કિડની છે શરીરની કુદરતી ગળણી, એની રક્ષા એ જ ઉત્તમ કરણી!**

# વર્લ્ડ કિડની ડેઃ 'કિડનીની તંદુરસ્તી દરેક માટે, દરેક જગ્યાએ'-જાણો કેવી રીતે રાખશો તમારી કિડની સુરક્ષિત

## રાજકોટના જાણીતા યુરોલોજિસ્ટ ડો. પ્રદીપ કણસાગરાએ કિડનીના રોગોથી બચવા અને ડાયાબિટીસ-બીપીને નિયંત્રણમાં રાખવા આપી ખાસ

## ઓછું ખાશો, વધુ જીવશો-કિડનીને તંદુરસ્ત રાખવાનો આ જ છે કીમિયોઃ ડો. પ્રદીપ કણસાગરા



રિપોર્ટર : અંજલી સોરઠીયા
કેમેરામેન : હર્ષ ઝીંઝુવાડીયા

### કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ડાયાલિસિસ અંગે ભ્રમણા

ઘણા લોકો માને છે કે એક કિડની પર જીવન મુશ્કેલ છે, પરંતુ ડોક્ટરે સ્પષ્ટતા કરી કે, ''માણસ અડધી કિડની પર પણ આરામથી નોર્મલ જીવન જીવી શકે છે.'' તેમણે કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ડાયાલિસિસની આધુનિક સુવિધાઓ વિશે વાત કરતા કહ્યું કે, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ જેવી સંસ્થાઓમાં કોર્પોરેટ જેવી સુવિધાઓ સેવાકીય દરે ઉપલબ્ધ છે.

**અબતક,રાજકોટ**

દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારને વિશ્વભરમાં 'વર્લ્ડ કિડની ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષની થીમ 'કિડનીની તંદુરસ્તી દરેક વ્યક્તિ માટે અને દરેક જગ્યાએ' રાખવામાં આવી છે. આ નિમિત્તે રાજકોટનું ગૌરવ અને જાણીતા યુરોલોજિસ્ટ ડો. પ્રદીપ કણસાગરાએ કિડનીના સ્વાસ્થ્ય અંગે ઊંડી સમજણ આપતા જણાવ્યું હતું કે, બદલાતી જીવનશૈલીમાં કિડનીનું જતન કરવું એ હૃદય જેટલું જ અનિવાર્ય છે.

કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ડાયાલિસિસ અંગે ભ્રમણા ઘણા લોકો માને છે કે એક કિડની પર જીવન મુશ્કેલ છે, પરંતુ ડોક્ટરે સ્પષ્ટતા કરી કે, ''માણસ અડધી કિડની પર પણ આરામથી નોર્મલ જીવન જીવી શકે છે.'' તેમણે કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ડાયાલિસિસની આધુનિક સુવિધાઓ વિશે વાત કરતા કહ્યું કે, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ જેવી સંસ્થાઓમાં કોર્પોરેટ જેવી સુવિધાઓ સેવાકીય દરે ઉપલબ્ધ છે.

ડોક્ટરની સલાહ વગર પેઈનકિલર્સ (દુખાવાની દવા) લેવી કિડની માટે જીવલેણ સાબિત થઈ શકે છે. વર્ષમાં એકવાર બીપી, ક્રિએટીનાઈન અને પેશાબમાં પ્રોટીનની તપાસ કરાવવી જોઈએ.

બિનજરૂરી વજન ઘટાડવાની દવાઓથી દૂર રહી કુદરતી રીતે ફિટ રહેવું. કિડની એ શરીરની કુદરતી ગળણી છે જે લોહી શુદ્ધ કરવા ઉપરાંત બ્લડ પ્રેશર અને કેલ્શિયમનું સ્તર પણ જાળવે છે. 'વર્લ્ડ કિડની ડે' પર આપણે સંકલ્પ કરીએ કે નિયમિત તપાસ અને યોગ્ય આહાર દ્વારા આ 'અદભૂત અને અનિવાર્ય' અંગનું જતન કરીશું. ડો. પ્રદીપ કણસાગરાની સેવાયાત્રાનો સૌથી મોટો સંતોષ એવોર્ડ કે મેડલ નથી, પણ એ દર્દીઓ છે જે બી.ટી. સવાણી કિડની હોસ્પિટલમાં અત્યંત પીડા અને લાચારી સાથે આવે છે. કિડનીની બીમારી માત્ર શરીરને જ નહીં, પણ ગરીબ દર્દીના ખિસ્સાને પણ તોડી નાખતી હોય છે. આવા સમયે આ હોસ્પિટલ તેમના માટે માત્ર હોસ્પિટલ નહીં, પણ એક 'મંદિર' બની જાય છે. અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે જ્યારે કોઈ દર્દી સાજો થઈને હસતા મુખે વિદાય લે છે અને આશીર્વાદ આપે છે, ત્યારે એ સંતોષની તોલે અમેરિકાનો કોઈ 'પ્રેસિડેન્ટ એવોર્ડ' પણ આવી શકતો નથી. આજે જ્યારે અમેરિકામાં વસતા ભારતીયો પણ ડોક્ટરને મળીને કહે છે કે, ''સાહેબ, તમારી હોસ્પિટલમાં અમારા સગાં સારવાર લઈ આવ્યા અને તેઓ બહુ રાજી થયા,'' ત્યારે આ સંસ્થાનો હેતુ ખરા અર્થમાં સાર્થક થાય છે.

### ડાયાબિટીસ રિવર્સલ અને જીવનશૈલીમાં ફેરફાર

પોતાના વ્યક્તિગત અનુભવ વિશે વાત કરતા ડોક્ટરે જણાવ્યું કે, માત્ર ખાવા-પીવાની પરેજી અને નિયમિત કસરત દ્વારા ડાયાબિટીસને રિવર્સ કરી શકાય છે. તેમણે 'બ્રીધેરિયન' (Breatharian) કન્સેપ્ટનો ઉલ્લેખ કરી સમજાવ્યું કે ઓછું ખાવાથી સ્ફૂર્તિ વધે છે. યોગ અને સ્ટ્રેન્થ ટ્રેનિંગ સ્નાયુઓને મજબૂત કરી ઈન્સ્યુલિન સેન્સિટિવિટી વધારે છે, જે કિડનીને પરોક્ષ રીતે સુરક્ષિત રાખે છે.

### કિડની બગડવાના મુખ્ય કારણો અને લક્ષણો

ડો. કણસાગરાના જણાવ્યા અનુસાર, કિડની ફેલ થવાના ૭૨ થી ૭૫ ટકા કિસ્સાઓમાં ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર મુખ્ય જવાબદાર હોય છે. કિડનીના રોગોના લક્ષણો શરૂઆતમાં જલ્દી દેખાતા નથી, પરંતુ જો નીચે મુજબના ફેરફાર જણાય તો સાવધ રહેવું જોઈએ.

* શરીરમાં અશક્તિ અને નબળાઈ લાગવી.
* આંખની આસપાસ કે પગમાં સોજા આવવા.
* ભૂખ ઓછી લાગવી અથવા ઉલટી જેવું મન થવું.
* પેશાબમાં ફેરફાર થવો (ઓછો આવવો કે લાલ રંગનો આવવો).

# સોમનાથઃ સતીકુંવર ટ્રસ્ટના આરોગ્ય કેમ્પનો ૧૦૦૦થી વધુ ભાવિકોએ લીધો લાભ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મીનાબા જાદવને શુભેચ્છા પાઠવી બિરદાવ્યા

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ મહાદેવ મંદિર મહા શિવરાત્રી પર સ્વ.પુનમબેન સોની સ્વ.અરવિંદભાઈ પ્રભુદાસભાઈ સતીકુવર પ્રેરીત સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ અધ્યક્ષ મીનાબા આર જાદવના અધ્યક્ષ સ્થાને મળેલી આરોગ્ય ચકાસણી કેમ્પમાં હાજર રહેલા નિષ્ણાત મલ્ટી સ્પેશીયલ તબીબી ટીમ ડો.ડી.કે.બારડ સાંગાણી હોસ્પિટલના હદય સ્પેશિયલ તબીબી ડો.મિતૃલ ભાલોડીયા સહીત અન્ય ટીમ સાથે આરોગ્ય ચકાસણી કેમ્પનો લાભ ૧૦૬૩ યાત્રાળુઓને માટે શ્રેષ્ઠ આશીર્વાદ સમાન સુવિધાઓ ઉપલબ્ધ થયેલી જે બાબતે ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા નોંધ લેવામાં આવી અને મીનાબા આર જાદવને શુભેચ્છા સંદેશ પાઠવી શુભકામના સાથે સાર્થક કરતા આરોગ્યની શ્રેષ્ઠ ફરજ

સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત સર્વ રોગ નિદાન કેમ્પ માટે અભિનંદન હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**SLRs/VPs ના લીઝિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

SLR/VP ના લીઝિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવેલ છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ ઓનલાઈન પ્રકાશિત થઈ ગયેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે

| કેટલોગ નંબર અને તારીખ | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નંબર | કોન્ટ્રાક્ટ સમયગાળો |
|---|---|---|---|
| E-SLR-RJT-16-26, તારીખ:10/03/2026 | Leasing of SLR/VP | 1) 16734-SLR-R1, 2)) 22937-SLR-F1, 3) 22908-SLR-R1, 4) 22960-SLR-R1, 5) 22937-SLR-R1, 6) 22905-22906-VP-1, | 03 વર્ષ |

લોટ શરૂ થવાની તારીખ અને સમય: બધા લોટ માટે ઈ-ઓક્શન 25-03-26 ના રોજ 11:15 કલાકે શરૂ થશે. ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - વાણિજ્યિક હેઠળ www.ireps.gov.in (ઈ-હરાજી લીઝિંગ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

RJT 211

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**જાહેર નિવિદા**

ગોંડલ નગરપાલિકાની જન્મ-મરણ શાખા માટે બુક સ્કેનર નીચે મુજબની કંપનીનું જોઈતું હોઈ રસ ધરાવતા વેપારીશ્રીઓએ નીચે દર્શાવેલ કંપનીના બુક સ્કેનરના ભાવ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિવસ-૫(પાંચ)માં નગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ /કુરીયરથી મોકલી આપવા.

ફૂજીત્સુ(FUJITSU) A3 બૂક સ્કેનર નંગ -૧(એક) નાં ભાવ તમામ ટેક્ષ સાથેના નગરપાલિકા કચેરીએ પહોચતાના ઈંસ્ટોલેશન કરી આપવા સહિતના મોકલી આપવા.

ઉપરોક્ત કંપની સિવાયના કોઈપણ ભાવ માન્ય રાખવામાં આવશે નહિ. આવેલ ભાવ પૈકી કોઈપણ ભાવ મંજુર કે નામંજૂર કરવાનો અધિકાર ગોંડલ નગરપાલિકાનો અબાધિત રહેશે.જેની ખાસ નોંધ લેવી.

નોંધ :- કવર ઉપર બુક સ્કેનરના ભાવ તેમ સ્પષ્ટ શબ્દોમાં જણાવવું.

ગોંડલ નગરપાલિકા

માહિતી -રાજ-૧૯૫૨-૨૫-૨૬

-: વાંકાનેર નગરપાલિકા કચેરી :-
-:: જાહેર નિવિદા ::-

જા.નં.........                                    તા....../......./૨૦૨૬

"વાંકાનેર નગરપાલિકાને Water+ તરીકે નગરપાલિકા જાહેર કરવા જોગ"

પ્રતિભાવ/મુદાઓ/વાંધા સુચનાઓ મંગાવવા બાબત.

ભારત સરકારશ્રીના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયશ્રી દ્વારા Water+ અંતર્ગત વાંકાનેર નગરપાલિકાનો સર્વે હાથ ધરવામાં આવનાર છે. વાંકાનેર નગરપાલિકા વિસ્તારની જનતાને આથી સુચીત કરવામાં આવે છે કે વાંકાનેર નગરપાલિકા દ્વારા Water+ જાહેર કરવા સારૂ નગરપાલિકાના, ચીફ ઓફિસરશ્રીના ડિક્લેરેશન મેળવવામાં આવેલ છે. તેમજ વાંકાનેર નગરપાલિકા વિસ્તારને Water+ જાહેર કરવા સારૂ પ્રાથમિક ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે વાંકાનેર નગરપાલિકા વિસ્તારને Water+ જાહેર કરવા પ્રતિભાવ/મુદ્દાઓ/સુચનો દિન-૧૫ (પંદર) માં વાંકાનેર નગરપાલિકા કચેરીએ લેખીતમાં રજુ કરવા વિનંતી છે.

ડીમ્પલબેન એચ.સોલંકી, પ્રમુખ, વાંકાનેર નગરપાલિકા
માહિતી -રાજ-૧૯૫૦-૨૫-૨૬
ધવલ વેકરીયા, મુખ્ય અધિકારી, વાંકાનેર નગરપાલિકા

તંત્રી લેખ

# અમેરિકામાં રિલાયન્સની ભાગીદારીની રિફાઈનરી ભારત માટે ગૌરવની ક્ષણ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક ઐતિહાસિક જાહેરાત કરી છે, જેણે સમગ્ર વિશ્વના ઔદ્યોગિક અને આર્થિક જગતનું ધ્યાન ખેંચ્યું છે. અમેરિકામાં છેલ્લા ૫૦ વર્ષમાં પહેલીવાર એક નવી ઓઈલ રિફાઈનરી બનવા જઈ રહી છે. આટલા દાયકાઓ બાદ સ્થપાવા જઈ રહેલી આ રિફાઈનરીમાં ભારતની સૌથી મોટી ખાનગી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ભાગીદાર બની છે, જે સમગ્ર દેશ માટે ગૌરવના સમાચાર છે.

અહેવાલો અનુસાર, આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ટેક્સાસ રાજ્યના બ્રાઉન્સવિલે પોર્ટ પર આકાર લેશે. 'અમેરિકા ફર્સ્ટ રિફાઈનિંગ' નામ હેઠળ સ્થપાનારી આ રિફાઈનરી માટે ૩૦૦ અબજ ડોલરના જંગી રોકાણની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પની આ જાહેરાત અમેરિકાના ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોટી ઔદ્યોગિક ડીલ પૈકીની એક માનવામાં આવે છે.

આ પ્રોજેક્ટમાં મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ભૂમિકા અત્યંત મહત્વની છે. રિલાયન્સ માત્ર આર્થિક રોકાણ જ નથી કરી રહી, પરંતુ રિફાઈનરીના નિર્માણ અને સંચાલન માટે પોતાની વિશ્વકક્ષાની ટેકનોલોજી અને માર્ગદર્શન પણ પૂરું પાડશે. રિલાયન્સ પાસે જામનગરમાં વિશ્વની સૌથી મોટી રિફાઈનરી ચલાવવાનો બહોળો અનુભવ છે, જેનો સીધો લાભ હવે અમેરિકા જેવા વિકસિત દેશને મળશે.આ ઘટના સમગ્ર ભારત દેશ માટે એક ગૌરવશાળી ક્ષણ છે કારણ કે તેણે વૈશ્વિક વ્યાપારના પ્રવાહોની દિશા બદલી નાખી છે. સામાન્ય રીતે આપણે વિદેશી કંપનીઓ દ્વારા ભારતમાં રોકાણ અને ટેકનોલોજી લાવવાની વાતો સાંભળવા ટેવાયેલા છીએ. પરંતુ હવે વિશ્વની મહાસત્તા ગણાતા અમેરિકાને પોતાની ઉર્જા સુરક્ષા માટે ૫૦ વર્ષ બાદ જ્યારે નવી રિફાઈનરી બનાવવી પડી, ત્યારે તેને એક ભારતીય કંપનીના સાથની જરૂર પડી છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ખુલ્લા મંચ પરથી આ જંગી રોકાણ માટે ભારતના ભાગીદારો અને રિલાયન્સનો વિશેષ આભાર માન્યો હતો. જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ ભારતીય કંપનીના આટલા મોટા યોગદાનની જાહેરમાં પ્રશંસા કરે, ત્યારે તે દરેક ભારતીયની છાતી ગજગજ ફુલાવે તેવી ઘટના બની જાય છે. આ ડીલ સાબિત કરે છે કે ભારત હવે માત્ર એક મોટું બજાર નથી, પરંતુ વિશ્વને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા સક્ષમ આર્થિક મહાસત્તા બની ગયું છે.વૈશ્વિક ભૌગોલિક અને રાજકીય સ્થિતિને જોતા પણ આ પ્રોજેક્ટનું ઘણું મહત્વ છે. હાલમાં મધ્ય પૂર્વના દેશોમાં ખાસ કરીને ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક ઉર્જા સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે અને ક્રૂડ ઓઈલ તેમજ ગેસના બજારમાં અસ્થિરતા છે. આવા સમયે અમેરિકા અને ભારતની આ ઉર્જા ભાગીદારી વૈશ્વિક ઓઈલ માર્કેટમાં એક નવું સંતુલન ઊભું કરશે અને ભારતનું કૂટનીતિક વજન પણ અનેકગણું વધારશે.

પર્યાવરણ અને રોજગારીના મોરચે પણ આ પ્રોજેક્ટ અમેરિકા માટે ગેમ ચેન્જર સાબિત થશે. આ રિફાઈનરીને આધુનિક ટેકનોલોજીથી સજ્જ વિશ્વની સૌથી 'ક્લીન રિફાઈનરી' બનાવવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, દક્ષિણ ટેક્સાસ વિસ્તારમાં હજારો નવી રોજગારીની તકો ઉભી થશે, જે અમેરિકન અર્થતંત્રને વેગ આપવાની સાથે બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને વધુ મજબૂત બનાવશે.

(હસ્તાક્ષર)

દશાબ્દી મહોત્સવ અંતર્ગત

# ઉપલેટાના બીએપીએસ મંદિરે માનવ ઉત્કર્ષ મહોત્સવમાં હરિભક્તોના ઘોડાપૂર






## એએસપી ભારદ્વાજ, મામલતદાર મહેતા, પીઆઈ પટેલ ધારાસભ્ય ડો.પાડલીયા સહિતના રહ્યા ઉપસ્થિત

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા બીએપીએસ મંદિરના ૧૦ વર્ષ પૂરી થતાં ભવ્ય અને દિવ્ય દશાબ્દી મહોત્સવનું અંતર્ગત માનવ ઉત્કર્ષ મહોત્સવનું ૧૦ દિવસ બાદ સાધુ સંતો રાજકીય સામાજીક સંસ્થાના હોદેદારો હરિભકતોની હાજરીમાં સમાપન કરાયું હતું.

માનવ ઉત્કર્ષ મહોત્સવમાં ૧૦ દિવસ સુધી સતત વ્યસન મુકિત, બ્લડ ડોનેશન કેમ્પ સહીત માનવતાવાદી લોક ઉપયોગી કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવ દરમ્યાન સમગ્ર મંદિર પરિષદને રંગબેરંગી લાઈટોથી સુશોભન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમ્યાન બીએપીએસ ગોંડલના દિવ્ય પુરૂષ સ્વામી, જુનાગઢના ધર્મ વિનય સ્વામી, રાજકોટના બ્રહ્મતીર્થ સ્વામી, ભાદરાના ધર્મકુંવર સ્વામી, જામનગરના ધર્મનીધી સ્વામી, ધારાના દિનબંધુ સ્વામી, ઉનાના અખંડ મંગલ સ્વામી

બરોડાના વિવેક નિષ્ઠ સ્વામી, ભુજના સ્નેહ જીવન સ્વામી, ધોળકાના શીલ ભૂષણ સ્વામી, કલાકતાના અમૃત ચરીત સ્વામી, મહુવાના વિરાગ કુશલ સ્વામી, વેરાવળના અખંડ ચિંતન સ્વામી વિશેષ ઉપસ્થિત રહી હરિભકતોને આશીવર્ચન આપ્યા હતા. આ મહોત્સવને દિપાવવા ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજ, ઉપલેટા મામલતદાર નિખિલ મહેતા, ચીફ ઓફીસર નિલમ ઘેટીયા, પી.આઈ. બી.આર. પટેલ, પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ રમેશભાઈ ધડુક, ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા જીલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા, જીલ્લા ભાજપના મંત્રી અનિતાબેન ચૌહાણ, ઉપલેટા પાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, શિક્ષણ સમીતીના ચેરમેન નિકૂલભાઈ ચંદ્રવાડીયા, બાંધકામ સમીતીના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, ક્ષત્રીય સમાજના પ્રમુખ હરપાલભાઈ જાડેજા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, કોળી સમાજના પ્રમુખ જગદીશભાઈ વિરમગામા, લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી મુકેશભાઈ ડોબરીયા, વિઠલભાઈ સોજીત્રા, ભરતભાઈ રાણપરીયા, કીરીટભાઈ પાદરીયા, માનવ સેવાના કે.ડી. સિણોજીયા, લાલજીભાઈ રાઠોડ, પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા, નગર સેવકો જયશ્રીબેન સોજીત્રા, અસ્મીતાબેન મુરાણી, દિપકભાઈ સુવા, મહેશભાઈ સુવા, નિમિત પાનેસરા, અશ્વિનભાઈ લાડાણી, અજયભાઈ જાગાણી, શૈલેશભાઈ સુવા, અમિતભાઈ વસવેલીયા શૈલેષભાઈ બારૈયા, કોંગ્રેસ શહેર પ્રમુખ લક્ષ્મણભાઈ, મહામંત્રી કમલેશભાઈ વ્યાસ ભારતીબેન બાબરીયા સહિત સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી સાધુ સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ સમગ્ર મહોત્સવમાં મીડીયા કન્વીનર તરીકે બીએપીએસ ના હરિભકત જસ્મીનભાઈ હિરાણીએ જવાબદારી ઉઠાવી હતી.

# બગસરા માર્કેટીંગ યાર્ડમાં ખેડુત સહકારી મંડળીએ ખરીદ કેન્દ્ર શરૂ કરતા વિવાદ




**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે યાર્ડ દ્વારા ઘઉંની ખરીદી શરૂ છે ત્યારે સાથે સાથે એક મંડળી દ્વારા તુવેરની ખરીદી પણ યાર્ડની અંદર જ દબાણપૂર્વક જરૂર રાખવામાં આવેલ હતી. આ બાબતે મળેલી સંકલન બેઠકમાં બંને સંસ્થાના આગેવાનો વચ્ચે તું તું મેં મેં થતા મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

બગસરા માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની ખરીદી શરૂ કરવામાં આવેલી છે. જેની સાથે સાથે ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીએ તુવેરની ખરીદી પણ શરૂ કરી દીધી હતી યાર્ડ દ્વારા તેમને અન્ય સ્થળ પર ખરીદી કરવા પત્ર દ્વારા જણાવવામાં આવ્યું હોવા છતાં માર્કેટિંગ યાર્ડની અંદર જ તુવેરની ખરીદી શરૂ કરી હતી. તુવેરની ખરીદી પૂર્ણ થવામાં છે ત્યારે હવે મંડળી દ્વારા અન્ય કોઈ ખરીદી યાર્ડમાં કરવામાં ન આવે તેના માટે સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ મંડળીના ચેરમેન ભાવનાબેન સતાસિયા દ્વારા ચણાની ખરીદી અહીં થશે એવી જાહેરાત કરવામાં આવતા આ બેઠકમાં યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા તથા ઉપસ્થિત સદસ્યો સાથે ઘર્ષણ થયું હતું તેમજ આ યાર્ડ ખેડૂતો માટે છે એટલે ખરીદી અહીં થશે તેવું જણાવી દીધું હતું. હવે યાર્ડ મંડળીની હઠમાં આવી ચણાની ખરીદી શરૂ રાખવા દે છે કે પોતાની જગ્યા પોતાને ઉપયોગમાં લઈ શકાય તે માટે વ્યવસ્થા જાળવે છે તે જોવાનું રહેશે. બંને ખેડૂતો માટે કામ કરતી સંસ્થા વચ્ચે થયેલ માથાકૂટને કારણે આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

# રાજુલાના ભેરાઈ ગામે સાકરીયા હનુમાન મંદિરે જવાનો ગાડા મારગ ખુલ્લો રાખવા ખેડૂતોની માંગ



**અબતક ચેતન વ્યાસ રાજુલા**

રાજુલા તાલુકાના ભેરાઈ ગામે પીપાવાવ ફોર વે રોડ પર આવેલ સાકરીયા હનુમાનજી મંદિરે જવાનો જુનો ગાડા મારગ ની જગ્યા કોસ્ટ ગાર્ડને ફાળવી દેવાના મુદ્દે ગ્રામજનોએ રાજુલા નાયબ કલેકટર ને આવેદનપત્ર પાઠવી ગાડા મારગ ખુલ્લું રાખવા માંગ કરી છે. ખેડૂતોએ પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે રાજુલાના મોજે ભેંરાય ગામે આવેલ પૌરાણિક સાકરીયા હનુમાનજી અને સાકરીયા હનુમાનજી પાછળ આવેલ ખેતરો નો જુનો ગાડા મારગ ભચાદરથી દેવકા જવાનો રસ્તો આઝાદી પહેલાથી ખેડૂતોની વપરાશમાં છે, તાજેતરમાં આ રસ્તા વાળી જમીન સરકારી પડતર અને શ્રી સરકાર ગણીને કોસ્ટ ગાર્ડને ફાળવી દેવામાં આવી હોવાનું ખેડૂતો ની જાણમાં આવ્યું છે કોસ્ટકાર્ડને જમીન ફાળવવા સામે ખેડૂતોને કોઈ વાંધો ન હોવાનું જણાવી આઝાદી પહેલાંનો આ રસ્તો સાકરીયા હનુમાન મંદિર અને ખેડૂતો નો ખેતરે જવાનો ગાડા મારગ હોય જો આ રસ્તો બંધ થઈ જાય તો ખેડૂતો અને દર્શને આવતા ભાવિકોને મુશ્કેલી પડે તેમ હોવાનું જણાવી સકારાત્મક અભિગમ રાખી આ પ્રશ્નોનો ઉકેલ લાવવા તાલુકા પંચાયત સભ્ય લાલાભાઈ રામ, સરપંચ વાલાભાઈ રામ, આહીર આગેવાનો હમીરભાઈ રામ, પૂર્વ સરપંચ ટપુભાઈ શીવાભાઈ અને સાકરીયા હનુમાન મંદિરના મહંત તેમજ આગેવાન ભગુભાઈ, હરસુરભાઈ, નાગભાઈ અને આગેવાનોએ નાયબ કલેકટરને મળી રસ્તા મુદ્દે પ્રજાહિતમાં નિર્ણય લઈ ભચાદરથી દેવકા જવા માટેનો રસ્તો ખુલ્લો રહે તેવી વ્યવસ્થા કરવા માંગ કરી છે

# લોધિકાના ખીરસરા રણમલજી ગામે સેવા સેતુમાં ૧૪ ગામના અરજદારોના પ્રશ્નો ઉકેલાયા

## આધાર-રેશનકાર્ડ-આરોગ્ય કાર્ડ સંલગ્ન પ્રશ્નોનો સ્થળ પર જ કરાયો નિકાલ



**અબતક, બી.એમ.ગોસાઈ, મેટોડા**

લોધીકા તાલુકા પંચાયત તેમજ મામલતદાર વહીવટી કેચેરી દ્વારા સેવા સેતુ કાર્યક્રમ નું આયોજન ખીરસરા તાલુકા શાળા મા રાખવામાં આવેલ જેમાં મેટોડા ખીરસરા રણમલજી વડ વાજડી નગરપીપળીયા ઈટાળા ૩ રાતૈયા હરીપર પાળ દેવળા છાપરા દેવગામ સહીતના ૧૪ ગોમોના લાભાર્થીઓ માટેનો કાર્યક્રમ લોધીકા મામલતદાર પી.એ. છાટબાર નાયબ ટીડીઓ ગણાત્રા તાલુકા શિક્ષણ અધિકારી ઈલાબેન આઈસીડીએસ સીડીપીઓ તેમજ સરપંચ મુકેશભાઈ મકવાણા જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયા રાજકોટ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ રાઠોડ ઉપપ્રમુખ મોહિતભાઈ દાફડા તાલુકા પંચાયત પ્રમુખ વિલાસબેન મોરડ તાલુકા ભાજપ પ્રમુખ ડો.પ્રકાશભાઈ વીરડા મયુરસિંહ જાડેજા સુરેશભાઈ વસોયા ઉપસરપંચ ખીમજીભાઈ સાગઠીયા માવજીભાઈ સાગઠીયા કિશોરસિંહ ઝાલા વિરભદ્રસિંહ જાડેજા વિજયભાઈ સાગઠીયા પૂર્વ મહામંત્રી દિલીપભાઈ કુગશીયા મચ્છાભાઈ લાંબરીયા તાલુકા પંચાયત સદસ્ય ભરતસિંહ જાડેજા ઉપપ્રમુખ ભુપેન્દ્રસિંહ જાડેજા દિલીપભાઈ સરવૈયા મોટા વડા સરપંચ છાપરા સરપંચ આગેવાનો ઉપસ્થિત રહેલ. સેવા સેતુ કાર્યક્રમા અરજદારોને આધાર કાર્ડ રાશનકાર્ડ, આરોગ્ય કાર્ડ બેંક ખાતા ખોલવા જેવી અનેક કામગીરી સેવા સેતુ કાર્યક્રમા અરજદારો મળી હતી.

# રાજકોટ જીલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકે ઉપલેટાના ધર્મેન્દ્રસિંહ વાઘેલાની નિમણુંક

## પાર્ટીના સનિષ્ઠ અને વફાદારીની કદર કરતી કોંગ્રેસ



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

તાજેતરમાં રાજકોટ જીલ્લા પ્રમુખે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ સહિત હોદેદારો સાથે ચર્ચા વિચારણા કરી જીલ્લા કોંગ્રેસના મહામંત્રી જેવી મહાત્વની જવાબદારી ઉપલેટા ક્ષત્રીય સમાજમાં આગવું સ્થાન ધરાવતા ધરમેન્દ્રસિંહ વાઘેલાની નિમણુંક થતાં સમગ્ર જીલ્લામાં ભારે આનંદ છવાયો છે.

જીલ્લા કોંગ્રેસના પ્રમુખ હિતેશભાઈ વોરાએ પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અમિત ચાવડા સહિત પ્રદેશ કોંગ્રેસના આગેવાનો સાથે ચર્ચા વિચારણા બાદ રાજકોટ જીલ્લા કોંગ્રેસના મહામંત્રી જેવી મહત્વની જવાબદારી ઉપલેટા પંથકના ક્ષત્રીય આગેવાન ધરમેન્દ્રસિંહ વાઘેલાને સોંપવામાં આવી છે. ધરમેન્દ્રસિંહ વાઘેલા ચિખલીયા ગામના વતની છે તેઓ અગાઉ સરપંચ તરીકે વર્ષો સુધી સેવા બજાવી છે. હાલ સહકારી ક્ષેત્રમાં પણ સક્રિય ભૂમિકા અદા કરી રહ્યા છે. કોંગ્રેસના વફાદાર સૈનિકમાના એક મનાય છે. અગાઉ ધારાસભા અને લોકસભા કે તાલુકા જીલ્લા પંચાયતની ચુંટણીમાં ચીખલીયા ગામમાંથી કોંગ્રેસ હમેશા લીડ અપાવતા રહ્યા છે. ભાજપના અડીખમ વાવાઝોડા સામે તેઓ કોંગ્રેસમાં સક્રિય રહી સ્વાર્થ વગર ફરજ બજાવી છે. ત્યારે કોંગ્રેસ પાર્ટીએ સનિષ્ઠ અને પ્રમાણીકતાની નોંધ લઈ ધરમેન્દ્રસિંહ વાઘેલા ઉપર મહામંત્રીનો કળશ ઢોળીયો છે. અત્રે ઉલ્લેખનીય છે ધમેન્દ્રસિંહ વાઘેલા હાલ ઉપલેટા શહેર તાલુકા ક્ષત્રીય સમાજના ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. જયારે ધરમેન્દ્રસિંહના પિતા અજીતસિંહ વાઘેલા પણ ચિખલીયાના સરપંચ અને મંડળીના પ્રમુખ તરીકે વર્ષો સુધી જવાબદારી સંભાળી છે. આ ઉપરાંત માર્કેટીંગ યાર્ડ, જીલ્લા સહકારી ક્ષેત્રમાં પણ જવાબદારી નિભાવી ચૂકયા છે. આવા પ્રમાણીક અને નિષ્ઠાવાન વ્યકિતને મહામંત્રી તરીકે જવાબદારી સોંપતા શહેર તાલુકા કોંગ્રેસના સંગઠનના હોદેદારો પાલિકાના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યોએ આવકારી શુભેચ્છા પાઠવી હતી.

# રાજકોટ જિલ્લા ભાજપ કારોબારીમાં ઉપલેટા-ભાયાવદરના આગેવાનોને અપાયું સ્થાન

## ઉપલેટાના પાદરીયા ચંદ્રવાડીયા, જાવીયા, ભાયાવદરના ચુડાસમા, અમૃતીયાની વરણીને સાંસદ ડો.માંડવીયા અને ધારાસભ્ય ડો.પાડલીયાએ આવકારી આપી શુભેચ્છા







**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

જિલ્લા ભાજપના પ્રમુખ દ્વારા સાંસદ અને ધારાસભ્ય સહિતનાઓ સાથે ચર્ચા વિચારણા કરી જિલ્લા ભાજપના સંગઠન માળખાને જિલ્લા અને સ્થાનીક મંડળને મજબુત માટે કર્મનિષ્ઠ આગેવાનોને સ્થાન આપવામાં આવેલ છે તેમાં ઉપલેટાના પાદરીયા, ચંદ્રવાડીયા, જાવીયા, ભાયાવદરમાં ચુડાસમા અને અમૃતીયા સહિતનાઓને સ્થાન આપતા સાંસદ તેમજ ધારાસભ્ય સહિતનાઓએ આવકારી શુભેચ્છા આપી હતી. જિલ્લા ભાજપ દ્વારા નવી થયેલ કારોબારી સભ્યમાં લેઉવા પટેલ સમાજના અગ્રણી અને જાણીતા એડવોકેટ નોટરી અને પાર્ટીના પાયાના પથ્થર એવા લલીતભાઈ પાદરીયાની વરણી કરી વફાદારીનું ફળ આપેલ છે.જયારે શહેરના પૂર્વ નગરપતિ અને ૨૦ વર્ષ પહેલા શહેરમાં વિકાસનોપાયો નાખનાર હાલ સમગ્ર શહેરમાં તમામ આદર ભર્યું સ્થાન ધરાવતા રાણીબેન દાનભાઈ ચંદ્રવાડીયાને સ્થાન આપી પાર્ટીએ શહેરમાં વિકાસનો કાયો નાખનારની કદર કરી છે. જયારે તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અને સૌને સાથે રાખી ચાલનાર કિરીટભાઈ જાવીયાને જવાબદારી આપી દોડતા કર્યા છે. આ ઉપરાંત દિલીપસિંહ વાળાને પણ સ્થાન આપવામાં આવ્યું છે. જયારે ભાયાવદર પંથકમાં વર્ષોથી ભાજપની બાગડોર જેમના ખંભે ચાલી રહી છે. અને પાટીદાર અનામત આંદોલન સમયે પાર્ટીમાં વફાદારી પૂર્વક ફરજ નિષ્ઠા બજાવનાર ગત નગરપાલીકાની ચૂંટણીમાં એકલે હાથે ભાજપને બહુમતીઅપાવનાર સમગ્ર સમાજમાં માન ભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર ઈન્દ્રવિજયસિંહ ચુડાસમાને પ્રદેશ કે જિલ્લાના સંગઠન માળખામા સ્થાન આપવાને બદલે માત્ર જિલ્લા કારોબારીમાં સમાવેશ કરતા કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. જયારે અગાઉ પ્રદેશ કારોબારી સહિત જુદી જુદી જગ્યાએ જવાબદારી સંભાળનાર કડવા પાટીદાર અગ્રણી દિનેશભાઈ અમૃતીયાને પણ કારોબારીમાં સ્થાન આપી સમાવી લેવાયા છે. આમ ઉપલેટા ભાયાવદર પંથકના પીઢ ભાજપના આગેવાનોને સ્થાન આપી સમાવી લેવાયા છે. નવી કારોબારીમાં સ્થાન પામનારને સાંસદ મનસુખભાઈ માંડવીયા, ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયા ઉપલેટાના નગરપતિ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, ભાયાવદરના નગરપતિ રેખાબેન સિણોજીયા, ઉપપ્રમુખ સંજયભાઈ પરમાર, જિલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા, ઉપપ્રમુખ જયેશભાઈ ત્રિવેદી, જિલ્લા મંત્રી અનિતાબેન ચૌહાણ, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, હરસુખભાઈ સોજીત્રા, જિલ્લા યુવા ભાજપના મહામંત્રી સુરજભાઈ ડેર, નગરસેવકો અશ્વીનભાઈ લાડાણી, અજયભાઈ જાગાણી, અસ્મીતાબેન મુરાણી, દિપકભાઈ સુવાની પાનસેરા, શૈલેષભાઈ બારૈયા, જગદીશભાઈ વિરમગામા, શૈલેષભાઈ સુવા, અમિતભાઈ વસવેલીયા સહિતનાઓએ આવકારી શુભેચ્છા પાઠવી છે.

દેશના ઈતિહાસમાં પ્રથમ કિસ્સો

# ઈચ્છા મૃત્યુનો ચુકાદો સંભળાવતા જ જસ્ટિસ પારડીવાલા રડી પડ્યા

## સુપ્રીમ કોર્ટે માનવીય અભિગમ અપનાવીને ૧૩ વર્ષથી પથારીવશ યુવક હરીશ રાણા (ઉં. ૩૧)ને ઈચ્છા મૃત્યુની મંજૂરી આપી

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટે માનવીય અભિગમ અપનાવીને ૧૩ વર્ષથી પથારીવશ યુવક હરીશ રાણા (ઉં. ૩૧)ને 'પેસિવ યુથેનેશિયા' (ઈચ્છા મૃત્યુ)ની મંજૂરી આપી દીધી છે. હરીશ રાણા ૧૩ વર્ષ પહેલા ચંડીગઢની એક હોસ્ટેલમાં ચોથા માળેથી નીચે પટકાઈને પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટમાં જતો રહ્યો હતો. ત્યાર પછી ગાઝિયાબાદના રહેવાસી હરીશના માતા-પિતાએ જીવતી લાશ બની ગયેલા પુત્રની સ્થિતિ જોઈને તેના ઈચ્છા મૃત્યુ માટે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

આ અરજી અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચે દિલ્હીની એઈમ્સ હોસ્પિટલ પાસે મેડિકલ રિપોર્ટ મંગાવ્યો હતો. તબીબોની ટીમે રિપોર્ટમાં કહ્યું હતું કે, હરીશના સ્વાસ્થ્યમાં સુધારાની કોઈ જ શક્યતા નથી. આ રિપોર્ટને આધારે કોર્ટે અવલોકન કર્યું કે, કોઈ વ્યક્તિને આટલી અસહ્ય પીડામાં અનિશ્ચિતકાળ સુધી રાખી શકાય નહીં.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે હરીશ માટે 'પેસિવ યુથેનેશિયા'ની મંજૂરી આપી દીધી. આ પ્રક્રિયામાં દર્દીને જીવંત રાખવા માટે અપાતા કૃત્રિમ લાઈફ સપોર્ટ (જેમ કે વેન્ટિલેટર કે ફીડિંગ ટ્યુબ) હટાવી લેવાય છે, જેથી તેનું કુદરતી રીતે મૃત્યુ થઈ શકે. આ ચુકાદો આપતી વખતે જસ્ટિસ પારડીવાલાએ કહ્યું હતું કે, 'આવા નિર્ણય મુશ્કેલ છે, પરંતુ દર્દીની સ્થિતિ અત્યંત દુઃખદ છે.'

પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટ મગજની એવી ગંભીર સ્થિતિ છે, જેમાં વ્યક્તિ જાગૃત હોવા છતાં તેને આસપાસના વાતાવરણનું ભાન હોતું નથી. આ સ્થિતિમાં દર્દીની આંખો ખુલ્લી હોય છે અને તે ક્યારેક ઊંઘે કે જાગે તેવું પણ લાગે છે, પરંતુ તેમનું મગજ કોઈ વિચાર કરી શકતું નથી કે કોઈ સૂચનાનું પાલન કરી શકતું નથી. તે હલનચલન કરી શકતા નથી કે બોલી શકતા નથી. શરીરના મૂળભૂત કાર્યો (જેમ કે શ્વાસ લેવો, હૃદયના ધબકારા અને પાચન) ચાલુ રહે છે કારણ કે મગજનો નીચેનો ભાગ કામ કરતો હોય છે, પણ ઉપરનો ભાગ જે વિચારવાનું કામ કરે છે, તે કામ કરવાનું બંધ કરી દે છે. એટલું જ નહીં, આ પ્રકારના દર્દી ક્યારેક અવાજ તરફ ડોક ફેરવવી કે રડવા/હસવા જેવી પ્રતિક્રિયા આપે છે. એવી જ રીતે, કોમામાં આંખો બંધ હોય છે. દર્દીને ઊંડા નસકોરા પણ બોલતા હોઈ શકે છે, જેથી તે ગાઢ ઉંઘમાં હોય તેવું લાગે છે. આ ઉપરાંત તેઓ કોઈ પણ અવાજ કે સ્પર્શની પ્રતિક્રિયા આપતા નથી.

# યુરોપ વર્ક પરમીટના નામે દિલ્હીની ટોળકીએ રૂ.૩.૨૮ કરોડની ઠગાઈ આચરી

## રાજકોટમાં રહી ઈમિગ્રેશન કન્સલટન્સીનું કામ કરતા મહિલાનો સંપર્ક કરી વિશ્વાસ કેળવી ફસાવ્યા: ૭૮ ઉમેદવારોના દસ્તાવેજો અને ફી મેળવી લીધી

## ત્રણ માસમાં વર્ક પરમીટ આપી દેવાનું જણાવી નાણાં ખંખેર્યા : બે વર્ષ સુધી નવા નવા બહાના બતાવવી વારંવાર વાયદાઓ આપ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકો સાથે યુરોપના વર્ક પરમીટના નામે દિલ્લીની ટોળકીએ રૂ. ૩.૨૮ કરોડ ખંખેરી લીધાનો મોટું કૌભાંડ સામે આવ્યું છે. રાજકોટમાં ઈમિગ્રેશન કન્સલ્ટન્સીનું નામ કરતી મહિલાનો સંપર્ક કેળવી યુરોપ વર્ક પરમીટ ફક્ત ત્રણ મહિનામાં અપાવી દેવાનો વાયદો આપી ૭૮ ઉમેદવારોના દસ્તાવેજો અને ફીના નામે રૂ. ૩.૨૮ કરોડ મેળવી લાઈ દિલ્લીની ટોળકીએ વર્ક પરમીટ નહિ કઢાવી આપી ઠગાઈ આચરતા રાજકોટ સાયબર ક્રાઈમ પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જામનગર રોડ પર શ્રીજી પાર્ક-૧, બ્લોક નં.-૫ માં રહેતા ૩૮ વર્ષીય પરિણીતા મિત્તલબેન્ક વિજયકુમાર સુરજીવાલાએ આરોપી તરીકે ગ્યાનગતિ પ્રા. લિ., બેડોન એજ્યુકેશન કન્સલ્ટન્સી, કંપની ડિરેક્ટર અજય મોહનપાલ અને વિકાસ સૈની, નેહા ગુપ્તા, શ્વેતા શાહુ, સ્વાતિ મોહપાલ, મનપ્રિત સંધુ, મોનીકા સૈની (રહે. તમામ ઓફિસ નં.-૫, કોમ્યુનિટી સેન્ટર, બી બ્લોક, જનકપુરી (ઈસ્ટ), ન્યુ દિલ્લીનું નામ આપતાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલિસેં બીએનએસની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૧૯(૧), ૩૩૬(૧), ૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૧), ૩૪૦(૨), ૬૧(૨) તેમજ આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણી કે. એમ. ઈમિગ્રેશન કન્સલ્ટન્સી નામે ધ વન વર્લ્ડ-ડી બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે છેલ્લા ચાર વર્ષથી ઈમીગ્રેશનનો વ્યવસાય ધરાવે છે. જયારે તમામ આરોપીઓ ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે. અમે અલગ અલગ રાજ્ય અને શહેરના ઈમિગ્રેશન કન્સલ્ટન્ટો સાથે વર્ક પરમિટનું બીટુબી પદ્ધતિથી કામ કરીએ છીએ. જેમાં રાજકોટ ખાતેથી વિદેશ કામ કરવા જવા માંગતા લોકોના દસ્તાવેજો તૈયાર કરી સંબંધિત રકમ સાથે આરોપીઓને મોકલેલ હતી.

ગ્યાનગતિ પ્રાઈવેટ લિમિટેડના સિનિયર સ્ટુડન્ટ કાઉન્સિલર નેહા ગુપ્તા દ્વારા ગત તા.૧૨-૧૦-૨૦૨૩ ની આસપાસ અમારો ફોન દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો અને અમને વોટ્સએપ દ્વારા ઈઝરાયેલ એગ્રીકલ્ચર વર્ક પરમિટ વિશેની માહિતી મોકલાવેલ હતી. જેથી અમે ઈઝરાયેલ વર્ક પરમિટ માટેનું કામ તેણીની કંપનીને આપેલ હતું પરંતુ ઈઝરાયેલ વર્ક પરમિટનું કામ રદ કરી ઈઝરાયેલમાં હાલ યુદ્ધની સ્થિતિ હોવાના કારણે વર્ક પરમિટ નહીં મળે તેમ જણાવી અમે ચૂકવેલી તમામ રકમ આરોપીઓ દ્વારા પરત આપી વિશ્વાસ સંપાદન કરવામાં આવેલ હતું.

### ઓસ્ટ્રીયા એમ્બેસીના ખોટા લેટર બનાવી મોકલ્યા : તપાસ કરતા બનાવટી નીકળ્યા

આરોપીઓએ પરિણીતાને ગત તા.૦૮-૦૧-૨૦૨૫ ના રોજનું વિઝા સબમિશન માટેબો ઓસ્ટ્રીયા એમ્બેસી, ન્યુ દિલ્લીના નામે ઈમેઈલ મોકલ્યો હતો. જે ઈમેઈલમાં ૪૭ ઉમેદવારોના વિઝા સબમિશન થઈ જશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જેથી ફરિયાદી ૪૭ ઉમેદવારો સાથે દિલ્લી ગયેલ હતા પણ આરોપીઓએ સબમિશન કરાવેલ ન હતું. જેથી ફરીયાદીવાહ ઓસ્ટ્રીયા એમ્બેસી, ન્યુ દિલ્લીમાં ઈમેઈલ મારફતે આરોપીએ મોકલેલ ઈમેઈલ, વર્ક પરમીટ અને વિઝા સબમિશન એપોઈમેન્ટ લેટર એટેચ કરી મોકલ્યો હતો અને બાદમાં કાઉન્સેલરને ફોન કરતા આરોપીઓએ આપેલ તમામ લેટર બોગસ હોવાનું સામે આવ્યું હતું.

બાદ મેં યુરોપના દેશોના વર્ક પરમિટ માટે પ્રપોઝલ આપવાં આરોપીઓની દિલ્હી ખાતે આવેલી ઓફિસની મુલાકાત લીધેલ હતી. જ્યાં અજય મોહનપાલ, વિકાસ સૈનિ, નેહા ગુપ્તા અને શ્વેતા સાહુ સાથે મુલાકાત થયેલ હતી. આ મીટીંગ દરમિયાન અમને આરોપીઓ દ્વારા સારા કામ માટેનો ભરોસો અને વચન આપવામાં આવતા અમે સૌ પ્રથમ ઓસ્ટ્રીયા એગ્રીકલ્ચર વર્ક પરમિટનું કામ આપવાનું નક્કી કરેલ હતું. જે પરમિટ માટે અમે ૫૨ ઉમેદવારોના દસ્તાવેજો અને તેની ફી આરોપીઓને આપેલ હતી. જે વર્ક પરમિટ અને વિઝા સબમિશનનું કામ આરોપીઓ ફક્ત ત્રણ માસમાં કરી દેશે તેવી ખાતરી આપેલ હતી. બાદ અમે ઑસ્ટ્રીયા દેશના ૪૮ ઉમેદવાર, નોર્વે દેશના ૧૭ ઉમેદવાર, કેનેડાના પાંચ ઉમેદવાર, લક્ઝમ દેશના બે ઉમેદવાર, ફ્રાંસના એક ઉમેદવાર, નેધરલેન્ડના એક ઉમેદવાર, સ્લોવાકીયાના બે ઉમેદવાર તથા હંગ્રીના બે ઉમેદવાર મળી કૂલ ૭૮ ઉમેદવારોના વર્ક વિઝા માટે ઉમેદવારોના દસ્તાવેજો તેમજ રકમ મેળવી આરોપીઓના અલગ અલગ બેંક એકાઉન્ટમાં રૂ. ૧,૦૪,૨૦,૧૪૩ ટ્રાન્સફર કરેલ હતા. જયારે રૂ.૧, ૮૭,૬૫,૨૩૩૭ પીએમ આંગડિયા ઈન્દિરા સર્કલ રાજકોટ થી તેમજ ૩૭ લાખ ડીકે આંગડિયા ઈન્દિરા સર્કલ મારફત એમ કુલ મળી કુલ રૂ. ૩,૨૮,૮૨,૫૦૦ આરોપીઓને ચૂકવેલ હતા.

દસ્તાવેજો અને રકમ ચૂકવ્યા બાદ આરોપીઓએ ત્રણ મહિનામાં વર્ક પરમિટ આપી દેવાનો વાયદો પૂર્ણ ન કર્યો હતો. જેથી ઉમેદવારો દ્વારા ઝડપી પ્રક્રિયા પૂર્ણ કરવા દબાણ શરૂ કરવામાં આવ્યું હતું. છ મહિના પછી તા. ૨૩-૦૭-૨૦૨૪ ના રોજ સ્ટેપ બાય સ્ટેપ ૪૮ વ્યક્તિઓની વર્ક પરમિટ આપવા અંગે આરોપી અજય મોહેપાલે ૨૩-૮-૨૦૨૪ ના રોજ અમને ઉમેદવારોના સબમિશન માટે ઈમેલ દ્વારા ભરોસો રાખવા અને ટૂંક સમયમાં જ વર્ક પરમિટ મળી જશે તેવી ખાતરી આપવામાં આવેલ હતી. પરંતુ આ વાયદો પણ ફક્ત પોકળ સાબિત થયો હતો.

### ઉમેદવારોની ધીરજ ખૂંટી : ઉઘરાણી શરૂ કરતા ફરિયાદીએ સોનુ વેંચી રૂ.૩૦.૫૦ લાખ ચૂકવ્યા

ફરિયાદીએ જણાવ્યું હતું કે, વર્ક પરમીટમાં ખુબ સમય લાગી જતાં ઉમેદવારોએ ઉઘરાણી શરૂ કરી વર્ક પરમીટ અથવા નાણાં પરત આપવા દબાણ શરૂ કર્યું હતુ. જેથી પરિણીતાએ પોતાનું અને પરિજનોનું સોનુ વેંચી રૂ. ૩૦.૫૦ લાખ ઉમેદવારોને ચૂકવ્યા હતા. ઉપરાંત ઉમેદવારોને રિફંડ આપવા પરિણીતાએ ઘર અને ઓફિસ પર લોન લેવા પણ અરજી કરી હતી. વધુમાં ઉમેદવારોને પોરબંદરથી ન્યુ દિલ્લી ઓસ્ટ્રીયા એમ્બેસી ખાતે લઈ જવા અને રહેવા અને જમવા માટે ફરિયાદીએ રૂ. ૩.૯૨ લાખનો ખર્ચ કર્યો હતો. ઉપરાંત એપ્લિકેશન, કુરિયર પેટે રૂ. ૨૯ હજાર, આરોપીઓની ઓફિસે સાતથી આઠ વાર જવા માટે ચાર લાખનો ખર્ચ થયો હતો. આરોપીઓએ ઠગાઈ આચરતા આ તમામ ખર્ચ ફરીયાદીએ ઉઠાવવો પડ્યો હતો.

વધુમાં આરોપીઓએ અમારા ઉમેદવારો સાથે ઝૂમ એપ્લિકેશન મારફતે મીટીંગ કરી વિશ્વાસમાં લઈ જુદી જુદી તારીખો આપી ઉમેદવારોને ખોટા આશ્વાસન આપવામાં આવ્યા હતા. તેમજ મનપ્રીત સંધુ દ્વારા અમને લેટર હેડ પર નવેમ્બર,૨૦૨૪ ના અંત સુધીમાં તમામ ઉમેદવારોના વિઝા સબમીશન મળી જશે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં પણ કોઈ વર્ક પરમિટ આપવામાં આવી ન હતી. બાદ આરોપીઓએ ગત તા.૧૨-૧૨-૨૦૨૪ થી તા. ૦૨-૦૧-૨૦૨૫ સુધી અમારા ૪૮ ઉમેદવારોને ઓસ્ટ્રીયા એમ્બેસી ન્યુ દિલ્હી ખાતે વિઝા સબમીશન માટે એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યા હતા પરંતુ જ્યારે ફર્સ્ટ બેન્ચના સાત ઉમેદવારો તા.૧૨-૧૨-૨૦૨૪ ના સબમીશન માટે ગયેલ ત્યારે અજય મોહન પાલે અલગ અલગ બહાના બતાવી સાતેય ઉમેદવારોને પરત મોકલી દીધેલ હતા. જેથી ફરીવાર સાત ઉમેદવારોને બીજી બેચ સાથે તા.૨૧-૧૨-૨૦૨૫ ના રોજ ફરી વિઝા સબમીશન માટે આવવા જણાવેલ હતું. જેથી બાદમાં ફર્સ્ટ બેચના સાત ઉમેદવારો અને સેકન્ડ બેચના ૧૨ ઉમેદવારો સાથે ફરિયાદી પણ નવી દિલ્હી ગયેલ હતા પરંતુ બીજીવાર પણ આરોપીઓએ ખોટા બહાના બતાવી વિઝા સબમીશન કરાવેલ ન હતું. બાદમાં આરોપીઓએ તા. ૧૫-૦૨-૨૦૨૫ સુધીમાં સબમીશન ન થાય તો તા.૩૦-૩-૨૦૨૫ ના રોજ બધું પેમેન્ટ રિફંડ કરી આપશે તેવી બાહેંધરી તેમની કંપનીના લેટરપેડ પર આપેલ હતી જો કે, તેં વાત પણ ફક્ત કાગળ પર જ રહી હતી.

સતત વર્ક પરમિટ માટે આરોપીઓને પૂછપરછ કરતા તેઓ ખોટા કમિટમેન્ટ આપી, ફોન કોલ રિસીવ નહીં કરી મોબાઈલ સ્વીચ ઓફ કરી દેતા હોય અંતે ફરિયાદીએ યુરોપ વર્ક પરમીટના નામે રૂ. ૩.૨૮ કરોડની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવી હતી.

## વિઝા સબમિશન માટે વારંવાર દિલ્હી બોલાવતા અને લીલા તોરણે જ પરત મોકલી દેતાં : અંતે પરિણીતાએ ફરિયાદ નોંધાવી

# ધ્રાંગધ્રા: પાન મસાલાની ચોરીનો ભેદ ઉકેલાયો

## સિટી પોલીસે રીક્ષા સાથે બેલડીને દબોચી લીધી

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**





ધાંગધ્રા શહેરમાં થયેલી પાન મસાલાની ચોરીના બનાવમાં સીટી પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં બે આરોપીઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે મળતી માહિતી મુજબ ધાંગધ્રા શહેરમાં ૧૬ ફેબ્રુઆરીના રોજ સિટી પોલીસ સ્ટેશનમાં એક પાન મસાલાની દુકાનમાં કામ કરતા કર્મચારીઓ દ્વારા પાન મસાલાના કુલ ૨૦૪ પેકેટની ચોરી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ હતી ફરિયાદના આધારે સીટી પોલીસે તપાસ શરૂ કરી હતી તપાસ દરમિયાન પોલીસે આરોપી સારુખભાઈ કરીમભાઈ ભટ્ટી અને ઘનશ્યામભાઈ દિલીપભાઈ કાજીયાને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓ પાસેથી ચોરીમાં વપરાયેલ રીક્ષા સહિતનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે પોલીસે બંને આરોપીઓને કાયદેસરની કાર્યવાહી હેઠળ ઝડપી વધુ તપાસ શરૂ કરી છે. આ કામગીરીથી ધાંગધ્રા શહેરમાં ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં સીટી પોલીસને સફળતા મળી છે.

# હિંમતનગરમાં લૂંટેરી દુલ્હન ગેંગ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ

## તલોદના મોઢુકાના યુવકે ચાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા ખળભળાટ

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં લૂંટેરી દુલ્હન ગેંગ સામે વધુ એક ફરિયાદ નોંધાવા પામી છે જેમાં તલોદ પોલીસ સ્ટેશનમાં દંપતી સહિત ચાર વ્યક્તિઓ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે આ કેસમાં હિંમતનગર બી.ડિવિઝન પોલીસે રિમાન્ડ પર રહેલા મુખ્ય દંપતીના ઘરે તપાસ હાથ ધરી હતી. હિંમતનગરના કાંકણોલ રોડ પર આવેલી અર્બુદાનગર સોસાયટીમાં ઝડપાયેલા મનોજ સોની અને કવિતા મનોજ સોનીના ઘરે પોલીસ ટીમ તપાસ માટે પહોંચી હતી આ તપાસ દરમિયાન 'દિવ્ય શક્તિ મેરેજ બ્યુરો'ના કાર્ડ સહિતના કેટલાક મહત્વના દસ્તાવેજો મળી આવ્યા હતા હિંમતનગર પોલીસે આ ગેંગનો ભોગ બનેલા અન્ય પીડિતોને આગળ આવવા અને કાર્યવાહી માટે ૯૯૯૮૮૨૮૧૮૮ નંબર પર સંપર્ક કરવા અપીલ કરી હતી. તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી નવી ફરિયાદ મુજબ તલોદ તાલુકાના મોઢુકા ગામના ખેડૂત પરેશ ભોગીલાલ પટેલ ૧૦ માર્ચ ૨૦૨૪ ના સમયગાળામાં છેતરપિંડીનો ભોગ બન્યા હતા ફરિયાદમાં જણાવાયું છે કે 'દિવ્ય શક્તિ મેરેજ બ્યુરો'ના સંચાલક મનોજ સોની અને તેમની પત્ની કવિતા સોનીએ પરેશને સારી છોકરી સાથે લગ્ન કરાવી આપવાનો વિશ્વાસ અપાવ્યો હતો. મનોજ તેમજ કવિતા અને



મધ્યપ્રદેશના ઈન્દોરમાં રહેતા જ્યોતિ પ્રતાપસિંહ વણઝારાએ મળીને ઈન્દોરની પ્રતિભા જગદીશભાઈ ચૌધરી સાથે પરેશના લગ્ન કરાવવાનું કાવતરું ઘડ્યું હતું આ લગ્ન કરાવવા પેટે પરેશ પાસેથી રૂ.૩,૨૫,૦૦૦ દલાલી તરીકે લેવામાં આવ્યા હતા. લગ્નના આશરે એક મહિનામાં જ પ્રતિભા ચૌધરીએ પરેશના ઘરે ફાવતું ન હોવાના અને અન્ય ખોટા બહાના રજૂ કરી છૂટાછેડા લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ મનોજ અને કવિતાબેન તેમજ જ્યોતિબેને મળીને પ્રતિભા ચૌધરીના પરેશ સાથે છૂટાછેડા કરાવી દીધા હતા આ પ્રક્રિયામાં, પરેશ પાસેથી લીધેલા રૂ.૩,૨૫,૦૦૦ પરત કરવામાં આવ્યા ન હતા આમ ગેંગ દ્વારા છેતરપિંડી આચરવામાં આવી હોવાથી મનહરલાલ ઉર્ફે મનોજ બાબુલાલ સોની, હિંમતનગર પ્રતિભા ચૌધરી, કવિતાબેન વા.ઓ.મનહરલાલ ઉર્ફે મનોજ બાબુલાલ સોની હિંમતનગર અને જ્યોતિબેન પ્રતાપસિંહ વણઝારા (રહે. ઈન્દોર) સામે ફરીયાદ નોંધાયી છે.

# દશાડા નજીક રૂા.૬.૫૦ લાખના દારૂ-બિયરના જથ્થા સાથે અમરત ઠાકોર ઝડપાયો

## લોડીંગ વાહનમાં ખાખી પુઠાની આડમાં ૧૯૯૨ બોટલ દારૂ અને ૪૦૦ બિયરના ટીન કબ્જે કરતી એલસીબી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે ઈંગ્લિશ દારૂની હેરાફેરી અને કટીંગ થતું હોવાની બાતમીના આધારે દસાડા તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જેમાં દસાડા-પાટડી હાઈવે પર સાવડા ગામના પાટિયા પાસેથી લોડીંગ વાહનમાં પુઠાની આડમાં સંતાડી લઈ જવાતા લાખોની કિંમતના ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

જે અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી પોલીસે દસાડા તાલુકામાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન દસાડા-પાટડી હાઈવે પર સાવડા ગામના પાટિયા પાસે આવેલ હોટલ મેપલ ઈન સામે રોડ પર થી લોડીંગ વાહનમાં ખાખી પૂઠાની આડમાં સંતાડેલ ઈંગ્લીશ દારૂની બોટલો નંગ ૧૯૯૨ કિંમત રૂ.૫.૧૬ લાખ, બિયર ટીન નંગ ૪૦૮ કિંમત રૂ.૮૯,૭૬૦, લોડીંગ વાહન કિંમત રૂ.૦૫ લાખ, મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧૧.૧૦ લાખના મુદ્દામાલ સાથે વાહન ચાલક વિષ્ણુભાઈ નરસંગભાઈ ઠાકોર, રહે. દાદકા, તા.સમી વાળાને ઝડપી લીધો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે ઝડપાયેલ શખ્સની વધુ પૂરછપરછ દરમિયાન અમરતભાઈ ઠાકોર, રહે.થરાદ, લોડીંગ વાહનના માલિક અને ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનાર શખ્સોના નામ પણ



ખુલ્યા હતા જે તમામ વિરૂધ્ધ પણ પાટડી પોલીસ મથકે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગર નજીક ખાનગી બસમાંથી રૂ.૩.૪૫ લાખનો દારૂ પકડાયો

## પોલીસે બે શખ્સોની ધરપકડ કરી કુલ ૧૩.૫૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં નેશનલ હાઈવે પર સાબરડેરી બ્રિજ પાસે પોલીસે વોચ ગોઠવી બાતમીને આધારે લક્ઝરીમાંથી રૂપિયા ૩.૪૫ લાખનો દારૂ ઝડપી પોલીસે બે શખ્સોની ધરપકડ કરી કુલ રૂપિયા ૧૩.૫૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું જાણવા મળે છે. આ અંગે મળતી વિગતો મુજબ મંગળવારે સવારે હિંમતનગર એ-ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી શામળાજી થઈ



અમદાવાદ તરફ જતી માયા ટ્રાવેલ્સની લક્ઝરી નંબર આરજે-૧૯-પીબી-૬૯૧૪ માં દારૂ છૂપાવવામાં આવ્યો છે બાતમી મુજબની બસ સાબરડેરી બ્રિજ પાસે આવતા પોલીસે તેને રોકી તપાસ કરતા વચ્ચેની સીટના નીચેના ભાગે બનાવેલા ગુપ્ત ખાનામાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૯૬ બોટલો મળી આવી હતી.

પોલીસે નાનુરામ નાનજી નનોમા (મીણા) રાજસ્થાન અને પ્રતાપસિંહ રણજીતસિંહ ચૌહાણ રાજસ્થાનની અટકાયત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી જ્યારે પોલીસે ૩.૪૫ લાખનો દારૂ, લક્ઝરી,મોબાઈલ સહિત ૧૩.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલ બે સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કેશોદ: સજાના વોરંટ સામે નાસતા ફરતો આરોપી ઝડપાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



કેશોદ ફેમીલી કોર્ટના કેશોદના સજા વોરંટ કામે છેલ્લા એક માસથી નાસતા ફરતા આરોપીઓને માંગરોળ પોલીસે પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, માંગરોળ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર જે.જે. પટેલની સૂચના મુજબ માંગરોળ પોલીસ સ્ટેશન ફોજદારી પરચુરણ અરજીના ભરણ પોષણના ગુન્હાના આરોપી સોયબ જમાલભાઈ હલુડા (રહે. નવા કોટડા, સીમવાવ વાડી વિસ્તાર) ને પકડી પાડી, પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી માંગરોળ પી.આઈ. જે.જે.પટેલ તથા હેડ કોન્સ. પ્રકાશભાઈ અખેડ, દિલીપસિંહ મોરી, પો.કો. સંજયભાઈ જોટવા સાથે મળી કરેલ હતી.

# જેતપુરના સરધારપુરમાં પરણિતાનો ઝેરી દવા પી આપઘાત

**અબતક, રાજકોટ**

જેતપુર તાલુકાના સરધારપુર ગામની સીમમાં વાડી વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય પરણિતાએ કોઈ અગમ્ય કારણોસર ખળમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, સરધારપુરમાં પરસોતમભાઈની વાડીએ રહીને ખેતીકામ કરતા પરિવારની પુત્રવધૂ નીતાબેન મનીષભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૭) એ ગત ૮ માર્ચના રોજ પોતાની વાડીએ હતા ત્યારે કોઈ બાબતે મનમાં લાગી આવતા આત્મઘાતી પગલું ભર્યું હતું. તેમણે વાડીમાં રાખેલી ખળમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. નીતાબેનને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન આજરોજ નીતાબેને તેમનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક નીતાબેનના પતિ મનીષભાઈ ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મૃતકને સંતાનમાં એક નાની દીકરી છે, જેણે આજે માતાની છત્રછાયા ગુમાવી છે. નીતાબેન પોતાના ભાઈ-બહેનમાં મોટા હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરના રતનપરમાં યુવક પર હુમલો

## મસ્જિદ નજીક ગાળો બોલવાની મનાઈ કરતા ચાર શખ્સોએ માર માર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરના રતનપર વિસ્તારમાં રહેતા સમીરભાઈ ઈસુબભાઈ જેડા પોતાના ઘર પાસે આવેલ મસ્જિદ ખાતે નમાઝ પઢીને બહાર નીકળતા મસ્જીદ નજીક સોયબભાઈ ગાળો બોલતા હોય જેથી ગાળો બોલવાની ના પાડતા રમજાનભાઈ રફીકભાઈ, રફીકભાઈ અબ્દુલભાઈ, મુમતાજબેન રફીકભાઈ તથા રૂકશાનાબેન રફીકભાઈ સહિતનાઓએ એક સંપ થઈ સમીરભાઈ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે ભોગ બનનાર યુવકે હુમલો કરનાર મહિલા સહિત ચાર શખ્સો સામે જોરાવરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પડધરી: રૂ.૫.૧૧ લાખના વિદેશી દારૂ ગુનામાં બુટલેગર જામીન મૂકત

## સ્થાનીક પોલીસે દરોડો પાડી બોલેરોમાંથી ૮૫૨ બોટલ શરાબ પકડાયો તો

**અબતક**
**ભૌમિક તળપદા, પડધરી**

પડધરી નજીક ન્યારી-૧ ડેમ પાસે રંગપર રોડ પરથી સ્થાનિક પોલીસે દરોડો પાડી ૮૫૨ બોટલ વિદેશી દારૂ સાથે ઝડપાયેલા પોપટ નામના શખ્સને રાજકોટ સેશન્સ કોર્ટે જામીન પર છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે પડધરી પોલીસે બાતમીના આધારે ન્યારી-૨ ડેમ પાસે રંગપર રોડ પર રેડ કરી હતી જેમાં ઈંગ્લિશ દારૂની ૮૫૨ બોટલ મળી આવતા કુલ મુદ્દામાલ ૮,૨૧,૨૦૦/- ગણી,કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. પડધરી કોર્ટે જમીન અરજી



એડવોકેટ રાહુલ ડાંગર

નામંજૂર કરતા રાજકોટ સેશન્સ કોર્ટમાં જમીન અરજી કરવામાં આવી હતી જેથી આરોપી વતી રોકાયેલા એડવોકેટ રાહુલ ડી.ડાંગર એ કરેલ ધારદાર દલીલો અને રજુ રાખેલ પુરાવા ને ધ્યાનમાં રાખી સેશન્સ કોર્ટે આરોપીને જમીન પર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ અમિતભાઈ પી જાની, વિવેકભાઈ કે વરસડા, જયદીપભાઈ જાગાણી, દિવ્યેશભાઈ લાખાણી, કેતનભાઈ ચૌહાણ દેવજીભાઈ ચૌહાણ, તેમજ વિશાલભાઈ યાજ્ઞિક રોકાયેલા હતા.

# ઉનાના સનખડા ગામે દેશી દારૂની ભઠ્ઠી પકડાઈ

## એલ.સી.બી.એ દરોડા પાડી ૩૮૯૦૦નો મુદ્દામાલ કબ્જે: બે ફરાર

**અબતક, ઊના**

ઊના: ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણ ભાઈ મોરી, પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ હાજાભાઈ રામ અને સંદીપસિંહ ઝણકાટ ઊના વિસ્તારમા પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે સનખડા ગામની સીમ ખારા વિસ્તારમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચાલુ હોય રેડ પાડતા આરોપી મહાવીરસિંહ ધીરુભાઈ ઝાલા અને કથુભાઈ ધીરુભાઈ ઝાલા રે. સનખડા પોલીસે ને જોઈ નાસી ગયા હતા. અને પોલીસે સ્થળ ઉપર કેન માં ભરેલ દેશી દારૂ ૬૦ લિટર, ગરમ વોશ આથો લી. ૧૦૦લિટર, ઠંડો વોશ આથો ૮૦ લિટર દારૂ બનાવવાના સાધનો અને બે મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૩૮૯૦૦/ નો મુદામાલ કબજે કરી ઊના પોલીસ સ્ટેશન ખાતે લાવી નાસી જનાર બે આરોપી સામે ગુનો દાખલ કર્યો હતો.

# મોરબીના સત્ય-બી એપાર્ટમેન્ટમાં રહીશોના ત્રાસથી વૃધ્ધાનો આપઘાત

## થોડા સમય પહેલા એપાર્ટમેન્ટમાં પાર્કીંગ બાબત થયેલી મારા મારીની ફરીયાદથી હેરાન કરતાં હોવાનો પુત્રનો આક્ષેપ

### પુત્રની ગેરહાજરીમાં માતાએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું: સ્યુસાઈડ નોટના આધારે મહિલા સહિત આઠ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના કંડલા બાયપાસ નજીક આવેલા સત્ય-બી એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતા વૃધ્ધાએ શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી આપઘાત કરી લીધાની ઘટના સામે આવી છે. વૃધ્ધાએ આપઘાત પહેલા લખેલી સ્યુસાઈડ નોટમાં એપાર્ટમેન્ટમાં રહેતા કેટલાક લોકોના નામ લખી ત્રાસ આપ્યાનો ઉલ્લેખ કર્યો હતો. આ નોટના આધારે પોલીસે મહિલા સહિત કુલ ૮ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, ફરિયાદી નરેન્દ્રભાઈ છગનભાઈ પાચોટિયા ઉવ.૪૪ હાલ કંડલા બાયપાસ રોડ સત્ય-બી એપાર્ટમેન્ટ મૂળ નવા સાદુળકા ગામના વતનીએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આ જ એપાર્ટમેન્ટમાં રહેતા આરોપીઓ મનોજભાઈ રમણીકભાઈ આદ્રોજા, વિશાલભાઈ અમરશીભાઈ ઘોડાસરા, નિલેશભાઈ પ્રભુભાઈ બારૈયા, ભાવીકભાઈ કારૂભાઈ વિરમગામા,કેવલ કારૂભાઈ વિરમગામા, રમણીકભાઈ ઉર્ફે ધામી આદ્રોજા, નાનજી જીવાણી તથાવિલાસબેન સવસાણી તમામ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી કે, તેઓ પરિવાર સાથે સત્ય-બી એપાર્ટમેન્ટમાં રહે છે. તેમની માતા સવિતાબેન પણ તેમના સાથે જ રહેતા હતા. ગત તા. ૫ માર્ચ ૨૦૨૬ના રોજ વહેલી સવારે લગભગ છ વાગ્યાના આસપાસ સવિતાબેને એપાર્ટમેન્ટના ધાબાની રૂમમાં જતી સીડીઓ પાસે દોરી અને ચૂંદડી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટના બાદ પરિવારજનોને વૃધ્ધાના હાથેથી લખાયેલી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. તેમાં એપાર્ટમેન્ટમાં રહેતા ઉપરોક્ત લોકો દ્વારા વારંવાર ગાળો આપી, ધમકી આપી અને અપમાનિત કરવામાં આવતાં હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ફરિયાદ મુજબ અગાઉ એપાર્ટમેન્ટમાં પાર્કિંગ બાબતે થયેલા ઝઘડાને લઈને પણ ફરિયાદી અને તેમના પરિવારજનોને માર માર્યાનો અને આ બાબતે અગાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હોવાને કારણે આરોપીઓ ખાર રાખી ફરિયાદી પરિવારને હેરાન કરતા રહેતા હતા અને ફરિયાદીની ગેરહાજરીમાં તેમની માતાને ધમકાવતા હતા. સ્યુસાઈડ નોટમાં વૃધ્ધાએ પરિવારજનોને જણાવ્યું હતું કે તેઓ આ લોકોના ત્રાસથી કંટાળી ગયા છે અને હવે તેમની સાથે રહેવું મુશ્કેલ બની ગયું છે. હાલ પોલીસે તમામ આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જિલ્લામાં ગ્રામીણ પાણી પુરવઠાના કામોની કલેકટરે આપી સૈધ્ધાંતિક મંજુરી

### જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને વાસ્મો તથા પાણી સમિતિની બેઠક યોજાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**




મોરબી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠાની વ્યવસ્થાને વધુ વ્યાપક અને સુદ્રઢ બનાવવાના ઉમદા હેતુથી જીલ્લા કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ અને જીલ્લા જલ સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન હળવદ તાલુકાના કોયબા (હરિપર) ખાતે બોર શારકામ અને પમ્પિંગ મશીનરી તેમજ મોરબી તાલુકાના ઝીંઝુડા ગામે હયાત બોર પર નવી મશીનરી બેસાડવાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. કલેક્ટરે રણકાંઠાના છેવાડાના ગામોમાં પીવાના પાણીની કોઈ સમસ્યા ન આવે તે બાબતે ખાસ સૂચના આપી હતી. ઉપરાંત ઘોડાધ્રોઈ ડેમ આધારિત ૮ ગામોના જૂથ માટેની યોજના અને માળિયા-હળવદ તાલુકાની વિવિધ રજૂઆતોના હકારાત્મક નિકાલ તથા જલ અર્પણ કાર્યક્રમ અને ગતિ શક્તિ પોર્ટલની પ્રગતિ બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી, જીલ્લા પાણી પુરવઠા અધિકારી અને વાસ્મોના યુનિટ મેનેજર એમ.એસ. દામા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.વી. શ્રીવસ્તાવ અને સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીની આયુષ હોસ્પિટલનાં ડો.સત્યજીતસિંહે ગંભીર સ્થિતિમાં આવેલા દર્દીને આપ્યું નવજીવન



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીની આયુષ હોસ્પિટલમાં તાજેતરમાં એક પડકારજનક કેસમાં ડૉ.સત્યજીતસિંહ જાડેજા અને તેમની ટીમે મોટી સફળતા મેળવી છે. તા.૩ માર્ચના રોજ ૬૩ વર્ષના એક દર્દીને ગંભીર હાલતમાં હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન દર્દીનું હૃદય બંધ પડી ગયું હતું, ઓક્સિજન લેવલ માત્ર ૫૦ ટકા હતું અને બીપી પણ માપી શકાય એટલું ઓછું હતું. દર્દીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી તેમને તાત્કાલિક વેન્ટિલેટર પર મુકવામાં આવ્યા હતા. સાથે જ હોસ્પિટલની ટીમ દ્વારા હૃદયને કૃત્રિમ રીતે સીપીઆર આપી પંપિંગ કરવામાં આવ્યું અને જરૂરી દવાઓ આપવામાં આવી હતી. આ ઝડપી અને યોગ્ય સારવારના પરિણામે બંધ પડી ગયેલું હૃદય ફરીથી ધબકવા લાગ્યું હતું. આ પછી દર્દીને આઈસીયુમાં દાખલ કરી સતત સારવાર આપવામાં આવી હતી. સચોટ નિદાન અને સારવારના અંતે માત્ર ૬ દિવસમાં દર્દીની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો હતો અને અંતે તેમને હસતા મોઢે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

# ધ્રાંગધ્રા: પીજીવીસીએલ અને પોલીસ ચેકીંગ ડ્રાઈવમાં રૂ.૧.૩૨ કરોડની વિજ ચોરી ઝડપાઈ

## ૩૭ ટીમોએ ૬૧૨ કનેકશન ચેક કરી ૮૯ માંથી ઝડપી ગેરરીતી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ ધાંગધ્રા ડિવિઝનમાં અસામાજિક તત્વો અને માથાભારે વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાં આ અભિયાન અંતર્ગત પીજીવીસીએલ અને પોલીસના સંયુક્ત દળ દ્વારા ખેરવા, ગેડિયા અને જેજરી સહીત વિવિધ ગામોમાં વીજ ચોરી અટકાવવા માટે સંઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

પીજીવીસીએલની વિજિલન્સની કુલ ૩૭ ટીમો સાથે પોલીસ દળે ધાંગધ્રા હેઠળના ખેરવા, ગેડીયા, જેજરી સહિતના ગામોમાં તપાસ હાથ ધરી કામગીરીમાં જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી જે.ડી. પુરોહિત પીજીવીસીએલના અધિકારીઓ હાજર રહ્યા હતા ચેકિંગ દરમિયાન ૬૧૨કનેક્શનની તપાસ જેમાંથી ૮૯ કનેક્શનમાં વીજ ચોરી પકડાઈ હતી. આ મામલે કુલ રૂ ૧ કરોડ ૩૨ લાખ ૮ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું જિલ્લા પોલીસવડા તથા પીજીવીસીએલના અધિકારીઓએ જણાવ્યું હતું કે વીજ ચોરી અને ગેરકાયદેસર કનેકશન સામે આવનારા દિવસોમાં પણ આ પ્રકારની સઘન અને સંઘર્ષ ચેકિંગ કાર્યવાહી વધુ તેજ કરવામાં આવશે. આ અભિયાનથી વીજ ચોરી કરનાર તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

# હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સ દાખલ થતાં પોલીસ હરકતમાં

## અંજાર પોલીસે સગીરાને શોધી આરોપીને ઝડપી લીધો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણની ફરિયાદમાં બાળ કિશોરીના પરિવારે ગુજરાત હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સ દાખલ કરાવેલ હોઈ જે બાળ કિશોરીને શોધવા માટે અંજાર પીઆઈ એ આર ગોહિલની સુચનાના આધારે અલગ અલગ પોલીસ ટીમો પ્રયત્નશીલ હોઈ જે અંગે હ્યુમન સોર્સથી આરોપી તથા બાળ કિશોરી હાલે કુકમા ગામની નજીક વાડી વિસ્તારમાં હોવાની હકિકત મળતા પીઆઈએ તુરંત એક પોલીસ ટીમ મોકલી આપી જરૂરી વર્કઆઉટ કરી બાળ કિશોરી તથા આરોપી મહેશ રઘુભાઈ ઠાકોરને પકડી બાળ કિશોરીને આરોપીના કબ્જા માંથી મુકત કરાવી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.આ કામગીરી અંજાર પીઆઈ એ.આર.ગોહીલ, પીએસઆઈ જે.એસ.ચુડાસમા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવી છે.

# મોરબી: યુ.સી.ડી. શાખા દ્વારા સખી મંડળની બહેનોને યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી મહાનગરપાલિકાના અર્બન કોમ્યુનિટી ડેવલોપમેન્ટ વિભાગ દ્વારા તા. ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડે.એન.યુ.એલ.એમ. યોજના અંતર્ગત સામાજિક અને સંસ્થાકીય વિકાસ ઘટક હેઠળ રચાયેલ સખી મંડળની બહેનોને વાસ્તવિક અર્થમાં સ્વાવલંબી બનાવવા આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલાઓને રોજગારીની તકો, નાના વ્યવસાય માટેની વિવિધ સરકારી યોજનાઓ, બચત કાર્ડ, આરોગ્ય જાગૃતિ તેમજ મહિલાઓના અધિકારો અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ઘરે બેઠા રોજગાર મેળવી આવક વધારવા માટે લાઈવ ડેમો પણ આપવામાં આવ્યો હતો. જેમાં આશરે ૭૦ જેટલી મહિલાઓએ ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

આ સાથે ડે.એન.યુ.એલ.એમ. યોજના હેઠળ ધરવિહોણા લોકોને આશ્રય આપતા મોરબી મહાનગરપાલિકાના મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે રહેનાર મહિલાઓ માટે પણ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મોરબી મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

# મોરબી: 'લૂ' થી બચવા આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર

## બપોરના સમયે સીધો તડકો ટાળવા અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવા તંત્રનો અનુરોધ.

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી: ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં રાજ્યભરમાં તાપમાનમાં ઉત્તરોત્તર વધારો થવાની શક્યતા છે, જેના પગલે મોરબી જીલ્લામાં પણ ગરમીનો પ્રકોપ અને હીટવેવની સંભાવના વધી છે. આ ગંભીર પરિસ્થિતિમાં નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાને રાખીને 'લૂ' થી બચવા અને જરૂરી સાવચેતી રાખવા જીલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા માર્ગદર્શિકા બહાર પાડી ખાસ અપીલ કરવામાં આવી છે. ગરમીના કારણે શરીરમાં પાણીનું પ્રમાણ ઘટવું (ડીહાઈડ્રેશન), અસહ્ય માથાનો દુખાવો, ચક્કર આવવા, ઉબકા કે આંખે અંધારા આવવા જેવા લક્ષણો 'લૂ' (હીટ સ્ટ્રોક) ની નિશાની હોઈ શકે છે. આથી, જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નાગરિકોને બચાવના ઉપાયો તરીકે શક્ય હોય ત્યાં સુધી બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવા, આખું શરીર ઢંકાય તેવા સફેદ સુતરાઉ કપડાં પહેરવા તેમજ ટોપી, ચશ્માં કે છત્રીનો ઉપયોગ કરવા જણાવાયું છે. દિવસ દરમિયાન સતત પાણી, લીંબુ શરબત, છાશ કે ઓ.આર.એસ. (ORS) નું સેવન કરી શરીરને હાઈડ્રેટેડ રાખવું અત્યંત જરૂરી છે.

# મોરબી જીલ્લાના ખેડુતો રાસાયણિક ખેતી છોડી ઝેરમુકત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં ખાસ કરીને કપાસ, મગફળી, જીરું અને એરંડા જેવા પરંપરાગત પાકો ઉપરાંત લીંબુ, દાડમ, જામફળ અને હળવદ પંથકની શેરડીના પાકમાં પણ ખેડૂતો સફળતાપૂર્વક પ્રાકૃતિક પદ્ધતિ અપનાવી રહ્યા છે. રાસાયણિક ખેતીને કારણે વધતા જતા કેન્સર જેવા ગંભીર રોગો સામે લાલબત્તી સમાન સ્થિતિ ઊભી થઈ છે. ત્યારે સરકાર દ્વારા પણ ખેડૂતોને ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વાળવા ખાસ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહ્યું છે. જેના પરિણામે માત્ર ખેતી ખર્ચમાં ઘટાડો થયો છે એટલું જ નહીં, પરંતુ જમીનની સાથે ખેત પેદાશોની ગુણવત્તામાં પણ ધરખમ સુધારો જોવા મળ્યો છે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રે 'મોડેલ સ્ટેટ' બનવા તરફ અગ્રેસર છે. મોરબી જીલ્લાના પ્રગતિશીલ ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી પદ્ધતિને અપનાવી લોકોના આરોગ્યની જાળવણી અને ગૌવંશના સંરક્ષણના આ પવિત્ર કાર્યમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

# મોરબી: ૧૦૦ લીટર દેશી દારૂ સાથે શ્રમિક પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમને બાતમી મળી કે, મયુર બટુકભાઈ વાઘેલા પંચાસર ચોકડી પાસે આવેલ ઓરડીમાં દેશી દારૂ રાખી તેનું વેચાણ કરે છે, જેથી તુરંત ઉપરોક્ત સ્થળે એલસીબી ટીમ દ્વારા દરોડો પાડવામાં આવતા, જે ઓરડીમાંથી ૧૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૨૦ હજાર સાથે આરોપી મયુરભાઈ બટુકભાઈ વાઘેલા ઉવ.૩૯ રહે. વેજીટેબલ રોડ ભાગ્યલક્ષ્મી સોસાયટી મોરબી-૨ વાળાની અટક કરવામાં આવી હતી.

આરોપીની સઘન પૂછપરછમાં દેશી દારૂનો ધંધો અશોકસિંહ હનુભા ઝાલા રહે. મૂળ નસીતપર તા.ટંકારા હાલ રહે રતનપર તા.જી.રાજકોટ વાળાનો હોય અને પોતે દરરોજના ૭૦૦/- લેખે દારૂ વેચવાનું કામ કરતો હોય, જ્યારે આ દેશી દારૂનો જથ્થો દિલવારસિંહ ઉર્ફે ગોપી ઝાલા રહે. નસીતપર તા.ટંકારા વાળો આપી ગયા હોવાની કબૂલાત આપી હતી. હાલ એલસીબી પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

# ચરાડવા ગામે ટ્રકની ઠોકરે બાઈક ચાલકનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ-મોરબી હાઈવે રોડ પર ચરાડવા ગામના ઉગમણા ઝાપે દલવાડી સમાજની વાડી પાસે અકસ્માતની દુઃખદ ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ ગત તા. ૯ માર્ચના રોજ ટ્રક ટ્રેઈલર રજી.નં. એચઆર-૩૮-એબી-૦૪૭૮ ના ચાલકે પોતાના હવાલા વાળું વાહન બેદરકારીપૂર્વક અને પુરઝડપે ચલાવી આવી બાઈકને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક કુલદીપસિંહ ઉમેદસિંહ અસ્વારને માથા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ ઉપર જ મોત થયું હતું. અકસ્માત સર્જી ટ્રક ટ્રેઈલરનો ચાલક વાહન મુકીને ફરાર થઈ ગયો હતો. હાલ અકસ્માતના બનાવ મામલે મૃતકના કાકા ગુલાબસિંહ રામભા અસ્વાર રહે. પાંડાતીરથ તા. હળવદ વાળાની ફરિયાદને આધારે હળવદ પોલીસે આરોપી ટ્રક ટ્રેઈલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ નજીક ૧૫૦ લીટર આથો ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદમાં એલ.સી.બી. મોરબીની ટીમને મળેલી બાતમીના આધારે જુના દેવળીયા અને નવા દેવળીયા ગામના તળાવ વચ્ચેના વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન બાવળના ઝૂંડમાં આરોપી ચંદુભાઈ અમરશીભાઈ દુદાણા રહે. મોતીનગર જુનાદેવળીયા તા.હળવદ વાળાની કબ્જાવાળી જગ્યામાં દેશી દારૂ બનાવવાનો અંદાજે ૧૫૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૩,૭૫૦/- મળી આવ્યો હતો. દરોડા દરમિયાન આરોપી ચંદુભાઈ દુદાણા હાજર નહિ મળી આવતા પોલીસે તેને ફરાર જાહેર કરી આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી ફાયર શાખાએ ૧૦૫ સરકારી કર્મચારીઓને ફાયર પ્રિવેન્શનની આપી ટ્રેનિંગ

## સરકારી કચેરીઓમાં તાલીમ, કોમ્પ્લેક્ષ અને સમાજવાડીઓમાં ફાયર સેફ્ટી ચેકિંગ, નવા ફાયર વાહનો માટે રૂ. ૧૨ કરોડથી વધુનો વર્ક ઓર્ડર જારી

**અબતક, ઋષી મહેતા, મોરબી**



મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખાએ આગ જેવી દુર્ઘટનાઓ સામે સજાગતા વધારવા માટે ત્રણ સરકારી કચેરીઓમાં ૧૦૫ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ આપી હતી. સાથે શહેરની કોમ્પ્લેક્ષ, સમાજવાડી અને ઉદ્યોગ એકમોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી હાથ ધરવામાં આવી અને એનઓસી ન ધરાવતા બિલ્ડીંગોને નોટિસ આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન આગ લાગતી વખતે લેવાય તેવા પ્રાથમિક પગલાં, ફાયર એક્સ્ટિંગ્વિશર સહિતના સાધનોનો યોગ્ય ઉપયોગ તેમજ ઈમરજન્સી સમયે કરવાના પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત પ્રિવેન્શનના ભાગરૂપે શહેરની સમાજવાડી, કોમ્પ્લેક્ષ અને ઈન્ડસ્ટ્રીઝ જેવી ઈમારતોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફાયર એનઓસી ન ધરાવતા બિલ્ડીંગોને નોટિસ પાઠવી જરૂરી સૂચનો અને ગાઈડલાઈન આપવામાં આવી છે. અગાઉ આપવામાં આવેલી નોટિસના અનુસંધાનમાં અત્યાર સુધી ૧૯૦ કોમ્પ્લેક્ષ અને ૩૮ સમાજવાડીઓમાં ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવાની કામગીરી હાથ ધરાઈ છે. હાલમાં મિનિ ફાયર ટેન્ડર, ૧૨ કેએલ વોટર બાઉઝર, ટર્ન ટેબલ લેડર, ફાયર બુલેટ અને ફાયબર બોટ સહિત કુલ ૧૦ જેટલા ફાયર વાહનો અને સાધનો કાર્યરત છે. ઉપરાંત શહેરમાં વધુ સક્ષમ સેવા પૂરી પાડવા માટે અંદાજિત રૂ. ૧૨ કરોડથી વધુના ખર્ચે સાત નવા ફાયર વાહનો માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે, જે જાન્યુઆરી ૨૦૨૬થી જૂન ૨૦૨૬ દરમિયાન તબક્કાવાર ઉપલબ્ધ થવાના છે. આગ કે અન્ય દુર્ઘટના સમયે નાગરિકો મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના ફોન નં. (૦૨૮૨૨) ૨૩૦૦૫૦ તેમજ ૧૦૧ અથવા ૧૧૨ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# વાંકાનેરના ભેરડા ગામે પ્લાન્ટના લેબર ક્વાર્ટરમાંથી રૂ.૧.૯૪ લાખના ચોરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના ભેરડા ગામની સીમમાં આવેલ મિનરલ્સ પ્લાન્ટના લેબર ક્વાર્ટરમાં અજાણ્યા તસ્કરોએ તાળા તોડી આશરે ૮૦૦ મીટર વાયર તથા અન્ય સામાન સહિત રૂ. ૧.૯૪ લાખની ચોરી કરી હતી.

વાંકાનેર તાલુકાના ભેરડા ગામની સીમમાં આવેલ ગુરૂકૃપા મિનરલ્સ નામના ગળદા (બેલા પથ્થર)ના પ્લાન્ટના લેબર ક્વાર્ટરમાં ચોરીની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ તા. ૬ માર્ચની સાંજે ૫ વાગ્યાથી તા. ૭ માર્ચની સવારે ૮ વાગ્યા વચ્ચેના કોઈપણ સમયે અજાણ્યા ચોરો ક્વાર્ટરના તાળા તોડી ક્વાર્ટરમાં રાખેલ ૦૬ એમ.એમ. પટ્ટી કેબલ વાયર આશરે ૮૦૦ મીટર કિ.રૂ. ૧,૮૬,૪૦૦/- તેમજ પાવર સપ્લાયના ૮ સ્ટાટર કિ.રૂ.૮,૦૦૦/- સહિત કુલ રૂ.૧,૯૪,૪૦૦/-ની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે પ્લાન્ટના માલિક બલભદ્રસિંહ રણજીતસિંહ જાડેજા રહે. પેડક સોસાયટી દિગ્વીજયનગર વાંકાનેર વાળાએ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના શનાળા ગામે કારમાંથી બિયરનો જથ્થો ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શકત શનાળા ગામે મંદિર પાછળથી શંકાસ્પદ સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૩૬-એસી-૧૫૭૭ આવતા તેને રોકી, કારની તલાસી લેતા તેમાંથી બર્ડ વાઈઝર મેગનમ બિયરના ૧૭ ટીન કિ.રૂ.૨૦૪૦/- મળી આવ્યા હતા. આ સાથે પોલીસે આરોપી વિશ્વરજસિંહ અનુભા જાડેજા ઉવ.૨૧ રહે શકત શનાળા પ્લોટ વિસ્તાર મોરબી વાળાની અટકાયત કરી, સ્વીફ્ટ કાર સહિત રૂ.૩,૦૨,૦૪૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સત્તાધીશોની એક સહીના વાંકે તાતાનો મુંદ્રા પ્લાન્ટ મહિને રૂ.૧૦૦ કરોડની નુકસાની કરી રહ્યો છે

## પ્લાન્ટ આયાતી કોલસા પર નિર્ભર હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં કોલસાના ભાવ વધતા જૂના ભાવે વીજળી વેચવી ટાટા માટે નુકસાનનો સોદો

**અબતક, મુંદ્રા**

દેશના સૌથી મોટા પાવર પ્લાન્ટ્સમાં જેની ગણના થાય છે, તે ટાટા પાવરનો ૪,૦૦૦ મેગાવોટનો મુંદ્રા પ્લાન્ટ આજે સરકારી લાલ ફીતાશાહીનો ભોગ બન્યો છે. ગુજરાત સરકાર સાથેના એક છેલ્લા કરાર પર સહી ન થવાને કારણે આ વિશાળ પ્રોજેક્ટ શોભાના ગાંઠિયા જેવો બની ગયો છે અને કંપની પર દર મહિને ૧૦૦ કરોડ રૂપિયાની નુકશાનીનો પહાડ તૂટી રહ્યો છે.

ટાટા પાવરના મેનેજમેન્ટ દ્વારા વારંવાર રોકાણકારોને ખાતરી આપવામાં આવી રહી છે કે ગુજરાત સરકાર સાથેની વાતચીત અંતિમ તબક્કામાં છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા ચાર મહિનાથી આ ''અંતિમ તબક્કો'' પૂરો જ નથી થઈ રહ્યો. કંપનીના CFO સંજીવ ચુરીવાલાના જણાવ્યા મુજબ, પ્લાન્ટ બંધ રહેવાને કારણે છેલ્લા ૯ મહિનામાં અંદાજે ₹૮૦૦



કરોડનું નુકસાન ચોપડે નોંધાઈ ચૂક્યું છે.

આ પ્લાન્ટ આયાતી કોલસા પર નિર્ભર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કોલસાના ભાવ વધતા જૂના ભાવે વીજળી વેચવી ટાટા માટે નુકસાનનો સોદો છે.જ્યાં સુધી ગુજરાત સરકાર 'સપ્લીમેન્ટરી પાવર પરચેઝ એગ્રીમેન્ટ' પર હસ્તાક્ષર ન કરે, ત્યાં સુધી અન્ય ચાર રાજ્યો (મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને પંજાબ) પણ આગળ વધી શકે તેમ નથી.

ટાટા પાવરના સીઈઓ પ્રવીર સિંહાના મતે, માત્ર એક જ મુદ્દો અટકયો છે, પરંતુ સરકાર તરફથી તે અંગે સ્પષ્ટતા આવવામાં વિલંબ થઈ રહ્યો છે. પાવર અત્યારે સોલર અને ગ્રીન એનર્જીમાં કરોડોનો નફો કરી રહી છે, પણ મુંદ્રાનો આ કોલસા પ્લાન્ટ સત્તાધીશોની ઉદાસીનતાને કારણે કંપનીની બેલેન્સશીટમાં મોટું ગાબડું પાડી રહ્યો છે. હવે જોવાનું એ છે કે ક્યારે સરકારની કલમ ચાલે છે અને ક્યારે મુંદ્રાનો આ પ્લાન્ટ ફરી વીજળી પેદા કરતો થાય છે.

### અદાણીનો પ્લાન્ટ ધમધમે, ટાટાનો કેમ થંભે?

મુંદ્રામાં જ આવેલો અદાણી પાવરનો પ્લાન્ટ અત્યારે કાર્યરત છે. અદાણીના પ્રોજેક્ટમાં કોલસાના પૂરવઠા અને કરારોનું આયોજન અલગ હોવાથી તેઓ ટકી ગયા છે, જ્યારે ટાટાનો પ્લાન્ટ સરકારી મંજૂરીના અભાવે શાંત પડ્યો છે.

### ઉનાળા પૂર્વે જ આર્થિક 'શોર્ટ સર્કિટ

ભારતમાં આગામી ઉનાળામાં વીજળીની માંગ રેકોર્ડબ્રેક ૨૮૦ ગીગાવોટ સુધી પહોંચવાની ધારણા છે. જો સત્તાધીશો હજુ પણ પોતાની ફાઈલો દબાવીને બેસી રહેશે, તો માત્ર ટાટા પાવરને આર્થિક નુકસાન જ નહીં, પણ સામાન્ય જનતાને પણ અંધારપટ કે વીજ કાપનો સામનો કરવો પડી શકે છે.

---

**પોલીસને ખંભે બંદુક ફુટી?**

# ભાયાવદરઃ વ્યાજંકવાદી ઘટનામાં ભાગ બટાઈને લઈ કાચું કપાયું?

## ૨૦ વર્ષ જુની ઘટનાની ફરીયાદથી સ્થાનિકોમાં ચર્ચાઃ તપાસ થાય સત્ય ઘટના પ્રકાશમાં આવે?

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકોની વ્હારે તંત્ર આવી ભાવનાત્મક કાર્ય કરતી હોય છે. જેમાં સુકા વાહે લીલુ બળતું હોવાની ઘટનાઓ અવાર નવાર પ્રકાશમાં આવે છે. જેમાં ભાયાવદર પોલીસે દ્વારા લોક દરબાર યોજી જેમાં વ્યાજની ચુંગાલમાંથી આમ નાગરીકોને છોડાવ્યા માટે લોન મેળાનું આયોજન કર્યુ હતું. જેમાં વ્યાજખોર દરજી યુવાન સામે ૨૦ વર્ષ બાદ ફરીયાદ નોંધાતા શહેરમાં ચર્ચાએ જોર પકડયું છે. ક્રાઈમ કુંડળી ધરાવતા શખ્સે ભાગ બટાઈને લઈ કયાંક કાચુ કપાના સ્થાનીક નાગરીકોએ આશંકા વ્યકત કરી છે. તપાસ થાય તો સત્ય ઘટના પ્રકાશમાં આવે તેવું ચર્ચાય રહ્યું છે.




મુળ ભાયાવદર અને હાલ રાજકોટ રેલ નગર પાસે રહેતા નિલેશ નાનાલાલ મકવાણા સામે દુધના ધંધાર્થી રતિલાલ ડાયાભાઈ પરમાર દ્વારા સોનાના દાગીના ઉપર ધિરાણ આપી રૂપિયા આપી દિધા હોવા છતાં ધરેણા પરત નથી આપેલ તેવી ફરીયાદ પોલીસને આપતા પોલીસે નિલેશ મકવાણાને ગુનો દાખલ કરી ધરપકડ કરેલ હતી. પણ આ સમગ્ર ઘટનામાં સ્થાનીક પોલીસે વર્ષો જુની ઘટનાની ઉડાણપૂર્વક તપાસ કરી હોત તો દુધ નું દુધ અને પાણીનું પાણી થઈ જાત જાણકારો પાસેથી મળતી માહીતી મુજબ જો નિલેશ મકવાણાની ઉંડી પુછપરછ કરવામાં આવે તે હજુ ઘણાયના તપેલા ચડી જાય તેવું જણાઈ રહ્યું છે. નાણા ધિરધાર નિલેશ મકવાણા અને તેની પાસેથી નાણા લઈ અન્ય નાગરીકોને પણ ઉંચા વ્યાજે નાણા આપતા હોવાનું સ્થાનીકોએ જણાવ્યું છે. આ ઘટનામાં સ્થાનીક પોલીસ પણ શંકાના દાયરામાં હોવાનું જણાઈ આવે છે આ ઘટના અંગે બે-ચાર દિવસમાં નવાજુનીના એંધાણ વર્તાઈ રહ્યા છે.

---

# વિરપુરથી ૧૭ વર્ષ પૂર્વે ગુમ થયેલી ૩૬ વર્ષીય મહિલા રાજસ્થાનથી મળી આવી

## જેતપુર તાલુકા પોલિસેં મહિલાને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું

**અબતક, રાજકોટ**

વિરપુરથી ૧૭ વર્ષ પૂર્વે ભેદી રીતે ગુમ થયેલી ૩૬ વર્ષીય મહિલાને જેતપુર તાલુકા પોલિસેં રાજસ્થાન ખાતેથી શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ગુમ થયેલ બાળકો અને મહિલાઓને શોધી કાઢવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે જેતપુર તાલુકા પોલીસ મથકમાં તા. ૧૯-૦૩-૨૦૦૯ ના રોજ નોંધાયેલી ગુમ નોંધની તપાસ કરવા જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ એ એમ હેરમાના માર્ગદર્શન હેઠળ એક ટીમને તપાસ અર્થે રાજસ્થાન રવાના કરવામાં આવેલ હતી. જેમાં એએસઆઈ



વિપુલભાઈ મારુ, હેડ કોન્સ્ટેબલ અજીતભાઈ ગંભીર અને મનેશભાઈ જોગરાદિયાને હ્યુમન તથા ટેકનિકલ મદદથી મળેલી હકીકતના આધારે ૧૭ વર્ષ પૂર્વે ગુમ થયેલ મહિલા ગંગાબેન પ્રભુભાઈ સોઢા (ઉવ ૩૬ રહે. વીરપુર લ, રાજકોટ મૂળ રહે. બખાસર, ચોટણ, રાજસ્થાન) ને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવવામાં આવ્યું હતું.

---

# ગોંડલના પ્રમુખનગરના મકાનમાંથી રૂ.૨.૯૬ લાખનો દારૂ ઝડપાયોઃ પિતાની ધરપકડ, પુત્ર ફરાર

## ઋષિરાજસિંહ દારૂનો જથ્થો લઈ આવી રસોડાના સ્ટોર રૂમમાં છુપાવી છૂટકમાં વેંચાણ કરતો 'તોઃ રૂરલ એલસીબીની ટીમની મોટી કાર્યવાહીઃ મુખ્ય સૂત્રધારની શોધખોળ

**અબતક, રાજકોટ**

રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની ગોંડલ મુલાકાત બાદ રૂરલ પોલીસ એકશનમાં આવી છે અને કડક કાર્યવાહી શરૂ કરી છે ત્યારે ગોંડલના પ્રમુખનગરમાં આવેલ મકાનમાં દરોડો પાડી મોંઘી દારૂની બોટલો સાથે પિતા ઝડપાયો હતો અને મુખ્ય સૂત્રધાર પુત્ર ફરાર થઈ જતાં તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે રૂ.૨.૯૬ લાખની ૧૦૭ બોટલ દારૂ જપ્ત કર્યો હતો.



દરોડાની વિગત મુજબ, રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી. વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ કે.એમ.ચાવડા અને હરદેવસિંહ ગોહિલ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ જયવીરસિંહ રાણા, અનિલ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, ભગીરથસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ રણજીત બોરડને ગોંડલ આશાપુરા ચોકડી પ્રમુખનગરમાં કે રૂષીરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલા પોતાના મકાનમાં વિદેશી દારૂની બોટલો રાખેલ છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી ત્યાં હાજર નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલા (ઉ.વ.૬૫) ને અટકમાં લઈ પૂછતાછ કરતાં રૂષીરાજસિંહ તેમનો પુત્ર હોવાનુ જણાવેલ હતું.

જે બાદ પોલીસની ટીમે મકાનમાં તપાસ કરતાં કબાટમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવતાં કુલ દારૂની ૧૦૭ બોટલ રૂ.૨.૯૬ લાખ અને મોબાઈલ સહિતનો મુદામાલ કબ્જે કરી પૂછતાછ આદરી હતી. વધુમાં પકડાયેલ શખ્સે જણાવ્યું હતું કે, તેમનો પુત્ર ઋષિરાજ દારૂનો જથ્થો વેંચાણ માટે લઈ આવતો અને તે રસોડાના સ્ટોર રૂમમાં આવેલ કબાટમાં છુપાવીને છૂટકમાં ગ્રાહકોને વેચાણ કરતો હતો. હાલ પોલીસે નાસી છૂટેલા ઋષિરાજસિંહની શોધ ખોલ હાથ ધરી છે.

---

# વિરપુરમાં ઉલ્ટી ગંગા જેવો બનાવઃ ૨૧ વર્ષીય યુવતી ૧૭ વર્ષના કિશોરને ભગાડી ગઈ

## સગીરનો કબ્જો વાલીઓને સોંપાયો મૂળ એમપીની યુવતીની ધરપકડ

**અબતક, રાજકોટ**

વીરપુરમાં ઉલટી ગંગા જેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ૨૧ વર્ષની યુવતી સામે ૧૭ વર્ષના કિશોરને ભગાડી જવા અંગે ગુનો નોંધાયો હતો. વીરપુર પોલીસે બંનેને સુરતથી શોધી કાઢયા હતા.

પોલીસ પાસેથી પ્રાપ્ત વિગત મુજબ વીરપુરમાં રહેતાં ૧૭ વર્ષના કિશોર અને મૂળ મધ્યપ્રદેશની ૨૧ વર્ષની યુવતી ઈન્સ્ટાગ્રામથી એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. ત્યાર પછી બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. આખરે બંનેએ ભાગી જવાનું નકકી કર્યું હતું. યુવતી હાલ બાબરા પંથકમાં રહેતી હતી. જયાંથી તે ગોંડલ આવી હતી. જયારે વીરપુરનો કિશોર પણ ગોંડલ પહોંચ્યો હતો. ગોંડલથી બસમાં બેસી બંને ભાગી ગયા હતા.

યુવતી કિશોર કરતાં મોટી હોવાથી ભગાડી જવા અંગે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો. ગઈ તા.૬નાં રોજ આ અંગે ફરિયાદ નોંધાયા બાદ વીરપુર પોલીસે બંનેની શોધખોળ શરૂ કરી હતી. આખરે બંને સુરતથી મળી આવતાં વીરપુર લઈ આવી કિશોરનો કબજો તેના વાલીઓને સોંપી દીધો હતો. જયારે યુવતીની પોલીસે અપહરણના ગુનામાં ધરપકડ કરી હતી.

આ પ્રકારના મોટાભાગના કિસ્સાઓમાં પ્રેમી સામે ગુનો નોંધાતો હોય છે. જયારે આ કિસ્સામાં પ્રેમિકા સામે ગુનો નોંધાયો છે. આ જ કારણથી આ કિસ્સો અપવાદરૂપ બની ગયો છે.

**ઈન્સ્ટાગ્રામમાં સંપર્ક થયાં બાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યોઃ વિરપુર પોલિસે બંનેને સુરતથી શોધી કાઢ્યાં**

---

# બોટાદના નિવૃત શિક્ષક સાથે રાજકોટમાં હનીટ્રેપઃ પરાણે શરીર સંબંધ બંધાવી ૧૨ લાખ પડાવ્યાં

## પેન્શનની રકમનું જમીનમાં રોકાણ કરવા પરિચિત પાયલ પટેલનો સંપર્ક કરતા વૃદ્ધ ફસાયા બસ સ્ટેન્ડ પાછળ એલેક્ષા હોટેલમાં રોકાતા પાયલ અન્ય બે યુવતીઓ સાથે આવી

## એક યુવતીએ કપડાં ઉતારી ધરાર શારીરિક સંબંધ બંધાવ્યો અને બીજીએ વિડીયો ઉતારી લીધોઃ જો બંનેને ૪૦-૪૦ લાખ નહિ આપો તો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી

## અંતે ૧૨ લાખમાં સમાધાન કરી નાણાં ટ્રાન્સફર કરાવી લીધાઃ વધુ નાણાંની ઉઘરાણી કરતા વૃધ્ધે ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

બોટાદના નિવૃત શિક્ષક સાથે રાજકોટમાં પરાણે શરીર સબંધ બાંધી રૂ.૧૨ લાખ પડાવી લેવાનો બનાવ સામે આવતાં ચકચાર જાગી છે. શિક્ષકની ફરજ પરથી નિવૃત્ત થતાં વૃધ્ધને પેન્સનની રકમ જમીનમાં રોકવા માટે અગાઉ પરિચયમાં આવેલ ગાંધીનગરની પાયલનો સંપર્ક કર્યો અને બંને રાજકોટ આવી બસ સ્ટેન્ડ પાછળ આવેલ એલેક્ષા હોટલમાં ઉતર્યા હતાં. જ્યાં સાથે રહેલ અને અન્ય એક યુવતીએ પોતાના કપડા કાઢી પરાણે શરીર સબંધ બંધાવી અન્ય યુવતીએ વિડીયો ઉતારી જો ૪૦-૪૦ લાખ નહીં આપે તો ન્યૂડ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ૧૨ લાખ પડાવી લેતાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે બોટાદમાં ભાંભણ રોડ પર હીફલી શેરી નં.૯ માં રહેતાં બટુકભાઈ માનસંગભાઈ પટેલ (ઉ.વ.૫૯) ૨ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પાયલ ભાવીન પટેલ (રહે. ગાંધીનગર) અને તેની સાથેની અજાણી બે મહિલાનું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે બીએનએસ એકટ ૧૪૦(૪), ૩૦૮(૫),૧૨૭(૭) સહિતની આકરી કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ અગાઉ શિક્ષક તરીકે સ્વા.ગઢડાના હામાપર ગામમે ફરજ બજાવતા અને ગઈ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ નિવૃત થયેલ છે. તેઓ જે હામાપર ગામ ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતાં તે ગામની બાજુમાં ઈગૌરાણા (ખાલસા) ગામ ખાતે વર્ષ ૨૦૧૦ માં આશરે ૧૭ વિધા જમીન ખરીદ કરેલ હતી, તે જમીન ભાગ્યાને વાવેતર કરવા આપતો હતો. એકાદ વર્ષ પહેલા બોટાદ ખાતે સમન્વય સ્કુલનો કાર્યક્રમ હોય ત્યાં પાયલ પટેલનો કાર્યક્રમ કરનાર કમલેશભાઈ દ્વારા પરીચય થયેલ હતો.

કમલેશભાઈએ જણાવેલ હતુ કે, આ પાયલબેન ગાંધીનગરથી આવે છે અને જમીન મકાનનું કામકાજ કરે છે. જેથી પાયલબેનને વાત કરેલ કે, હું એકાદ વર્ષમાં નિવૃત થવાનો છું, મારી પાસે જમીન છે તે વેચવાની અને તે રૂપીયા આવે તેનું બીજી જગ્યાએ જમીન લઈ અને રોકાણ કરવાનું છે. તો આ પાયલબેને વાત કરેલ કે, તમારી જમીન તેમજ તમો રીટાયર્ડ થાવ તેના રૂપીયા આવે ત્યારે મને વાત કરજો કરી બે મોબાઈલ નંબર આપ્યા હતા.

બાદ ગઈ તા. ૩૧/૧૦/૨૦૨૫ ના રોજ ફરીયાદી શિક્ષકની નોકરીમાંથી હામાપર ગામથી રીટાયર્ડ થયેલ અને નિવૃતીના હકક હીસ્સાના રૂપીયા આવી જતાં પાયલબેનને વાત કરેલ કે, હું રીટાયર્ડ થઈ ગયેલ છું, મારા હકક હિસ્સાના રૂપીયા આવી ગયેલ છે તો મારે ખેતીની જમની લેવાની છે તો ક્યાંય જમીન સારી હોય તો બતાવજો, તો તેણે કહેલ કે, કઈ બાજુ તો, તેને કહેલ કોઈ પણ જગ્યાએ ચાલશે. તેઓ પાયલ સાથે અવાર નવાર જમીન લેવા બાબતે વાતચીત કરતાં તેને કહેલ કે, રાજકોટ જમીન જોવા જવાની છે.

ગઈ તા.૦૭/૦૨/૨૦૨૬ ના સવારના નવેક વાગ્યા વખતે પાયલ સાથે વાત કરેલ અને તેઓ ધોળકાથી નીકળુ છું તેમ વાત કરેલ જેથી પાયલે કહેલ કે, હું ગાંધીનગરથી આવું છું અને આપણે ઉજાલા સર્કલે ભેગા થાય જેથી ફરીયાદી સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જીજે-૦૪-સીએ-૧૪૦૬ ચાલવીને એકલો ઉજાલા સર્કલ ખાતે ગયેલ અને પાયલ પ્રાઈવેટ ઉબેર ટેકસીમાં આવેલ અને કહેલ કે, હાલો નીકળીએ. જેથી ફરીયાદીએ કારની ચાવી આ પાયલને આપી દીધેલ અને તે કાર ચાલવતી હતી અને તેઓ તેની બાજુમાં આગળની શીટ પર બેઠો હતો. તેણે રસ્તામાં જમીન બાબતે વાતચીત કરેલ અને બાદ બપોરના ચોટીલા પહોંચેલ અને ત્યાં હાઈવે રોડ પર આવેલ લાલા રઘુવંશી હોટલ પર જમવા રોકાયેલ અને ત્યાંથી જમીને રાજકોટ આવવા રવાના થયેલ અને શહેરમાં એન્ટર થતા આ પાયલે એક લેડીઝને ફોનમાં વાત કરીને કહેલ કે, અમે આવી છીએ તું, કયાં છો તો તેણે કહેલ કે હું રેલ્વે સ્ટેશન ખાતે ઉભી છું, જેથી આ પાયલે કાર લઈ અને રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે આવેલ ત્યાં એક લેડીઝ ઉભી હોય તેને કારમાં બેસાડી બસ સ્ટેન્ડ પાછળ લઈ આવેલ અને ત્યાં એલેક્ષા હોટલ ખાતે વખતે ગયેલ હતાં.

ત્યાં એક રૂમ રાખેલ જેમાં ફરિયાદીનું આધાર કાર્ડ આપેલ અને રૂમ નં.૩૦૭ આપેલ અને ત્રણેય રૂમમાં ગયેલ અને પાયલે કહેલ કે, હું પાર્ટીને બોલાવીને આવું તેમ કહી જતાં રહેલ અને થોડીવારમાં રૂમમાં એક બીજી લેડીઝ આવેલ અને તેમની સાથે આવેલ લેડીઝે પોતાના કપડા ઉતારી નાખેલ અને બીજી આવેલ લેડીઝે બળજબરીથી શરીર સંબંધ બાંધવા કહેતાં તેઓએ ના પાડતા તેને પોકસોની કલમમાં ફીટ કરી દઈશની ધમકી આપી સાથે કારમાં આવેલ લેડીઝ સાથે પરાણે શરીર સબંધ બંધાવેલ અને પાછળથી આવેલ લેડીઝે બંનેના ફોટા પાડેલ હતાં.

બાદ બંને મને માર મારવા લાગેલ અને કહેલ કે, તારા ઉપર બળાત્કારનો કેસ કરવો છે, મારી પાસે ફોટાના પુરાવા છે. જેથી પાયલને ફોન કરી કહેલ કે, આ બંને લેડીઝે મારી સાથે બળજબરી કરેલ છે તમો આવો તેમ વાત કરતા તેણે કહેલ કે, હું નીચે જ છું, આવું છું. પાયલે આવી કહેલ કે આપણે બધા અહીંથી નીકળી જઈએ પોલીસ આવશે તો ખોટા કેસ કબાડામાં પડીશું. પાયલ હોટલ નીચે ઉતરી ગયેલ અને તેમની સાથેની બીજી બે અજાણી મહીલાએ તેની પાસેની છરી વતી જાનથી મારી નાખવાની ધમકી આપી અને હોટલ નીચે ઉતારી ધમકી આપી કારમાં બેસાડી દીધેલ હતો. કાર પાયલ ચલાવતી હતી અને બીજી બે અજાણી મહીલા પાછળની સીટમાં બેસેલ હતી.

તેઓ કોઈ અજાણી જગ્યાએ રાજકોટ બારોબાર લઈ ગયેલ અને બંને અજાણી મહીલાએ કહેલ કે, અમારા બંનેના ચાલીસ લાખ, ચાલીસ લાખ થશે તો તમારી સાથે સમાધાન કરીએ નહીતો બળાત્કારના કેસમાં ફીટ કરી દઈશું, આ પાયલ સમાધાન કરાવવા માટે વાતચીત કરેલ અને તેણે રૂ.૧૫ લાખ આપી સમાધાન કરી આપવાનું કહેલ તો તેને કહેલ કે, મારી પાસે બેંકમાં પંદર લાખની બેલેન્સ નથી, તેમ કરી અને અંતે રૂ.૧૨ લાખ આપવાનું નકકી કરેલ અને કહેલ કે સોમવારે બેંક ખુલે ત્યારે આપીશ. બાદ આ અજાણી મહીલા રીક્ષામાં જતી રહેલ અને પાયલે કહેલ કે, આપણે અહીંથી જલ્દી નીકળી જઈએ આ બંને કોઈ પોલીસ ફરીયાદ કરે તો તેમ કહી અને બંને કારમાં જતાં રહેલ અને અમદાવાદ સરખેજ ઉજાલા ચોકડીએ તેઓને કાર આપી દીધેલ અને આ પાયલે ઉબેર ટેકસીમાં જતી રહેલ અને તેઓ કાર લઈને ધોળકા મારા ધરે જતો રહેલ હતો.

બાદમાં સોમવારે ગઈ તા.૦૯/૦૨ ના પાયલના બેંક એકાઉન્ટમાં આરટીજીએસ કરી રૂ.૧૨ લાખ ટ્રાન્સફર કરી અને પાયલને ફોન કરી કરતાં તેણે કહેલ કે, તમારા રૂપીયા આવી ગયા છે, આ રૂપીયા હું બંને લેડીઝને આપી દઈશ. બાદમાં આ પાયલે બે ત્રણ વાર ફોન કરેલ કે, તમારે બાકીના રૂપીયા આપવાના છે કે નહી અને નહી આપી તો તમને બળાત્કારના કેસમાં ફીટ કરી દઈશ, અવાર નવાર ફોન કરી કેસ કરવાની ધમકી આપતી હોય જેથી સમાજમાં બદનામી થશે તેવો ભય લાગતા કોઈને વાત કરેલ નહિ અંતે મિત્રોને બનાવની સંપૂર્ણ વાત કરી અને કહેલ કે, મારે સમાજમાં રહેવા જેવું રહ્યું નથી અને મારે મરી જવું છે તેવું કેહતા મીત્રોએ સમજાવેલ અને હીંમત આપતા ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એસ.એમ.રાણા અને ટીમે તપાસ આદરી આરોપી મહિલાઓની શોધખોળ આદરી હતી.

# રામકથા સુખનું સંપાદન કરે છેઃ પૂ. મોરારિબાપુ

## બગસરામાં માનસ મેઘાણી કથાના પાંચમા દિવસે બાપુએ કથાવકતા શ્રોતાના સેતુ પર પ્રકાશ પાડયો

**અબતક, સમીર વિરાણી, બગસરા**

માનસ મેઘાણીમાં પાંચમા દિવસે પ્રારંભમાં મોરારીબાપુએ વક્તા અને શ્રોતાના સંદર્ભમાં કહ્યું હતું કે વક્તા શ્રોતાના મન સુધી પહોંચે છે અને એના મનની કદર કરે છે. રામકથામાં બહેનોએ કરેલા સવાલના જવાબમાં બાપુએ કહ્યું હતું કે દેહને દેવ માનવો. દેહની પૂજા કરવી. દેવની પૂજા આપણે રોજ નથી કરી શકતા પરંતુ દેહની પૂજા રોજ કરીએ છીએ આપણે દેવને રોજ સ્નાન નથી કરાવી શકતા પરંતુ દેહને દરરોજ આપણે સ્નાન કરાવીએ છીએ એ દેહની એક પૂજા છે. આપણે જ્યારે ચાંદલો કરીએ છીએ શરીરને ત્યારે એક રીતે આપણે દેહની પૂજા જ કરીએ છીએ. સવાલના જવાબમાં દેહને દેવ માનવો મનને મંત્ર સમજવો તેમ કહ્યું હતું. કે મતિને પાર્વતી સમાન માનવી અને ચિત્તને કુટુંબ સેવામાં લગાડવું. દિલની સેવા કરવી, દેશની સેવા કરવી અને મનની સેવા કરવી. એવા સામાન્ય વ્યક્તિઓ કરી શકે તેવા





નાના નાના કામ આપણે કરવા જોઈએ. પૂજ્ય બાપુ એ એમ પણ કહ્યું હતું કે ઊંચનીચનો કોઈ ભેદ નથી હોતો . વર્ણનો પણ કોઈ ભેદ નથી હોતો ગંગા સતીની ભજનની પંકિતને ટાકતા કહ્યું હતું કે જાતી રે પાતી નહીં ગુરુ કેરા દેશમાં અને વર્ણનો વધુ પડતી જાગૃતિ એ વર્ણનો વિકાર ગણાય એમ ગંગાસતીએ કહ્યું છે. એમ કરીને આપણે પરસ્પર સર્વને સમાન સમજવા જોઈએ.દુનિયામાં કોઈ શુદ્ર નથી સેવા કરનાર શુદ્ર કઈ રીતે હોઈ શકે?સેવા કરનાર તો શ્રેષ્ઠ હોઈ શકે. મેઘાણીજીની કવિતા ઓતરાદા વાયરાઓ ઉઠો ગીતના સંદર્ભમાં કહ્યું હતું કે જવાબ તો ઉત્તરમાંથી જ મળ્યા છે. ઉત્તરમાંથી જ ઉત્તર મળ્યા છે.તો રામાયણના સંદર્ભમાં કહ્યું હતું કે રામાયણ તો સુખનું સંપાદન કરે છે અને રામાયણના શ્લોકમાં જ તુલસીનો સંપાદકીય લેખ મળે છે. એવું પણ શિવાજીના હાલરડું નામના કાવ્યના સંદર્ભમાં કહ્યું હતું કે મેઘાણીજીની પારણાની દોર બહુ લાંબી છે. અને ગુજરાતમાં બેઠા બેઠા એ મહારાષ્ટ્રમાં આપણા શિવાજીના હાલરડા ની દોરી ખેંચી શકે છે.મ આ કથામાં વાલો નામેરી નામના બારવટીયાના જીવનમાં રહેલી કેટલીક ઉદાત્ત વાતો પણ પૂજ્ય બાપુએ કરી હતી. વકતાના પણ આ કથા ના સંદર્ભમાં ત્રણ પ્રકાર બાપુએ બતાવ્યા હતા કેટલાક એકેડેમિક વકતા હોય છે જે વ્યવસાયિક રીતે વકતવ્ય કરે છે કેટલાક એડિટોરિયલ વક્તા હોય છે જે સારુ રૂપ વકતવ્ય કરતા હોય છે પણ કેટલાક ઓટોમેટીક વક્તા હોય છે આત્મસ્ફૂરણાથી વાત કરનારા વક્તા હોય છે. મેઘાણીજીની કવિતા મન મોર બની થનગાટ કરે ના સંદર્ભમાં બાપુએ કહ્યું હતું કે જ્યારે અસ્તિત્વનું નૃત્ય રચાય છે ત્યારે જ મન મોર બનીને થનગાટ કરે છે આ નૃત્ય એક પરમ નૃત્ય બની જાય છે ત્યારે જ થનગાટ કરે છે આ રાસ એક મહારાસ બની જાય છે. અને આ મહારાસ જ હ્રાસમાંથી એટલે કે પતનમાંથી સમાજને બચાવે છે સમાજને પતન થી બચાવવાનું અગર કોઈ કામ કરે તો તે રાસ કરાવે છે તો બાપુએ વિદ્યાવાનનું લોકોને જાણે જગાડતા હોય એ રીતે કહ્યું હતું કે વિદ્યા તો બધાને વહાલ કરવા માટે છે.

### પૂ.મોરારિબાપુ દ્વારા દિલ્હી પર્યાવરણ પ્રેમી બ્રીજભાઈ ઠક્કરનું અભિવાદન



પૂ.મોરારિબાપુ દ્વારા મોરબી જિલ્લાના ટંકારાના મૂળ વતની, દિલ્હી નિવાસી સેવાભાવી પર્યાવરણ-પ્રેમી બ્રીજભાઈ મનુભાઈ ઠક્કર (કક્કડ)નું અભિવાદન કરાયું હતું. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી તથા ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડની આ અવસરે વિશેષ ઉપસ્થિતિ રહી હતી. માત્ર ૨૫ વર્ષની યુવા વયે અણધારી વિદાય લેનાર પોતાના વ્હાલા પુત્ર સ્વ.વરૂણભાઈ ઠક્કરની પુણ્યસ્મૃતિમાં બ્રીજભાઈ ઠક્કર દ્વારા ચોટીલા ડુંગર પારંપરિક પરિક્રમા પથ પર વિવિધ પ્રકારના ૨૧૦૦ જેટલાં વૃક્ષોનું વરૂણ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે જે ખાસ ઉલ્લેખનીય છે. ચોટીલા સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહલયના વિશાળ પ્રાંગણમાં પણ બ્રીજભાઈ ઠક્કર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

**ચૂંટણી...**

વિકાસમાં હજી મતદારોને સમજાવવામાં કોઈ મુશ્કેલી પડે તેમ નથી કે વર્તમાન સ્થિતિના નિર્માણ માટે રાજ્ય કે કેન્દ્ર સરકાર જવાબદાર નથી ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ના યુધ્ધના કારણે વિકટ વેળા આવી છે. પરંતુ ગામડાની જનતાનાં ગળે વાત ઉતારવા ખૂબજ કઠીન જ નહી પરંતુ અશકય જેવી છે યુધ્ધ ઝડપથી પૂર્ણ થઈ જાય તેવું ભારત સહિતના દેશો ઈચ્છી રહ્યા છે. પરંતુ જો આવું ન થાય તો આગામી દિવસોમા સ્થિતિ કલ્પનાતીત હદ સુધી વકરી શકે છે. જેની સીધ્ધી અસર સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના પરિણામ પર પડી શકે છે.

આમ પણ રાજયમાં કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. એપ્રીલ માસનાં અંતમાં કે મે માસના પ્રથમ સપ્તાહમાં મતદાનની તારીખ હોય તો પણ કાળઝાળ તડકાના કારણે મતદાનની ટકાવારી પણ અસર પડી શકે તેમ છે. ઓછુ મતદાન હંમેશા ભાજપ માટે નુકશાન કારક બની રહે છે. મેં માસથી મોડી ચૂંટણી આપવી સરકારને પોષાય તેમ નથી કારણ કે ત્યારબાદ ચોમાસાની સિઝન શરૂ થઈ જાય છે. અને પછી તહેવારોની સ્થિતિ આવી જાય છે. જો ચૂંટણી માટેનું સાનુકુળ વાતાવરણ નહી બને તો સરકાર દિવાળી પછી પણ ચૂંટણી યોજી શકે છે. તેવી શકયતા પણ એક વર્ગ વ્યકત કરી રહ્યો છે. બીજી એક સંભાવના એવી પણ છે કે વસતી ગણતરીની કામગીરી પૂર્ણ થયા બાદ નવા સિમાંકન મુજબ ચૂંટણી આપી શકાય તેવો અંતિમ વિકલ્પ પણ સરકાર પાસે બચ્યો છે. વહીવટદાર શાસન લાંબુ ચાલે તેવી શકયતા પણ હાલના તબકકે દેખાય રહી છે. યુધ્ધની અસર સ્થાનીક કક્ષાએ વધુ દેખાવા માંડે તે પૂર્વે સરકાર ચૂંટણી પુરી કરાવી લેવા ઈચ્છે છે પરંતુ તેવું વાતાવરણ હાલ બનતુ નથી.

**ઈરાન...**

મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે અમેરિકા અને ઝાયોનિસ્ટ શાસન એટલે કે, ઈઝરાયલ, વર્તમાન કટોકટી માટે સીધા જવાબદાર છે અને તેમની ક્રિયાઓ માટે તેમને જવાબદાર ઠેરવવા જોઈએ. જો કે, યુદ્ધના બીજા અઠવાડિયામાં પણ, તણાવ ઓછો થવાના કોઈ નક્કર સંકેતો નથી. એ જોવાનું બાકી છે કે શું અમેરિકા અને ઈઝરાયલ ઈરાનની માંગણીઓ પર ધ્યાન આપશે કે શું આ યુદ્ધ વધુ ખતરનાક સંઘર્ષમાં ફેરવાશે.

આ યુદ્ધની આગ ફક્ત સરહદો સુધી મર્યાદિત નથી; તે સમગ્ર વૈશ્વિક અર્થતંત્રને અસર કરી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટના મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગમાં વધતા તણાવને કારણે તેલ અને ગેસ પુરવઠા પર ગંભીર અસર પડી છે. તેલ ટેન્કરોની અવરજવર બંધ થવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ઇંધણના ભાવ આસમાને પહોંચી ગયા છે, જેના કારણે વૈશ્વિક ફુગાવામાં વધારો થવાની આશંકા છે. નિષ્ણાતો માને છે કે જો આ તણાવ ટૂંક સમયમાં ઓછો કરવામાં નહીં આવે, તો ઉર્જા સંકટ વધુ ઘેરું બની શકે છે, જેની સીધી અસર સામાન્ય લોકોના ખિસ્સા પર પડશે.

**દુબઈ હરકતમાં...**

સિટીબેંક જેવી મોટી સંસ્થાઓએ જાહેરાત કરી છે કે તેમની અનેક શાખાઓ ૧૨ થી ૧૪ માર્ચ દરમિયાન બંધ રહેશે. જેપી મોર્ગન, બેંક ઓફ અમેરિકા અને મોર્ગન સ્ટેન્લી જેવી અન્ય મોટી બેંકોએ પણ 'બિઝનેસ કંટીન્યુટી પ્લાન' સક્રિય કર્યો છે.ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એનવીડિયા જેવી કંપનીઓએ તેમના પ્રાદેશિક સ્ટાફને સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવા જણાવ્યું છે. ગૂગલે તેના ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વના સ્ટાફ સિવાયના તમામ કર્મચારીઓને ફરજિયાત વર્ક-ફ્રોમ-હોમ સોંપ્યું છે.

**ટેલીગ્રામ...**

અનધિકૃત વિતરણ સાથે સંકળાયેલી ૨,૦૦૦ થી વધુ લિંક્સ સામેલ હતી. સરકારે સૂચના આપી છે કે કોઈપણ રીતે પુરાવા સાથે ચેડાં કર્યા વિના આ ચેનલો ત્રણ કલાકની અંદર હટાવી દેવામાં આવે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પગલું ઓનલાઈન પાયરસીને ડામવા અને ડિજિટલ કન્ટેન્ટ નિર્માતાઓના બૌદ્ધિક સંપદા અધિકારોના રક્ષણ માટેના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આ કાર્યવાહી આઈટી એક્ટની કલમ ૭૯(૩)(બી) હેઠળ કરવામાં આવી છે, જે ગેરકાયદેસર સામગ્રી અંગે સરકારની નોટિસ પછી કાર્યવાહી ન કરવા પર પ્લેટફોર્મ્સને મળતું કાનૂની સંરક્ષણ પાછું ખેંચે છે.

**ચાર ધામ...**

કેદારનાથના દ્વાર ૨૨ એપ્રિલે અને બદ્રીનાથના દ્વાર ૨૩ એપ્રિલે ખુલશે. માત્ર એ જ લોકો આવે જેમને આ ધર્મમાં અતૂટ શ્રદ્ધા છે. આગામી ચારધામ યાત્રાની તૈયારીઓ માટે મંદિર સમિતિએ કુલ રૂ. ૧૨૧ કરોડનું બજેટ ફાળવ્યું છે. આ રકમનો ઉપયોગ ભક્તોની સુવિધા અને મંદિરના વ્યવસ્થાપન માટે થશે. કેદારનાથ ધામમાં રૂ. ૬૩.૬ કરોડ અને બદ્રીનાથ ધામમાં રૂ. ૫૭.૫ કરોડ ફાળવણી કરી છે.

**ક્રૂડના ભાવ...**

ઉપરાંત, એકલા અમેરિકાએ પણ અલગથી ૧૭.૨ કરોડ બેરલ તેલ આગામી સપ્તાહથી મુક્ત કરવાની જાહેરાત કરી છે. આમ છતાં, બજારમાં પુરવઠાની અછતનો ડર એટલો હાવી છે કે ભાવ ઘટવાને બદલે સતત વધી રહ્યા છે.

**રશિયાથી આવતું ક્રુડ...**

હતી, જે માર્ચમાં ઘટીને ૪.૫ એમબીડી થઈ ગઈ છે.

એનર્જી એનાલિસ્ટ્સના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ક્રૂડ ઓઈલના કાર્ગોની સંખ્યામાં હજુ વધુ ઘટાડો થવાની સંભાવના છે. આ મહિને સપ્લાય પહોંચાડનારા મોટાભાગના જહાજો સંઘર્ષ ફાટી નીકળ્યો તે પહેલાં જ તેમના મૂળ બંદરોથી રવાના થઈ ગયા હતા, તેથી આવનારા દિવસોના સપ્લાય પર તેની સીધી અસર જોવા મળશે.

કેપ્લરના લીડ એનાલિસ્ટ સુમિત રિટોલિયાના જણાવ્યા અનુસાર, અમેરિકા દ્વારા ભારતને રશિયન બેરલ ખરીદવાનું ચાલુ રાખવાની છૂટ મળવાથી વેપારના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે અને ભારત અગાઉના બેઝલાઈન સ્તર કરતાં વધુ વોલ્યુમ આયાત કરવામાં સક્ષમ બન્યું છે. માર્કેટ ટ્રેકિંગ દર્શાવે છે કે રશિયન ક્રૂડના મોટાભાગના કાર્ગો હાલમાં દરિયામાં છે અને ખાસ કરીને ભારતીય બંદરો તરફ આગળ વધી રહ્યા છે.

**અમેરિકા...**

અમેરિકાને લાગે છે કે આ દેશો જરૂરિયાત કરતાં વધુ માલ બનાવીને અમેરિકામાં ઠાલવી રહ્યા છે, જેના કારણે અમેરિકન ઉદ્યોગોને નુકસાન થાય છે. આ ઉપરાંત, સરકારી સબસિડી, ઓછા વેતન અને ચલણમાં ગેરરીતિ જેવી બાબતોની પણ તપાસ થશે. તપાસ ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. એપ્રિલ ૧૫ સુધી લોકોના મંતવ્યો લેવાશે અને મે મહિનામાં સુનાવણી થશે. આશા છે કે જુલાઈ સુધીમાં નવા ટેરિફ લાદવામાં આવશે.

એક અલગ તપાસમાં જો કોઈ દેશમાં મજૂરો પાસે જબરદસ્તીથી કામ કરાવીને માલ બનાવવામાં આવતો હશે, તો તેવા ૬૦ જેટલા દેશોના માલ પર અમેરિકા પ્રતિબંધ મૂકી શકે છે. ભારત આ યાદીમાં હોવાથી ભારતની નિકાસ પર સીધી અસર પડી શકે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**આંબરડી સફારી પાર્ક...**

૯૪,૮૨૪ પ્રવાસીઓ આવ્યા હતા, જે ૨૦૨૫ માં વધીને ૧,૧૨,૫૪૫ થઈ ગયા છે. આ બે વર્ષમાં પાર્કે કુલ રૂ. ૩.૫ કરોડની આવક કરી છે.

ગીર સુધી લાંબા થયા વગર સિંહ જોવાનો આ સૌથી ટૂંકો અને સરળ રસ્તો છે. અમરેલી અને ધારી જેવા વિસ્તારોમાં પ્રવાસન વધવાથી સ્થાનિક રોજગારી વધે છે. જે પ્રવાસીઓ દીવ કે તુલસીશ્યામ ફરવા જતા હોય, તેમને સિંહ જોવા માટે સાસણ ગીર સુધી લાંબો ધક્કો ખાવો પડતો નથી. આ પાર્ક હાઈવેની નજીક હોવાથી સમય અને શક્તિ બંને બચે છે. સ્થાનિક પ્રવાસીઓ વધ્યા છે, પણ વિદેશીઓ હજુ ઓછા છે (બે વર્ષમાં માત્ર ૨૮ વિદેશી પ્રવાસીઓ આવ્યા). અત્યાર સુધી સિંહ એટલે માત્ર 'સાસણ ગીર' એવું મનાતું હતું, પણ હવે અમરડી સફારી પાર્ક એક મજબૂત પર્યાય તરીકે ઉભરી આવ્યું છે. તે સાબિત કરે છે કે ગુજરાતમાં વન્યજીવ પ્રવાસનનો વ્યાપ વધી રહ્યો છે અને લોકો નવા સ્થળો અપનાવી રહ્યા છે. પ્રવાસીઓને ખબર પડે કે સિંહ જોવા માટે સાસણ ગીર સિવાય ગિરનાર સફારી અને અમરડી જેવા શ્રેષ્ઠ વિકલ્પો પણ ઉપલબ્ધ છે, જેથી ગીરમાં ભીડ ઓછી થાય.

**ધારી વન વિભાગ...**

પાણી માટે ભટકવું ના પડે એ માટે આગોતરા આયોજનના ભાગરૂપે ગીર પૂર્વ વન વિભાગના જંગલ તેમજ રેવન્યુ એરિયામાં વન્ય પ્રાણીઓ માટે પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા હતા.

હાલ સંપૂર્ણ ગીર વિસ્તારમાં ૮૩૯ કરતા પણ વધારે માત્ર સિંહ ની સંખ્યા છે દિપડા પણ જંગલમાં જોવા મળે છે સાથે તૃણાહારી પ્રાણીઓનો પણ વસવાટ છે હાલ ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે સામાન્ય તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચીજાય છે સામાન્ય માણસ ને પણ ઉનાળામાં પાણીની જરૂરિયાત વધારે રહે છે ત્યારે વન્ય પ્રાણીઓમાં ગરમીમાં પાણી નીજરૂરિયાત ખૂબ જ થાય છે પાણી માટે વન્ય પ્રાણીને જ્યાં ત્યાં રખડવું ના પડે તે માટે વન વિભાગ દ્વારા સોલાર થી ચાલતા પાણીના સોર્સ વન વિભાગના ટેન્કરો દ્વારા પાણીનું પરિવહન સાથે પવનચક્કીથી પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે

**જળાશયોમાં પર્યાપ્ત જળ...**

સરખામણીએ આ વર્ષે પાણીનો જથ્થો ૪.૧૫ ટકા વધારે એટલે કે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ગુજરાત જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં જ હાલની સ્થિતિએ ૭૪ ટકાથી વધુ એટલે કે ૨.૪૭ લાખ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. રાજ્યમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૨.૩૪ લાખથી વધુ એમસીએફટી પાણીનો જથ્થો જળાશયોમાં ઉપલબ્ધ છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં ૬૫,૧૭૯ એમસીએફટી , ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ એમસીએફટી , સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ એમસીએફટી એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે.

**અભયમ...**

જ ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે. આ સમયગાળા દરમિયાન કુલ ૧૮ લાખથી વધુ કોલ્સ એટેન્ડ કરવામાં આવ્યા છે. અમદાવાદ જિલ્લાના કો-ઓર્ડિનેટર સતીષ કાડિયાના જણાવ્યા અનુસાર, ૨૦૨૫ના ડેટા મુજબ ૬૮% કેસ કાઉન્સિલિંગ અથવા સ્થળ પર જઈને ઉકેલવામાં આવે છે, જ્યારે ૨૬% ગંભીર કિસ્સાઓમાં પોલીસ કે સામાજિક ન્યાય વિભાગની મદદ લેવામાં આવે છે.

અમદાવાદ વુમન એક્શન ગ્રુપના સેક્રેટરી ઝરણા પાઠકે જણાવ્યું હતું કે, આ આંકડાઓ માત્ર સમસ્યાઓ જ નહીં પરંતુ મહિલાઓમાં આવેલી જાગૃતિ પણ દર્શાવે છે. હવે મહિલાઓ અન્યાય સામે મૌન રહેવાને બદલે સિસ્ટમની મદદ લેતી થઈ છે, જે લાંબાગાળે સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

**ગુજરાતના ૪૯.૫૯ લાખ ખેડુતો...**

કક્ષાથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી, જિલ્લા, તાલુકા તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, માર્કેટ યાર્ડ, ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન, પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો, પ્રાઈમરી એગ્રીકલચરલ ક્રેડિટ સોસાયટી ખાતે પણ આ કાર્યક્રમનું આયોજન કરીને વડાપ્રધાનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં વિવિધ પદાધિકારી-અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેશે.પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૨૧ હપ્તાના માધ્યમથી કુલ ૪,૦૯,૦૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના ૬૯.૨૪ લાખ લાભાર્થી ખેડૂત પરિવારોને પણ ૨૧ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૨,૦૬૯ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

**મેટ્રો રેલ...**

ડિટેક્શન એટલે કે અવરોધોને શોધવા માટેની પદ્ધતિઓ જેવા મુસાફરો-કેન્દ્રિત સુધારાઓ મુસાફરોને સુરક્ષિત અને સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે. આ નવીન વિશેષતાઓ ગુજરાતની મેટ્રો ટ્રેનોને આધુનિક, સ્માર્ટ અને ટકાઉ શહેરી પરિવહનના મોડેલ તરીકે સ્થાપિત કરશે.

એક્સપ્રેસવેથી લઈને હાઈ-સ્પીડ રેલ સુધી, ગુજરાત ભારતના પરિવહન માળખાના વિકાસમાં સતત અગ્રેસર રહ્યું છે. ગુજરાતનો આગામી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, દાહોદ ખાતે ભારતનું પ્રથમ ૯૦૦૦ HP લોકોમોટિવ એન્જિનનું ઉત્પાદન કરતી ફેક્ટરી, અને નમો ભારત ટ્રેનો તેના મજબૂત ઉદાહરણો છે. ગુજરાતના મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ સમયસર અમલીકરણ, તકનીકી નવીનીકરણ અને ટકાઉ શહેરી વિકાસ પ્રત્યેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું શાનદાર ઉદાહરણ છે. ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિકાસ દ્વારા ગુજરાત આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ કરવાના વડાપ્રધાનના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન નોંધાવી રહ્યું છે.

**જમીન માપણી...**

ઉપરાંત નિવાસી અધિક કલેક્ટર, એસએલઆર/નાયબ નિયામક જમીન દફતર, પ્રાંત અધિકારી, ડીઆઈએલઆર, મામલતદાર, ટીડીઓ, જમીન સંપાદન અધિકારી, સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી કે અન્ય સંપાદક સંસ્થાના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવશે. ભૂમિ સીમાંકન અંતર્ગત પ્રમોલગેશન બાદ માપણીની ક્ષતિ સુધારણા માટે આવેલી અરજીઓના આયોજનબદ્ધ અને સુચારૂ નિવારણ માટે મુખ્યમંત્રીના દિશાનિર્દેશોને પગલે મહેસુલ વિભાગ દ્વારા સાત જેટલી અલગ-અલગ કેટેગરી નિયત કરવામાં આવી છે.

તદ્અનુસાર, (૧) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા કોઈ વાંધા ઉપસ્થિત થયેલ ન હોય (૨) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા કોઈ વાંધા બાકી ન હોય તથા કોઈ ખાતેદારને વાંધો ન હોય (૩) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા વાંધા અરજીઓ પેન્ડિંગ હોય (૩અ) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ હોય તથા વાંધા અરજીઓ પેન્ડિંગ હોય (૪) ગામના ૩૦%થી વધારે સરવે નંબરોમા કબ્જા ફેરફાર(અવલ-દવલ) (૫) ગામના વાંધાઓ એક વિસ્તાર સુધી સિમીત હોય (૬) ૩૦%થી વધુ નંબરોમાં ક્ષેત્રફળમાં ફેરફાર તથા કાસ્કેડીન્ગ ઈફેક્ટ તથા આકૃતિમાં વધુ ફેરફાર

(૭) પ્રમોલગેશન થયેલ ન હોય - જેવી કેટેગરી નિયત કરવામાં આવેલી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભૂમિ સીમાંકન અંતર્ગતના માપણી ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોનું ત્વરાએ નિવારણ થાય એટલું જ નહિ, રજૂઆતકર્તાને કચેરીએ જવું જ ન પડે તે માટે તાલુકા વિકાસ અધિકારી, મામલતદારોને વધુ સત્તાધિકારો આપીને મોબાઈલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ દ્વારા ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ ૧૧૯, ૧૨૦ તેમજ જમીન મહેસુલ નિયમ, ૧૯૭૨ના નિયમો ૨૧(૧), ૨૧(૨) અને ૨૧(૩) મુજબ કાર્યવાહી કરીને નિવારણ લાવવા પણ સૂચનાઓ આપી છે.

મુખ્યમંત્રીએ આવા માપણી ક્ષતિ સુધારણાના મહત્તમ પ્રશ્નોનું નિરાકરણ ભૂમિ સીમાંકનમાં રાજ્યભરમાં એકસમાન કાર્યપદ્ધતિએ ઝડપી અને પારદર્શી રીતે લાવીને લોકોને સુશાસનની સચોટ અને અસરકારક અનુભૂતિ થાય તેવી કામગીરી માટે મહેસુલ વિભાગને સૂચનાઓ આપી છે.

**નેશનલ હાઈવે ઓથોરિટી...**

સપાટી અંગે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે પણ માહિતી માગવામાં આવી હતી.કેન્દ્રીય મંત્રીએ આપેલા જવાબમાં જણાવ્યું હતું કે એનએચ-૪૮ના વાપી-સુરત અને સુરત-ભરૂચ સ્ટ્રેચ પર સિક્સ-લેનિંગનું કામ પૂર્ણ થયા બાદ આ માર્ગ હાલ પર્ફોર્મન્સ બેઝ્ડ રોડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (પીબીએમસી) મોડ હેઠળ જાળવણીમાં છે. આ માર્ગ પર ૧૬ પુલ, ફ્લાયઓવર તથા વાહન અંડરપાસના બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે અને તેને જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

ભરૂચ-વડોદરા સ્ટ્રેચનું સિક્સ-લેનિંગ કામ વર્ષ ૨૦૧૧માં પૂર્ણ થયું હોવાનું જણાવતાં મંત્રીએ જણાવ્યું હતું કે હાલમાં આ માર્ગ પણ પીબીએમસી મોડ હેઠળ જાળવણીમાં છે. અહીં ૭ પુલ, ફ્લાયઓવર અને અંડરપાસના કામ ચાલી રહ્યા છે, જેને ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ છે. વડોદરા-અમદાવાદ વચ્ચેનું સિક્સ-લેનિંગ કામ પહેલેથી પૂર્ણ થઈ ચૂક્યું છે અને તે બીઓટી મોડ હેઠળ સંચાલિત છે. જ્યારે શામળાજીથી મોટા ચિલોડા વચ્ચેનું બાકી રહેલું સિક્સ-લેનિંગ કામ જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે એનએચ-૨૭ના રાજકોટ-જેતપુર સેક્શનનું સિક્સ-લેનિંગ કામ હાલ પ્રગતિ હેઠળ છે અને તેને જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પ્રોજેક્ટ હાલ ગુજરાત સરકારના અધિકારક્ષેત્ર હેઠળ છે અને રાજ્ય સરકાર પોતાના બજેટમાંથી આ કામ કરી રહી છે. ઉપરાંત દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનું બાંધકામ પણ હાલમાં અમલીકરણ હેઠળ છે અને તેને માર્ચ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાની યોજના હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

# ટંકારાઃ ઊભેલી રિક્ષાને ટ્રકે ઠોકરે લેતા દાદા-દાદીની નજર સામે પૌત્રનું મોત

## માતા અને ફુઈ ભંગાર વીણતા હતા, ત્યારે ઊભેલી રિક્ષામાં ત્રણેય બેઠા હતા ત્યારે અકસ્માત સર્જાયો, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

ટંકારા પાસે જેમાં ઉભેલી રિક્ષામાં બેઠેલા દાદા-દાદી અને પૌત્રને પાછળથી પૂરપાટ ઝડપે આવતા આઈસર ટ્રકે જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૯ વર્ષીય પૌત્રનું મોત નીપજતા પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના કુવાડવા ગામની વાંકાનેર ચોકડી પાસે રહેતા હરી નવલભાઈ માંગણીયા (ઉં.વ. ૭) ગત ૧૦ માર્ચના રોજ પોતાના પરિવાર સાથે ટંકારા વિસ્તારમાં ભંગાર વીણવા માટે ગયા હતા. પરિવારના અન્ય સભ્યો જ્યારે ભંગાર વીણી રહ્યા હતા, ત્યારે રોડ પર ઉભેલી રિક્ષામાં હરી તેના દાદા હકાભાઈ રામાભાઈ માંગડ્યા (ઉં.વ. ૫૫) અને દાદી લીલાબેન (ઉં.વ. ૫૦) સાથે બેઠો હતો. ટંકારા પાસે રાજકોટ તરફ જતા પહેલા પુલ પાસે આ ત્રણેય રિક્ષામાં બેઠા હતા, ત્યારે પાછળથી આવી રહેલા આઈસર ટ્રકના ચાલકે રિક્ષાને જોરદાર ઠોકર મારી હતી. જેમાં ત્રણેય વ્યક્તિઓને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૯ વર્ષીય હરીનું આજે મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક હરીના પિતા નવલભાઈ રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મૃતક બાળક બે ભાઈઓમાં નાનો હતો.



એકાએક બનેલી આ ઘટનાથી શ્રમિક પરિવાર પર અને સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# જામનગરમાં બ્રાસપાર્ટના કારખાનાને નિશાન બનાવતા તસ્કરો

## ત્રણ મહિના દરમિયાન કટકે કટકે રૂ.૧૧.૭૦ લાખનો ભંગાર ચોર્યો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં સત્યમ કોલોની વિસ્તારમાં રહેતા અને હિરજી મિસ્ત્રી રોડ પર શ્યામ મેટલ્સ નામનો બ્રાસપોર્ટનું કારખાનું અને ભઠ્ઠી ચલાવતા વિજયભાઈ કાનજીભાઈ ભારવડીયા નામના બ્રાસપાટના કારખાનેદારે ગઈકાલે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં પોતાના કારખાનામાંથી રૂપિયા ૧૧,૭૦,૦૦૦ની કિંમતનો ૭,૮૦૦ કિલો ભંગાર ચોરી થઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીને તાજેતરમાં પોતાના કારખાનામાંથી કેટલોક માલ સામાન ઓછો હોવાનું જાણવા મળ્યું હતું, અને પોતે રાત્રે જઈને તપાસ કરતાં કારખાનામાં મુખ્ય દરવાજો ખુલ્લો હતો, અને તાળો તૂટેલું જોવા મળ્યું હતું. ત્યારબાદ અંદરનું શટર પણ ઉચકાયેલું જોવા મળ્યું હતું,

જેથી કારખાનેદાર દ્વારા અંદર રહેલા પિત્તળના સ્ટોકની તપાસણી કરાવતાં છેલ્લા ત્રણેક મહિનાના સમયગાળા દરમિયાન કુલ ૭,૮૦૦ કિલો પિતળ નો માલ ઓછો હોવાનું જાણવા મળ્યું હતું, જેની કુલ ૧૧,૭૦,૦૦૦ જેટલી કિંમત થાય છે, જેની ચોરી થયાનું પોલીસમાં જાહેર કર્યું છે. જે ફરિયાદના અનુસંધાને સીટી સી. ડિવિઝનના પી.એસ.આઈ. વી.બી.બરબસિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** મુળ ગામ ચિત્રાવડ, હાલ રાજકોટ રહેવાસી મનસુખભાઈ છગનભાઈ રાવલ તે સંજય રાવલ, ભાવેશ રાવલ (બાલાજી ઈલેક્ટ્રીકવાળા)ના પિતા, મિત રાવલ (લોકગાયક)ના દાદાનું તા. ૧૦-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ દરમિયાન વાટલીયા પ્રજાપતિ સમાજની વાડી, સમોઝાદ સ્કુલનીપાસે, ઈન્દ્રપ્રસ્થ હોલની પાછળ, મવડી મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે. બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. દયાબેન રમણીકલાલ ચોટાઈ (ઉ.વ.૮૯) તે રમણીકલાલ શાંતિલાલ ચોટાઈના પત્ની, નીતીનભાઈ, સ્વ. સ્મીતાબેન વિનોદરાય ગોટેચા, વીણાબેન હરેશકુમાર ઠક્કર, ચેતનાબેન ભદ્રેશકુમાર હરીયાણી, રૂપાબેન સુનિલકુમાર કકકડના માતા, સીમાબેન નીતીનભાઈ ચોટાઈના સાસુ, નિરવ, પ્રતિકના દાદી, અથર્વ, ધ્રિત્વા મોટા દાદી, સ્વ. જીવરાજભાઈ ખેતસીભાઈ ભીંડોરા (બામણબોરવાળા)ના દીકરીનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૧૩ ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન પંચનાથ મહાદેવ મંદિર, પંચનાથ પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** કારડીયા રાજપુત સ્વ. વિરાજસિંહ સુધીરસિંહ બારડ (ઉ.વ.૨૩) તે સુધીરસિંહ દેવસિંહજી બારડના પુત્ર, વિજયસિંહ, નિલેશસિંહ, કિશોરસિંહ, અજયસિંહ, ભવદીપસિંહના ભત્રીજાનું તા. ૧૧-૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનુ બેસણું તા. ૧૩-૩ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન પંચનાથ મંદિર, રાજકોટ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સમાજશાસ્ત્ર ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી વિકાસની તકો છેઃ નિષ્ણાંત દિનેશ કાનેત

## જૂનાગઢની નરસિંહ મહેતા યુનિ.માં 'કારકિર્દી વિકાસની તકો' વિષય પર યોજાઈ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગ દ્વારા લક્ષ્ય શ્રેણી અંતર્ગત કારકિર્દી વિકાસ કેન્દ્રના સહયોગથી કારકિર્દી વિકાસની તકો વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંશોધક વિદ્યાર્થીઓ તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને મહત્વનું માર્ગદર્શન મેળવ્યું હતું.

વિષય આમંત્રિત નિષ્ણાત દિનેશભાઈ કાનેતએ પોતાના વ્યાખ્યાનમાં સમાજશાસ્ત્ર વિષયમાં કારકિર્દીના વિવિધ વિકલ્પો, સંશોધન ક્ષેત્રે ઉપલબ્ધ તકો અને સમાજ વિકાસમાં સમાજશાસ્ત્રના મહત્વ તથા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વિકાસ, કારકિર્દી માર્ગદર્શન અને આધુનિક સમયમાં જરૂરી કૌશલ્યો વિશે મહત્વપૂર્ણ વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને તેમની ક્ષમતાઓ ઓળખી આગળ વધવા માટે પ્રેરણા આપી જીવનમાં શિસ્ત, મહેનત અને સકારાત્મક વિચારધારા અપનાવવાનો સંદેશ આપ્યો હતો.

યુનિવર્સીટીનાં કૂલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે, આજના ઝડપથી બદલાતા સમાજમાં સમાજશાસ્ત્રનું મહત્વ સતત વધતું જઈ રહ્યું છે. સમાજની રચના, માનવીય વર્તન, સંસ્થાઓ અને સામાજિક પરિવર્તનોને સમજવા માટે સમાજશાસ્ત્ર એક મહત્વપૂર્ણ વિષય છે. સમાજશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ ડો.જયસિંહ ઝાલાએ એક્સ્પર્ટ ટોકની ભુમિકા સ્પષ્ટ કરતા જણાવ્યુ હતુ કે સમાજશાસ્ત્રનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ સરકાર તેમજ ખાનગી ક્ષેત્રમાં વિવિધ મહત્વપૂર્ણ ભૂમિકાઓ નિભાવી શકે છે. સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યાપક ડો.પરાગ દેવાણીએ કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન કર્યું હતું.

# સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ મહામંત્રી નરેશભાઈ પટેલે ધ્રાંગધ્રા એકદંતા ગણપતિજીના દર્શન કરી ધન્યતા અનુભવી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લા ભાજપના નવનિયુક્ત મહામંત્રી નરેશભાઈ પટેલે ધ્રાંગધ્રા શહેરની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન તેમણે પ્રસિદ્ધ એકદંતા ગણપતિ મંદિરે શીશ નમાવી ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા અને જિલ્લાની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

નરેશભાઈના આગમન ટાણે ધ્રાંગધ્રા શહેર ભાજપ પ્રમુખ નિશાંતભાઈ, મહામંત્રી રાજદીપસિંહ, જિલ્લા મહિલા મોરચા પ્રમુખ કલ્પનાબેન સહિતના સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન ધાર્મિક દર્શનની સાથે સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

### ''દેખ્યાનો દેશ ભલે લઈ લીધો નાથ, પણ કલરવની દુનિયા અમારી''

# જૂનાગઢની પ્રજ્ઞા ચક્ષુ અંધ કન્યા છાત્રાલયમાં દિવ્યાંગ દીકરીઓએ વિશ્વ મહિલા દિનની અનોખી ઉજવણી કરી




**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની પ્રજ્ઞાચક્ષુ અંધ કન્યા છાત્રાલયમાં દિવ્યાંગ દીકરીઓ દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી,

આ પ્રસંગે યોજાયેલ વકૃત્વ સ્પર્ધાનું વક્તવ્ય આપતા સંસ્થામાં રહીને એમ.એ.માં અભ્યાસ કરતી બોખાણી રેખાએ ઉપસ્થિત નોર્મલ બહેનોને મંત્રમુગ્ધ કરી દેતા જણાવ્યું હતું કે, ભલે અમે આંખ વિનાના છીએ, કુદરતે આંખ નથી દીધી પરંતુ આંતર ચક્ષુઓ દ્વારા અમે પણ અમારી કારકિર્દી ઘડી રહ્યા છીએ, ''દેખ્યાનો દેશ ભલે લઈ લીધો નાથ, પણ કલરવની દુનિયા અમારી'' આ પંક્તિ સાર્થક કરે છે કે, ભલે અમને દેખાતું નથી પણ અવાજની દુનિયા જે છે એ તો અમારી જ રહેશે. અને અવાજ દ્વારા અમે અમારા જીવનના તમામ કાર્યો કોઈપણ સંઘર્ષ કર્યા વિના અમે પૂર્ણ કરી શકીએ છીએ.

આ તકે વુમન ડે નિમિત્તે રાજ્ય કક્ષાની પ્રજ્ઞાચક્ષુ બહેનો માટેની વકૃત્વ સ્પર્ધા તેમજ જનરલ નોલેજ સ્પર્ધા અને સંગીતની સ્પર્ધામાં અંધ કન્યા છાત્રાલયની લાભાર્થી પ્રજ્ઞાચક્ષુ રાવમાં રૂબીના, બોખાણી રેખા, તેમજ બાબરીયા સંગીતા દ્વારા રાજ્ય કક્ષાએ બીજો અને ત્રીજો નંબર પ્રાપ્ત કરવા બદલ સર્વે ટ્રસ્ટીઓ દ્વારા આ આ ત્રણેય અંધ દીકરીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા મહિલા હ્યુમન રાઈટના શાંતાબેન જાડેજા, વર્ષાબેન પંડ્યા, દક્ષાબેન ચુડાસમા, ચંદ્રિકાબેન ચુડાસમા, મોડાસિયા ચંદ્રિકાબેન, મારું ભાવનાબેન, ડો.પૂજાબેન જાડેજા તથા શહેરના મહિલા મંડળના મહિલા અગ્રણીઓની સાથે સંસ્થાના ટ્રસ્ટી અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, અલ્પેશભાઈ પરમાર, કમલેશભાઈ પંડ્યા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. મનસુખભાઈ વાજા અને મેઘનાથી મુકેશગીરીની યાદીમાં જણાવાયું છે.

# વિકાસકામોમાં બેદરકારી ચલાવી લેવામાં નહીં આવેઃ મ્યુનિ.કમિશનરની તાકીદ

## સુરેન્દ્રનગર મનપામાં કમિશનરની અધ્યક્ષતામાં સંકલન સમિતિની બેઠકઃ જનતાના પ્રશ્નોનો ત્વરિત નિકાલ કરવા આદેશઃ ધારાસભ્ય જગદીશભાઈ મકવાણાએ રોડ-રસ્તા અને ગટરના પ્રશ્નો રજૂ કર્યા



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સભાખંડ ખાતે આજે મ્યુનિસિપલ કમિશનર ડો. નવનાથ ગ્વાહણેની અધ્યક્ષતામાં સંકલન સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરી વિકાસના કામોને ગતિ આપવી અને નાગરિકોની પાયાની સુવિધાઓ અંગેની રજૂઆતોનો ઝડપી ઉકેલ લાવવાનો હતો.

બેઠક દરમિયાન વઢવાણના ધારાસભ્ય જગદીશભાઈ મકવાણાએ શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા, જર્જરિત રોડ-રસ્તાનું સમારકામ, નવીનીકરણ અને ભૂગર્ભ ગટરની સાફ-સફાઈ જેવા મહત્વના પ્રશ્નો મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજૂ કર્યા હતા. આ રજૂઆતોના સંદર્ભમાં કમિશનર દ્વારા સંબંધિત વિભાગના અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી હતી કે તમામ પડતર પ્રશ્નોનો નિયત સમયમર્યાદામાં નિકાલ લાવવામાં આવે.

આ ઉપરાંત બેઠકમાં મહાનગરપાલિકાના સિવિલ, સેનિટેશન, એસ્ટેટ અને ટેક્સ વિભાગની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે સામાન્ય નાગરિકોની ફરિયાદોને અગ્રતા આપી તેનો તાત્કાલિક ઉકેલ લાવવો તે દરેક અધિકારીની જવાબદારી છે. આ બેઠકમાં ધારાસભ્ય, મ્યુનિસિપલ કમિશનર સહિત ડેપ્યુટી કમિશનર, એન્જિનિયર અને વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શાળાઓ અને સરકારી કચેરીઓની આસપાસ તમાકુ વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવા કચ્છ કલેકટરનો આદેશ

## કચ્છઃ કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આરોગ્ય અને તમાકુ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ



**અબતક, નવીનગીરી ગોસ્વામી, કચ્છ**

કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આરોગ્ય સંકલન અને ટોબેકો કંટ્રોલ સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ જિલ્લામાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા અને ધૂમ્રપાન અટકાવવા માટેના કડક અમલીકરણ પર ભાર મૂક્યો હતો.

બેઠકમાં કલેક્ટરશ્રીએ રસીકરણ, માતા-બાળ મરણ દર, ટીબી મુક્ત અભિયાન અને આયુષ્માન કાર્ડ જેવી કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે શાળાના બાળકોની તપાસ કરી જરૂરિયાતમંદોને સમયસર ચશ્મા આપવા અને મચ્છરજન્ય રોગો અટકાવવા ફોગિંગ તથા ક્લોરિનેશનની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી. તમાકુ નિયંત્રણ અંગે કડક વલણ અપનાવતા તેમણે જણાવ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુનું વેચાણ કરનારાઓ તેમજ જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઉત્સવ ગૌતમ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નગરપાલિકાના નિયમો સામે રોષ

# ચોટીલાઃ લગ્ન નોંધણી માટે ફરજિયાત સોગંદનામું લેવડાવાતા ડેપ્યુટી કલેક્ટરને રજૂઆત

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા નગરપાલિકામાં લગ્ન નોંધણી માટે જરૂરી તમામ દસ્તાવેજો હોવા છતાં તંત્ર દ્વારા ફરજિયાત સોગંધનામું માંગવામાં આવતું હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. આ મામલે શહેરના જાગૃત નાગરિક વિનોદ મકવાણાએ ચોટીલા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી. મકવાણાને લેખિત રજૂઆત કરી કડક કાર્યવાહીની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, સરકારના વર્ષ ૨૦૦૫ના પરિપત્ર મુજબ લગ્ન નોંધણી માટે કોઈ સોગંધનામાનો ઉલ્લેખ નથી. તેમ છતાં, ચોટીલા નગરપાલિકા દ્વારા રૂ ૫૦ના સ્ટેમ્પ પેપર પર બે અલગ-અલગ સોગંધનામા ફરજિયાત લેવામાં આવે છે. આ પ્રક્રિયામાં સ્ટેમ્પ, સોગંધનામુ અને મેરેજ સર્ટિફિકેટની ટિકિટો મળીને એક અરજદારને અંદાજે રૂ૩૦૦૦ જેવો મોટો ખર્ચ થઈ રહ્યો છે. ખુદ સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં પણ આવા કોઈ સોગંધનામા લેવાતા નથી, ત્યારે ચોટીલા પાલિકા દ્વારા પોતાના અલગ નિયમો બનાવી પ્રજાને હેરાન કરવામાં આવતી હોવાનો આક્ષેપ થયો છે.

# વેરાવળઃ જે.કે. ક્લાસીસના વિદ્યાર્થીઓએ સીએ પરીણામમાં મેદાન માર્યું

## શિક્ષણ ક્ષેત્રે બે વખત નેશનલ એવોર્ડ વિજેતા અનુભવી તજજ્ઞોની મહેનત રંગ લાવી



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

તાજેતરમાં જ સીએનુ પરીણામ જાહેર થયુ છે. જેમા ગીર સોમનાથ જીલ્લાના વડામથક વેરાવળમા જેકે કલાસીસમા સીએનો અભ્યાસ કરી રહેલા વિધાર્થીઓ ટોપર બન્યા છે. જેણે ગીર સોમનાથ અને વેરાવળનું નામ રોશન કર્યુ છે.

સીએ આજના ભારતને ઘડનારા વિવિધ ઘડવૈયાઓ પૈકી ભારતને આર્થીક સુપરપાવર બનાવવા માટે સૌથી જરૂરી નિષ્ણાંત વ્યવસાયિક છે. સારા એકાઉન્ટ તથા ચાર્ટડ એકાઉન્ટસ વિના દેશનો સર્વાંગી સંપૂર્ણ આર્થીક વિકાસ શકય નથી .સામાન્ય રીતે સીએની અભ્યાસ કરવા માટે વિધાર્થીઓના વાલીઓ મોટા મેગા શહેરમા મોકલતા હોય છે પરંતુ સીએના તાજેતરમા આવેલ પરીણામે સાબિત કરી દીધુ કે ગીરસોમનાથ જીલ્લાના વડામથક વેરાવળમા જેકે કલાસીસ નામની સંસ્થાના સામાન્ય પરીવારના વિધાર્થીઓ ટોપર થયા છે. ત્યારે વિધાર્થીઓના સારા ભવિષ્ય સાથે આધુનિક પદ્ધતિથી શિક્ષણ આપી પાયાનું જ્ઞાન વેરાવળથી પ્રાપ્ત થયુ છે.

# પોતાના સ્વાભિમાનને ઉન્નત રાખી મહિલાઓ સમાજમાં અગ્રેસર બનેઃ કલેક્ટર એન.વી. ઉપાધ્યાય

## 'રાઈટ જસ્ટિશ ફોર ઓલ વુમેન એન્ડ ગર્લ્સ'ની થીમ સાથે સોમનાથમાં મહિલા દિવસ ઉજવાયો



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી 'રાઈટ જસ્ટિસ ફોર ઓલ વુમેન એન્ડ ગર્લ્સ' ની થીમ પર સોમનાથ મંદિર પાસે આવેલ રામ મંદિર ઓડિટોરિયમ હોલ ખાતે કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે આ અવસરે જણાવ્યું કે, મહિલાઓ પોતાના ક્ષેત્રમાં સ્વાભિમાનને ઉન્નત રાખી આગળ આવે અને સમાજમાં અગ્રેસર બને તે જરૂરી છે.

આજે પણ દૂરદરાજના ક્ષેત્રોમાં રહેતી મહિલાઓ તેમને મળતા અધિકારો અને તકોથી પરિચિત નથી, ત્યારે આવી મહિલાઓ તેમના અધિકારોથી જાગૃત અને વાકેફ બને તે સમયની માંગ છે.

મહિલાઓ આજે સમાજના તમામ ક્ષેત્રોમાં આગળ આવી છે. છતાં, આવી મહિલાઓને પોતાનો હક ન મળતો હોય તો કયા કાયદાનો ઉપયોગ કરી શકાય, તે ઉપરાંત, પોતાના સ્વાભિમાનને ઠેસ પહોંચતી હોય તો કાયદાનું શરણ કેવી રીતે લઈ શકાય તે વિશેની જાગૃતિ ફેલાવતા સેમિનાર વર્ષ દરમિયાન ચાલતા રહેવા જોઈએ તેમ તેમને વધુમાં જણાવ્યું હતું.

સાઈબર ક્રાઈમ વિભાગના મહિલા એએસઆઈ ધારાબેન મોરીએ વર્તમાનમાં સાયબર ક્રાઈમથી થતા બનાવો અને ઘટનાઓ વિશે વાત કરીને આવા પ્રસંગો કે ઘટનાઓએ કઈ રીતે સાવધ અને સાવચેત રહી સામનો કરવો જોઈએ તે વિશેની વાત કરી હતી.

કલેક્ટર અને અધિકારીઓના હસ્તે મહિલાલક્ષી વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના સહિત અન્ય સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાયના ચેક તથા મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલા ઉદ્યમીઓ જેવી કે, માછીમાર, પશુપાલન, સખી મંડળ, રમત-ગમત વગેરે ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓના પ્રમાણપત્ર અને મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# ધ્રાંગધ્રાની નાનકડી અરફા બોબડીયાએ રોજૂં રાખી અલ્લાહની ઈબાદત કરી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



પવિત્ર રમઝાન માસ નિમિત્તે મુસ્લિમ બિરાદરોમાં ભક્તિનો માહોલ છે, ત્યારે ધ્રાંગધ્રાની નાની બાળકી અરફા સાદિકભાઈ બોબડીયાએ રોજો રાખી અલ્લાહની ઈબાદત કરી સમાજ માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પોતાના દાદાની લાડલી એવી અરફાએ વહેલી સવારે 'સેહરી' કરી રોજાનો પ્રારંભ કર્યો હતો અને સાંજે 'ઈફ્તાર' સાથે રોજો પૂર્ણ કર્યો હતો. કાળઝાળ ગરમીમાં પણ નાની ઉંમરે અડગ શ્રદ્ધા સાથે રોજો રાખનાર અરફાની ધાર્મિક નિષ્ઠા જોઈ વડીલો પણ પ્રભાવિત થયા છે. આ નાનકડી બાળકીનો રમઝાન પ્રત્યેનો આ અદભૂત જુસ્સો સમગ્ર ધ્રાંગધ્રા પંથકમાં પ્રશંસા પામ્યો છે.

# કોટડાસાંગાણીના શીશક ગામે રવિવારે જય ખોડીયાર રામા મંડળનો ૧૦મો વાર્ષિક મહોત્સવ

## ભવ્ય લોકડાયરાની રમઝટ, આસ્થા બ્લડ બેંક દ્વારા રકતદાન કેમ્પનું આયોજન



**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણી તાલુકાના શીશક ગામે ભક્તિ અને સેવાના ત્રિવેણી સંગમ સમાન ૧૦માં વાર્ષિક મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જયશ્રી નકલંક ગૌશાળા અને જય ખોડીયાર રામા મંડળ દ્વારા સંયુક્ત રીતે આ મહોત્સવને સફળ બનાવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.જેમાં તા. ૧૫ને રવિવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે જયશ્રી નકલંક ગૌશાળાના પટાંગણમાં એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના નામી કલાકારો શ્રુતિ પટેલ (લોક ગાયિકા),કાજલ વધાસીયા (ભજનીક કલાકાર) પોતાની કલા પીરસશે

મહોત્સવના ભાગરૂપે જયશ્રી નકલંક ગૌશાળા અને આસ્થા બ્લડ બેંક દ્વારા રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા જાહેર જનતાને વિનંતી કરવામાં આવી છે કે વધુમાં વધુ સંખ્યામાં રક્તદાન કરી આ સેવાયજ્ઞને સફળ બનાવે.

આ ૧૦માં વાર્ષિક મહોત્સવમાં અનેક સંતો-મહંતો આશીર્વચન પાઠવવા પધારશે. સાથે જ વિવિધ વિસ્તારના ધારાસભ્યો, રાજકીય આગેવાનો અને સામાજિક કાર્યકરો પણ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારશે.

જય ખોડીયાર રામા મંડળ અને જયશ્રી નકલંક ગૌશાળા પરિવાર તરફથી તમામ ધર્મપ્રેમી જનતાને આ મહોત્સવ, લોકડાયરો અને રક્તદાન કેમ્પમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જૂનાગઢ વેટરનરી કોલેજની ૧૩ મી બેચનો વિદાય સમારોહ યોજાયો



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન વેટરનરી કોલેજ, જૂનાગઢ ખાતે બી.વી.એસ.સી. એન્ડ એ.એચ.નો સાડા પાંચ વર્ષનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ૧૩મી બેચના ૬૬ વિદ્યાર્થીઓ માટે વેલીડીક્ટ્રી- વિદાય સમારંભ યોજાયો હતો. મહત્વનું છે કે, કામધેનુ યુનિ. બન્યા બાદની આ પ્રથમ બેચ છે, જેણે પોતાનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરી પશુચિકિત્સાના ક્ષેત્રમાં વ્યાવસાયિક કદમ માંડ્યા છે.

# આઈપીએલ-૨૦૨૬ની સિઝનનો ૨૮ માર્ચથી પ્રારંભ: ૨૦ મેચોનું શેડ્યુઅલ જાહેર



**અબતક, રાજકોટ**

ક્રિકેટ ચાહકો માટે મોટા સમાચાર આઈપીએલ ૨૦૨૬ ના પહેલા તબક્કાનું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. ટુર્નામિન્ટની પહેલી મેચ ૨૮ માર્ચે રમાશે, જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સનરાઈઝર્સ હૈદરાબાદનો સામનો કરશે. આ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થવાની છે. જોકે, આરસીબીની હોમ મેચો અંગે હજુ પણ કેટલાક સસ્પેન્સ છે. સ્ટેડિયમની તૈયારીઓનું અંતિમ નિરીક્ષણ ૧૩ માર્ચે નિષ્ણાત સમિતિ દ્વારા કરવામાં આવશે. આ પછી જ ત્યાં બધી મેચો યોજવા માટે અંતિમ મંજૂરી આપવામાં આવશે.

બીસીસીઆઈએ હાલમાં ટુર્નામિન્ટના પ્રથમ તબક્કા માટે ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી ૨૦ મેચનું શિડ્યૂલ જાહેર કર્યું છે. બાકીની મેચોનું શિડ્યૂલ પછીથી જાહેર કરવામાં આવશે. આનું કારણ આગામી વિધાનસભા ચૂંટણી હોવાનું કહેવાય છે, જેનું સંપૂર્ણ શિડ્યૂલ તારીખો નક્કી થયા પછી જાહેર કરવામાં આવશે.

આઈપીએલ ૨૦૨૬ માં કુલ ૧૦ ટીમો ભાગ લઈ રહી છે,

### આઈપીએલના પ્રથમ ૨૦ મેચોનું સમય પત્રક

| મેચ નં. | તારીખ | દિવસ | મેચ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨૮/૦૩/૨૬ | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. સનરાઈઝ હૈદરાબાદ | બેંગ્લુરૂ |
| ૨ | ૨૯/૦૩/૨૬ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | મુંબઈ |
| ૩ | ૩૦/૦૩/૨૬ | સોમવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | ગૌહાટી |
| ૪ | ૩૧/૦૩/૨૬ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિ/એસ.ગુજરાત ટાઈટન્સ | મુલ્લાનપુર |
| ૫ | ૦૧/૦૪/૨૬ | બુધવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ | લખનઉં |
| ૬ | ૦૨/૦૪/૨૬ | ગુરૂવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. સનરાઈસ હૈદરાબાદ | કોલકત્તા |
| ૭ | ૦૩/૦૪/૨૬ | શુક્રવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | ચેન્નઈ |
| ૮ | ૦૪/૦૪/૨૬ | શનિવાર | દિલ્હી કેપિટલ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી |
| ૯ | ૦૪/૦૪/૨૬ | શનિવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | અમદાવાદ |
| ૧૦ | ૦૫/૦૪/૨૬ | રવિવાર | સનરાઈસ હૈદરાબાદ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | હૈદરાબાદ |
| ૧૧ | ૦૫/૦૪/૨૬ | રવિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | બેંગ્લુરૂ |
| ૧૨ | ૦૬/૦૪/૨૬ | સોમવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | કોલકત્તા |
| ૧૩ | ૦૭/૦૪/૨૬ | મંગળવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | ગૌહાટી |
| ૧૪ | ૦૮/૦૪/૨૬ | બુધવાર | દિલ્હી કેપિટલ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | દિલ્હી |
| ૧૫ | ૦૯/૦૪/૨૬ | ગુરૂવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | કોલકત્તા |
| ૧૬ | ૧૦/૦૪/૨૬ | શુક્રવાર | રાજસ્થાન રોયલ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ગૌહાટી |
| ૧૭ | ૧૧/૦૪/૨૬ | શનિવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. સનરાઈસ હૈદરાબાદ | મુલ્લાનપુર |
| ૧૮ | ૧૧/૦૪/૨૬ | શનિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ | ચેન્નઈ |
| ૧૯ | ૧૨/૦૪/૨૬ | રવિવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | લખનઉં |
| ૨૦ | ૧૨/૦૪/૨૬ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | મુંબઈ |

## પ્રથમ મેચમાં ચેમ્પિયન બેંગલોર અને હૈદરાબાદ વચ્ચે મુકાબલો

અને સમગ્ર ટુર્નામિન્ટ દરમિયાન ૮૪ મેચ રમાશે. આ ગયા સીઝન કરતા ૧૦ વધુ મેચ છે. બધી ટીમો ડબલ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં રમશે, ત્યારબાદ પ્લેઓફ અને ફાઈનલ રમાશે.

પ્રથમ તબક્કામાં દસ અલગ અલગ સ્થળોએ કુલ ૨૦ મેચ રમાશે. આ સ્થળોમાં બેંગલુરુ, મુંબઈ, ગુવાહાટી, ન્યૂ ચંદીગઢ, લખનૌ, કોલકાતા, ચેન્નાઈ, દિલ્હી, અમદાવાદ અને હૈદરાબાદનો સમાવેશ થાય છે. આ તબક્કામાં અમદાવાદ ખાતે ચોથી એપ્રિલે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થશે. આ તબક્કામાં ચાર દિવસે ડબલ હેડર (એક દિવસમાં બે મેચ) મેચ યોજાશે.

સિઝનનું પ્રથમ ડબલ હેડર ચૌથી એપ્રિલે રમાશે. જેમાં બપોરે દિલ્હીમાં દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ આમને-સામને થશે, જયારે સાંજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થશે. કેટલીક ટીમોએ આ વખતે તેમના હોમ ગ્રાઉન્ડમાં વિવિધતા રાખી છે. રાજસ્થાન રોયલ્સઃ પોતાની શરૂઆતની હોમ મેચો ગુવાહાટીમાં રમશે.

# અમેરિકામાં યોજાનારા ફૂટબોલ વર્લ્ડકપમાં ઈરાને પારોઠના પગલાં ભર્યા

## ઈરાનની નેશનલ ફૂટબોલ ટીમ ૨૦૨૬ ફિફા વર્લ્ડકપમાં ભાગ લેશે નહીં, જે યુએસએ, કેનેડા અને મેક્સિકોમાં યોજાવાનો છે



**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ઈરાને જાહેરાત કરી છે કે તેની નેશનલ ફૂટબોલ ટીમ ૨૦૨૬ ફિફા વર્લ્ડકપમાં ભાગ લેશે નહીં, જે આવતા વર્ષે યુએસએ, કેનેડા અને મેકિસકોમાં યોજાવાનો છે.ટેલિવિઝન પર આ નિર્ણયની જાહેરાત કરતા ઈરાનના રમતગમત મંત્રી અહમદ દોંજમાલીએ કહ્યું કે હાલની પરિસ્થિતિઓમાં તેમની ટીમ માટે રમવા માટે યુએસ જવું શક્ય નથી. તેમને કહ્યું કે તેઓ વર્લ્ડકપમાં ભાગ લેશે નહીં.રમતગમત મંત્રીએ પોતાના નિવેદનમાં કહ્યું કે ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની હત્યા બાદ દેશની સરકારે આ કડક વલણ અપનાવ્યું છે. તેમને કહ્યું કે આ ભ્રષ્ટ સરકારે અમારા નેતાની હત્યા કરી હોવાથી અમારો વર્લ્ડકપમાં ભાગ લેવાનો કોઈ ઈરાદો નથી. મંત્રીએ એવો પણ આરોપ લગાવ્યો કે છેલ્લા કેટલાક મહિનામાં ઈરાન વિરુદ્ધ મોટા હુમલાઓ કરવામાં આવ્યા છે. તેમના મતે છેલ્લા ૮-૯ મહિનામાં દેશ પર બે યુદ્ધો લાદવામાં આવ્યા છે અને હજારો નાગરિકોએ જીવ ગુમાવ્યા છે.

ઈરાનના નિર્ણયથી ફિફા માટે પણ પરિસ્થિતિ જટિલ બની ગઈ છે. ફિફાના પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનોએ તાજેતરમાં વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે યુએસ રાષ્ટ્રપતિએ તેમને ખાતરી આપી છે કે ઈરાનની ટીમનું વર્લ્ડકપમાં સ્વાગત કરવામાં આવશે. પરંતુ ઈરાનના તાજેતરના નિવેદનથી હવે અનિશ્ચિતતા વધી ગઈ છે.

### ઈરાનની જગ્યાએ કોને તક મળશે?

ઈરાનના ખસી ગયા પછી સૌથી મોટો સવાલ એ છે કે વર્લ્ડકપમાં તેનું સ્થાન કોણ લેશે. ફિફાના નિયમો મુજબ જો કોઈ દેશ ટુર્નામિન્ટમાંથી ખસી જાય છે અથવા તેને બહાર કાઢવામાં આવે છે, તો ફિફાને તેના વિવેકબુદ્ધિથી બીજી ટીમનો સમાવેશ કરવાનો અધિકાર છે. આનો અર્થ એ છે કે ફિફા અંતિમ નિર્ણય લેશે કે કયા દેશને ઈરાનનું સ્થાન લેવાની તક આપવામાં આવશે. તમને વર્લ્ડકપ ૨૦૨૬ પહેલાથી જ ઘણા કારણોસર ઐતિહાસિક માનવામાં આવે છે.

# થાઈલેન્ડથી કંડલા આવતા જહાજ પર ઈરાનનો બોમ્બમારો

## હોર્મુઝ સ્ટ્રેટમાં થાઈ કાર્ગો જહાજ 'મયુરી નારી' પર ઈરાની સેનાનો હુમલોઃ ભારતીય વિદેશ મંત્રાલયે ઘટનાની સખત નિંદા કરી




**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર હવે સીધી રીતે ભારત પર જોવા મળી રહી છે. બુધવારે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈને ગુજરાતના કંડલા આવી રહેલા એક થાઈ કાર્ગો જહાજ પર હુમલો કર્યો હતો. દુઃખની વાત એ છે કે, આ ઘટનામાં બે ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે એક ભારતીય હજુ લાપતા છે. ભારતના વિદેશ મંત્રાલયે આ હુમલાની આકરી નિંદા કરતા વેપારી જહાજો અને નિર્દોષ લોકોના જીવ જોખમમાં ન મૂકવાની સ્પષ્ટ ચેતવણી આપી છે. બીજી તરફ, ઈરાને દાવો કર્યો છે કે આ જહાજોએ તેમની ચેતવણીઓને અવગણીને વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો.

વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે આ ઘટના અને તેમાં થયેલા ભારતીયોના મૃત્યુની પુષ્ટિ કરી છે. તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે, અમને અહેવાલ મળ્યા છે કે ૧૧ માર્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં થાઈ કાર્ગો જહાજ 'મયુરી નારી' પર હુમલો થયો છે. આ જહાજ ગુજરાતના કંડલા બંદરે આવી રહ્યું હતું.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં ભારતનો વિરોધ નોંધાવતા કહ્યું કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે વેપારી જહાજોને આ રીતે નિશાન બનાવવાની ભારત સખત નિંદા કરે છે. આ હુમલામાં ભારતીયો સહિત નિર્દોષ લોકોના જીવ ગયા છે. કોઈપણ સંજોગોમાં કાર્ગો જહાજો અને નિર્દોષ નાગરિકોના જીવને જોખમમાં મૂકવાનું ટાળવું જોઈએ.

આ હુમલા પાછળ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડએ પોતાનો બચાવ રજૂ કર્યો છે. લાઈબેરિયાના ધ્વજવાળા જહાજ 'એકસપ્રેસ રોમ' અને થાઈ જહાજ 'મયુરી નારી'એ તેમની ચેતવણીઓ કાને ધરી ન હતી અને પરવાનગી વગર જ હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રવેશ કર્યો હતો, જેના કારણે આ કાર્યવાહી કરવામાં આવી.

# જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા પર હુમલો

## શખ્સે અત્યંત નજીક આવીને બંદૂક તાણી અને ફાયરિંગ પણ કર્યું હતું, પરંતુ સમયસૂચકતા વાપરીને સુરક્ષાકર્મીઓએ તેને તુરંત પકડી પાડ્યો

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા અને ડેપ્યુટી ઈખ સુરેન્દ્ર ચૌધરી એક લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે એક વ્યક્તિએ તેમની ગાડીઓના કાફલા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ શખ્સે અત્યંત નજીક આવીને બંદૂક તાણી હતી અને ફાયરિંગ પણ કર્યું હતું, પરંતુ સમયસૂચકતા વાપરીને સુરક્ષાકર્મીઓએ તેને તુરંત પકડી પાડ્યો હતો.

આ હુમલામાં બંને નેતાઓનો આબાદ બચાવ થયો છે.આરોપી નશાની હાલતમાં હોવાનું મનાય છે અને તેની પૂછપરછ ચાલુ છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સવાલ ઉઠાવ્યો છે કે આટલી ચુસ્ત સુરક્ષા હોવા છતાં કોઈ વ્યક્તિ



આટલી નજીક કેવી રીતે પહોંચી શકે? પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન ડેપ્યુટી ઈખ જેવા મોટા નેતાઓ પર હુમલો થવો એ સુરક્ષા વ્યવસ્થામાં મોટી ખામી સૂચવે છે.

# ધો.૮ના પાઠ્ય પુસ્તકમાં "અદાલતમાં ભ્રષ્ટાચાર"ના ઉલ્લેખને લઈ ત્રણ શિક્ષણવિદો પર પ્રતિબંધ મૂકતી સુપ્રીમ

## એનસીઆરટીઈનાં ત્રણેય શિક્ષણવિદોને સરકારી સહાય પ્રાપ્ત સંસ્થાઓ કે પ્રોજેક્ટ્સ સાથે કોઈપણ કાર્ય ન સોંપવા પણ આદેશ કર્યો

**અબતક, રાજકોટ**

વર્ગ ૮ના એનસીઈઆરટીઈના પાઠ્યપુસ્તકમાં અદાલતમાં ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરીને ન્યાયતંત્રની નકારાત્મક છબી રજૂ કરવા માટે જવાબદાર ઠેરવી સુપ્રીમ કોર્ટે ત્રણ શિક્ષણવિદો પર જીવનભરનો પ્રતિબંધ લગાવ્યો છે.કોર્ટે એમ પણ જણાવ્યું છે કે તે આ વિવાદમાં સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક પોસ્ટ મુકનાર સામે પણ કડક કાર્યવાહી કરશે, જેમણે આ વાતને સમર્થન આપીને ન્યાયતંત્રને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.

ત્રણ શિક્ષણવિદોને સરકારી સહાય પ્રાપ્ત સંસ્થાઓ કે પ્રોજેક્ટ્સ સાથે કોઈપણ કાર્ય સોંપવા પર પ્રતિબંધ મૂક્યા બાદ, મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાન્ત, ન્યાયમૂર્તિ જોયમલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વિપુલ પંચોલીની બેંચે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે તે સોશિયલ મીડિયા ઉશ્કેરણીજનક પોસ્ટ કરનાર વ્યક્તિઓની ઓળખ કરે.



એનસીઆરટીઈના નિયામક દિનેશ પ્રસાદ અને શાળા શિક્ષણ સચિવ સંજય કુમારે સુપ્રીમ કોર્ટ સમક્ષ ભૂલ માટે માફી માંગી છે અને ભવિષ્યમાં આવી ભૂલો અટકાવવા માટે પગલાં લેવાનું વચન આપ્યું છે.

એનસીઆરટીઈએ જણાવ્યું છે કે જે વિવાદાસ્પદ પ્રકરણ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું, જેના અધ્યક્ષ પ્રોફેસર મિશેલ દનિનો હતા અને તેમાં સુપર્ણા દિવાકર અને અલોક પ્રસાદ કુમારનો સમાવેશ થતો હતો. આ ત્રણેયને ભવિષ્યમાં એનસીઆરટીઈની કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાવવામાં આવશે નહીં.

બેંચે કહ્યું છે કે ત્રણેય પ્રોફેસરો ન્યાયતંત્ર વિશે યોગ્ય જ્ઞાન ધરાવતા ન હતા અથવા જાણીજોઈને તથ્યોનું ખોટું અર્થઘટન કરીને વર્ગ ૮ના વિદ્યાર્થીઓ સમક્ષ ભારતીય ન્યાયતંત્રની નકારાત્મક છબી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે તમામ સરકારી ભંડોળ પ્રાપ્ત સંસ્થાઓને આદેશ આપ્યો છે કે તેઓ તરત જ આ ત્રણ શિક્ષણવિદો સાથેના સંબંધો તોડી નાખે, જેમને કોર્ટે ન્યાયતંત્રની નકારાત્મક છબી રજૂ કરવા માટે જવાબદાર ઠેરવ્યા છે, પરંતુ તેમને આદેશમાં ફેરફાર માટે અરજી કરવાનો વિકલ્પ પણ આપ્યો છે.

# જસદણ પંથકમાં વાયર ચોરતી અંજાર-બોટાદની ટોળકી ઝબ્બે

## રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે વિંછીયાના લાલાવદર પાસેથી મુખ્ય સૂત્રધાર સહિત ચારને ઝડપી લીધાઃ ગઢડામાંથી એલ્યુમિનિયમ વાયર ચોરી કર્યાની કબુલાતઃ ૩.૨૮ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે વિંછીયાના લાલાવદર ગામની સીમમાંથી એલ્યુમિનીયમ વાયરની ચોરી કરનાર ટોળકીને ઝડપી લીધી હતી. પોલીસે તેની પાસેથી ૪૦૦ કિલો વાયર સહિત રૂ.૩.૨૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ટોળકીએ ગઢડામાંથી વાયર ચોરી કર્યાની કબુલાત આપી હતી.

રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય અને રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે સૂચના આપવામાં આવી હોય જે સૂચનાના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહિલ, કે એમ ચાવડા, આર.વી. ભીમાણી, અને પી.એન. ભરવાડ તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ બાબરીયાને એવી હકીકત મળી હતી કે, વિંછીયા તાલુકાના લાલાવદર ગામની સીમમાં ચાર શખ્સો શંકાસ્પદ હીલચાલ કરી રહ્યા છે અને તેમની પાસે ચોરાઉ એલ્યુમિનિયમ વાયર છે.

આ બાતમીના આધારે પોલીસે અહીં પહોંચી ચાર શખસોને ઝડપી લીધા હતા જેના નામ દેવરાજ અશોકભાઈ ઠક્કર (રહે નવાનગર, અંજાર), સંતોષ મોજુભાઈ ઉગરેજીયા (રહે પાળીયાદ જી. બોટાદ), દીપુ ઉર્ફે દિપો ગુલાબભાઈ શેખલીયા (રહે. કાનીયાડ જી. બોટાદ) અને સંતોષ ઉર્ફે ભોપો સુરેશભાઈ સાથળિયા (રહે. લોયા તા. ગઢડા) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે આ શખસો પાસેથી એલ્યુમિનિયમ વાયર ૪૦૦ કિલો કિંમત રૂપિયા ૭૪,૪૦૦, એલ્યુમિનિયમ વાયર કાપવા માટેનું કટર, તણી અને અશોક લેલન બડા દોસ્ત વાહન તથા ત્રણ મોબાઈલ,રોકડ સહિત કુલ રૂપિયા ૩.૨૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે ઝડપાયેલા આ શખસોની સઘન પૂછતાછ કરતા ગઈ તા. ૧૦/૩/૨૦૨૬ ના રાત્રીના આ ટોળકીએ ગઢડા વિસ્તારમાંથી એલ્યુમિનિયમના વાયરના ગૂંચળાઓની ચોરી કર્યાની કબુલાત આપી હતી.

આ કામગીરીમાં એલ.સી.બી. પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહિલ, કે.એમ. ચાવડા, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ, એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમીતસિંહ જાડેજા,હેડ કોન્સ. શીવરાજભાઈ ખાચર, ધર્મેશભાઈ બાવળીયા, જીતુભાઈ ગોહીલ,રસીકભાઈ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા, કોન્સ. વિજયભાઈ ખડીયા, અમિતભાઈ સુરૂ, અઝીમભાઈ સમા, ભાવેશભાઈ મકવાણા, વિજયભાઈ સિંહાર, મહેન્દ્રસિંહ સોલંકી, કિશોરભાઈ ફુગસીયા સાથે રહ્યા હતાં.

### ચાર માસ પૂર્વે એલસીબીએ આ ટોળકીને ઝડપી'તી : જેલમાંથી છુટતા જ ફરી હાથફેરો શરૂ કર્યો'તો

ઝડપાયેલી ટોળકીને ચાર માસ પૂર્વે એલસીબીની ટીમે જ ઝડપી હતી. ચારેય શખસોમાં અંજારનો દેવરાજ ઠક્કર સૂત્રધાર છે. જયારે અન્ય તેના સાથીદારો છે. દેવરાજ સામે અગાઉ રાજકોટ જિલ્લાના ધોરાજી,ભાડલા,વિંછીયા અને પડધરી પોલીસ સ્ટેશનમાં મળી ચોરીના સાત ગુના નોંધાઈ ચૂકયા છે. એટલું જ નહીં આ ટોળકીને ચાર માસ પૂર્વે જ જસદણ પંથકમાંથી રાજકોટ એલસીબીની ટીમે ઝડપી લીધી હતી. જેલમાંથી છુટયા બાદ ફરી ચોરીના બનાવને અંજામ આપ્યો હતો.

### બોટાદનો દીપો દિવસે બાઈક લઈ રેકી કરતો અને રાત્રે ચારેય ત્રાટકતા

પોલીસ સૂત્રોમાંથી મળેલી વિગતો મુજબ, આ ટોળકીમાં સૂત્રધાર અંજારનો દેવરાજ ઠક્કર છે. આ ટોળકીમાં સામેલ બોટાદના કાનીયાડનો દીપુ ઉર્ફે દીપો દિવસ દરમિયાન બાઈક પર રેકી કરી પીજીવીસીએલના વીજ વાયર અંગેની માહિતી મેળવી લીધા બાદ રાત્રીના ચોરીના બનાવને અંજામ આપતા હતાં.

# જેતપુરમાં સાગર વૈષ્ણવના મકાનમાંથી વિદેશી દારૂ અને બિયર ઝડપાયો

## શરાબની ૩૧ બોટલ, બીયર, મોબાઈલ મળી, રૂ.૧.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક રાજકોટ**

જેતપુર શહેરમાં ડોબરીયા વાડી નજીક આવેલી આલાપ સોસાયટીમાં રહેતો સાગર વૈષ્ણવ ના મકાનમાંથી જેતપુર સીટી પોલીસે વિદેશી દારૂની ૩૧ બોટલ, આઠ બીયર ના ટીમ અને મોબાઈલ મળી, રૂ.૧.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જેતપુર સીટી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, ડોબરીયા વાડી, આલાપ સોસાયટીમાં રહેતો સાગર વિનુભાઈ વૈષ્ણવ નામના બુટલેગર તેના મકાનમાં વિદેશી દારૂ અને બિયરનું જથ્થો છુપાવ્યો છે. બાતમીના પગલે જેતપુર સીટી પોલીસની ટીમે દરોડો પાડી વિદેશી દારૂની ૨૯ બોટલ,દારૂનો બે લિટરનો જગ ,આઠ બિયરના ટીમ અને મોબાઈલ મળી, રૂ.૧.૩૫ લાખના મુદ્દામાલ સાથે સાગર વૈષ્ણવને ઝડપી લીધો છે. દરોડા ની કામગીરી એ.એસ.આઈ એમ જે ડોડીયા, હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણા, કોન્સ્ટેબલ અમિતભાઈ સિદ્ધપુરા, લખુભા રાઠોડ અને પ્રદીપભાઈ અગરિયા સહિતના સ્ટાફે બજાવી છે.

# પોલીસ એક્શન મોડમાં: આઈ.જી. નિર્લિપ્ત રાયના આદેશથી 'ટ્રાફિક ડ્રાઈવ': નિયમભંગ કરનારાઓમાં ફફડાટ

## પવનચક્કી સર્કલ સહિતના વિસ્તારોમાં સીટી-એ ડિવિઝન પોલીસનું સઘન ચેકિંગ ફેન્સી નંબર પ્લેટ, બ્લેક ફિલ્મ અને ડ્રીંક એન્ડ ડ્રાઈવ સામે લેવાયા કડક પગલાં







રાજકોટ રેન્જના આઈ.જી. તરીકે નિર્લિપ્ત રાયે ચાર્જ સંભાળતાની સાથે જ સમગ્ર રેન્જમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત કરવા કમર કસી છે. આઈ.જી.ની કડક સૂચના બાદ જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ શહેરમાં ગુનાખોરી ડામવા અને ટ્રાફિક નિયમોના પાલન માટે ખાસ 'ટ્રાફિક નાઈટ' ડ્રાઈવ યોજવામાં આવી હતી.

જામનગર શહેરના પ્રવેશદ્વાર સમાન વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પોલીસે કડક ચેકિંગ હાથ ધર્યું હતું. ખાસ કરીને નંબર પ્લેટ વગરના વાહનો, કારના કાચ પર કાળી ફિલ્મ (અપારદર્શક ફિલ્મો) લગાવનાર, ફેન્સી નંબર પ્લેટ ધરાવતા વાહનો તેમજ નશો કરીને વાહન ચલાવનારા (ડ્રીંક એન્ડ ડ્રાઈવ) તત્વો સામે પોલીસે લાલ આંખ કરી હતી. આ ઉપરાંત વાહનોમાં ધોકા કે અન્ય હથિયારો રાખીને ફરતા શખ્સો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી-એ ડિવિઝન પી.આઈ. નિકુંજસિંહ ચાવડા અને તેમની સર્વેલન્સ ટીમે પવનચક્કી સર્કલ ખાતે મોરચો સંભાળ્યો હતો. આ કામગીરી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા અનેક વાહન ચાલકો પાસેથી સ્થળ પર જ ઓનલાઈન દંડ વસૂલવામાં આવ્યો હતો. પોલીસની આ આક્રમક કામગીરીથી નિયમોનો ભંગ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આગામી દિવસોમાં પણ આ પ્રકારની ડ્રાઈવ ચાલુ રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

# મનપામાં આજથી 'વહીવટદાર રાજ' ડીડીઓ આરતી કંવરએ કમાન સંભાળી

## મેયર-ચેરમેન સહિતના પદાધિકારીઓની નેમપ્લેટ હટાવાઈ અને વાહનો ગ્રાઉન્ડ કરાયા

ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓની પાંચ વર્ષની મુદત ગઈકાલે પૂર્ણ થતાની સાથે જ જામનગર મહાનગરપાલિકામાં પણ ચૂંટાયેલી પાંખના શાસનનો સત્તાવાર અંત આવ્યો છે. રાજ્ય સરકારના આદેશ અનુસાર, આજથી જામનગર મનપામાં 'વહીવટદાર શાસન' લાગુ કરી દેવામાં આવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી () આરતી કંવરએ વહીવટદાર તરીકેનો સત્તાવાર ચાર્જ સંભાળી લીધો છે, જેની સાથે જ શહેરના વહીવટીતંત્રની તમામ સત્તાઓ હવે અમલદારી હસ્તક આવી ગઈ છે.




વહીવટદાર શાસનનો અમલ શરૂ થતાની સાથે જ મહાનગરપાલિકા કચેરીમાં વર્ષોથી ધમધમતી રાજકીય પાંખની ગતિવિધિઓ પર બ્રેક લાગી ગઈ છે. પ્રોટોકોલ મુજબ, મનપાના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા, દંડક તેમજ વિરોધ પક્ષના નેતા સહિતના તમામ પદાધિકારીઓની ચેમ્બરની બહાર લગાવેલી હોદ્દાની નેમપ્લેટો તાત્કાલિક અસરથી ઉતારી લેવામાં આવી છે. હવેથી કોઈપણ પદાધિકારી પોતાની ચેમ્બરમાં બેસી શકશે નહીં કે વહીવટી નિર્ણયોમાં દખલગીરી કરી શકશે નહીં. સત્તાના હસ્તાંતરણની પ્રક્રિયાના ભાગરૂપે પદાધિકારીઓને ફાળવવામાં આવેલી સરકારી સુવિધાઓ પણ પરત ખેંચી લેવામાં આવી છે. મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને વિરોધ પક્ષના નેતા સહિતના પદાધિકારીઓ જે સરકારી વાહનોનો ઉપયોગ કરતા હતા, તેવા કુલ ૫ વાહનોને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યા છે. વહીવટદાર આરતી કંવર હવે મેયરની ચેમ્બરનો ઉપયોગ કરીને શહેરના વિકાસકામો અને રોજિંદા વહીવટી તંત્રનું સંચાલન કરશે. આગામી નવી ચૂંટણીઓ ન યોજાય ત્યાં સુધી જામનગર મહાનગરપાલિકાનો સંપૂર્ણ વહીવટ વહીવટદારના માર્ગદર્શન હેઠળ રહેશે.

# જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં અધધ ૬૦ હજાર ગુણી ધાણાની આવક



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં ધાણાની ૬૦ હજાર ગુણીની આવક નોંધાઈ હતી. માર્કેટીંગ યાર્ડ ધાણાથી ઉભરાયું હતું. ખેડુતોના ધાણાના ઉત્તમ સારા ભાવ મળી રહ્યા છે.

ત્યારે યાર્ડમાં ધાણાની આવક વધતા ખેડુતો ને અગવડતા ના પડે તે માટે તંત્ર દ્વારા સુચારુ વ્યવસ્થા ગોઠવાઈ છે.

# જામજોધપુરની સવજાણી કોલેજના એનએસએસના ૪૮ વિદ્યાર્થીઓએ મહેસાણા દુધ સાગર ડેરીની લીધી મુલાકાત



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર:** એ.વી.ડી.એસ. આર્ટ્સ અને કોમર્સ કોલેજ જામજોધપુરમાં એનએસએસ શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવ્યો હતો. અમૃતબેન વાલજીભાઈ દામજીભાઈ સવજાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુરના પ્રિન્સિપાલ ડો.અલ્કેશ આર. વાછાણીની પ્રેરણાથી અને એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફીસર ડો.અનિલ એચ. હોથીના નેતૃત્વ હેઠળ આબુ-અંબાજી, મહેસાણા દુધ સાગર ડેરી મુલાકાત, ઐતિહાસિક સ્થળ મોઢેરાનું સૂર્ય મંદિર તેમજ શંખલપુર જેવા મુખ્ય સ્થળોએ ત્રણ રાત્રી અને બે દિવસનો શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં કુલ ૪૮ વિદ્યાર્થીઓ અને ૨ સ્ટાફ મિત્રો જોડાયા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સમિક્ષા કરતા રેન્જ આઈ.જી. નિર્લીપ્ત રાય

## કલ્યાણપુર પોલીસ સ્ટેશનની મુલાકાત બાદ બોકસાઈટ સ્થળોનું નિરીક્ષણ કર્યું

### ગોંડલ, મોરબી અને ખંભાળીયાની મુલાકાત લેતા નવનિયુકત રેન્જના વડા



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

તાજેતરમાં રાજકોટ રેન્જ આઈ.જી.પી. તરીકે મુકાયેલ ખુબજ બાહોશ તથા કડક કાર્યદક્ષ અધિકારી નીલીપ્ત રાય દ્વારા હાજર થયાપછી તુરંત જ ગઈકાલે દ્વારકા જિલ્લાની મુલાકાત લઈને જિલ્લાની કાયદો વ્યવસ્થાની સ્થિતિ તથા ભૂતકાળની અસામાજીક પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવવામાં આવી હતી.

દ્વારકા જિલ્લા પોલીસ વડા કચેરી ખંભાળીયામાં પ્રથમ તેમણે મૂલાકાત લીધી હતી



જયાં જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા સાથે મુલાકાત લઈ જિલ્લાની કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચાઓ કરીને જાણકારી મેળવી હતી જેમની સાથે ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતા તથા સાગર રાઠોડ પણ જોડાયા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લાની રાજકોટ રેન્જ આઈ.જી.પી. નિલીપ્ત રાયની પ્રથમ મુલાકાતમાંજ તેમણે કલ્યાણપુર પોલીસ સ્ટેશનની ખાસ મુલાકાત લીધી હતી.

તથા અગાઉ જયાંથી કરોડો રૂપીયાની બોકસાઈટ ચોરી થતી હતી તે સ્થળો કલ્યાણપુર તાલુકાના ગામડાઓની ખાસ મુલાકાત લઈને આગામી સમયમાં ખનીજ ચોરો પર કડક કાર્યવાહી થવાનો સ્પષ્ટ નિર્દેશ પણ આપ્યો હતો. તથા આ કાર્યવાહીના જાણકાર અનુભવી અધિકારીઓ સાથે કઈ રીતે ખનીજ ચોરી થતી તથા કયા પગલા લેવાતા તે અંગે પણ ચર્ચાઓ કરી હતી.

# કાલાવડના મોટાવડાળા ગામે ૧૯ વર્ષ પહેલા બે ભાઈના ખુનમાં વોન્ટેડ શખ્સ હરિયાણાથી ઝડપાયો

## ખેડુતબંધુ સાથે કોઈ મુદ્દે થયેલી બોલાચાલીનો ખાર રાખી ઢીમઢાળી લાશને દાટી બે ભાઈએ લૂંટ ચલાવી'તી

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાં ૧૯ વર્ષ પહેલા બે ભાઈઓની હત્યાર નિપજાવાઈ હતી, જે હત્યા પ્રકરણમાં છેલ્લા ૧૯ વર્ષથી નાસતા ફરતા હરિયાણાના ગુરુગ્રામના એક આરોપીને જામનગરની એલસીબીની ટુકડીએ ઝડપી લીધો છે. કાલાવડ પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામે રહેતા ધનજીભાઈ બાવાભાઈ નંદાણીયાના કુટુંબી ભત્રીજા ભીખાભાઈ ગોરધનભાઈ તથા વિઠ્ઠલભાઈ ગોવીદભાઈ નંદાણીયા નાઓ તા.૧૩/૧/૨૦૦૭ ના પોતાનુ જેસીબી લઈ પાતા મેઘપર ગયા હતા.

જ્યાં જે.સી.બી ઓપરેટર તરીકે કામ કરતા ઈરશાદ દિનમહમદ મેવા મુસ્લીમ અને તેનો ભાઈ જમસેદ દિનમહમદ મેવ મુસ્લીમ (રહે.બન્ને નાઈગામ તા પુનાના જી.મેવાત રાજ્ય હરીયાણા) સાથે બોલાચાલી થતાં બન્ને આરોપીઓએ મળી ભીખાભાઈ ગોરધનભાઈ તથા વિઠ્ઠલભાઈ ગોવીદભાઈ નંદાણીયાની હત્યા કરી બન્નેના મૃતદેહો જેસીબીથી ખાડો ખોદી જમીન માં દાટી દીધા હતા. અને જે.સી.બી.ની લુંટ ચલાવી હતી.

જેમાં આરોપી ઈર્શાદ દિનમહમદ મેવને તા ૨૦/૧/૨૦૦૭ ના રોજ પકડી પાડવામાં આવેલ હતો. અને આરોપી જમશેદ દિનમહમદ મેવ છેલ્લા ૧૯ વર્ષથી નાસતો ફરતો સંતાતો છુપાતો રહેતો હતો.



જે ફરારી આરોપી જમશેદ દિનમહમદ મેવ પોતે પોતાની ઓળખ બદલી તેમજ અલગ અલગ જગ્યાઓ બદલી પોતાની ધરપકડ ટાળી રહ્યો હતો જેની એલ.સી.બી ટીમ દ્વારા ટેક્નિકલ વર્ક આઉટ તેમજ હ્યુમન સોર્સીસ દ્વારા ચોક્કસ હકીકત મેળવી આરોપી ને ટ્રેક કરી પો.સ.ઈ. એમ.વી.ભાટીયા તથા એલ.સી.બી.સ્ટાફના એ.એસ.આઈ નાનજીભાઈ પટેલ તથા હેડ કોન્સ યુવરાજસિંહ ઝાલા તથા કોન્સ રૂષિરાજસિંહ વાળા તથા ડ્રા.એ.એસ.આઈ ધર્મેન્દ્રસિંહ જાડેજા દ્વારા હરીયાણા રાજયના ગુરુગ્રામ કલીયોક ડીસ્ટ્રીક સેન્ટ્રલ રોડ ખાતે જમસેદ દિનમહમદ મેવ મુસ્લીમને પકડી પાડ્યો છે તથા વધુ કાર્યવાહી માટે કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશને સોપી આપેલ છે.

# રિક્ષામાં ભુલાયેલા રૂ.૬.૫૦ લાખના દાગીના સોની વેપારીને પરત કરતી પોલીસ



જામનગરના ચાંદી બજારમાં 'બાલકૃષ્ણ જવેલર્સ' ધરાવતા પ્રશાંતભાઈ માંડલીયા નામના વેપારી ગઈકાલે રિક્ષામાં મુસાફરી દરમિયાન રૂ ૬.૫૦ લાખની કિંમતના સોનાના દાગીના ભરેલી બેગ ભૂલી ગયા હતા. આ બેગમાં આશરે ૭૦ ગ્રામ સોનાની માળા, વીંટી અને બુટ્ટી હતી. વેપારીએ તાત્કાલિક સીટી એ. ડિવિઝન પોલીસનો સંપર્ક કરતા, પોલીસે 'નેત્રમ' સીસીટીવી પ્રોજેક્ટની મદદ લીધી હતી. માંડવી ટાવરથી ધુવાવ સુધીના વિવિધ કેમેરા ચેક કરી પોલીસે ગણતરીના કલાકોમાં રિક્ષા (-૧૦--૦૮૩૮) શોધી કાઢી હતી. 'તેરા તુજકો અર્પણ' પ્રોગ્રામ હેઠળ પોલીસે રિક્ષાચાલક પાસેથી દાગીના મેળવી વેપારીને સુરક્ષિત પરત સોંપ્યા હતા. પોતાની કિંમતી મૂડી પરત મળતા વેપારીએ પોલીસ ટીમનો આભાર માન્યો હતો.

# કાલાવડના શિશાંગમાં સોમનાથ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મોકૂફ

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ તાલુકાના શિશાંગ ગામે આવેલ પવિત્ર સોમનાથ મહાદેવ મંદિર ખાતે યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ અનિવાર્ય સંજોગોના કારણે હાલ માટે મોકૂફ રાખવામાં આવેલ છે. મંદિરની આયોજન સમિતિ દ્વારા આ અંગે સત્તાવાર માહિતી શીશાંગ ગામના સરપંચ બળુભા જાડેજા દ્વારા આપવામાં આવી છે.

આયોજકોની માહિતી મુજબ શિશાંગ ગામે આવેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે તા.૧૪-૦૩-૨૦૨૫ થી તા.૧૬-૦૩-૨૦૨૫ દરમિયાન ભવ્ય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

અનિવાર્ય પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આયોજન સમિતિએ કાર્યક્રમ હાલ માટે મોકૂફ રાખવાનો નિર્ણય લીધો હોવાનું જણાવાયું છે. આ કાર્યક્રમની નવી તારીખ અંગે હવે જાહેર કરવામાં આવશે.

### પરીક્ષામાં શાંતિપુર્ણ માહોલ

# દ્વારકા જિલ્લામાં ધો.૧૦-૧૨ની પરીક્ષામાં કોઈ 'કોપી કેસ' નહીં

**અબતક, વિનાયક ભટ્ટ, જામખંભાળિયા**


દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધો.૧૦/૧૨ની બોર્ડની પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે તથા મુખ્ય પેપરોમાં પણ એકપણ ગેરરિતી, ચોરી કે કોપીકેસ નોંધાયા નથી.

દ્વારકા જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષ જિલ્લા કલેકટર રાજેશકુમાર તન્નાના માર્ગદર્શનમાં જિલ્લા શિક્ષણાધિકારી ડો.હર્ષવર્ધનસિંહ જાડેજા તથા તેમની ટીમના અધિકારીઓ દ્વારા ખૂબ જ સુંદર વ્યવસ્થા ગોઠવાઈ છે.

જિલ્લામાં રાજકોટથી બોર્ડની ફલાઈંગ સ્કવોડ આચાર્ય સ્કવોડ દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું તથા મહત્વના પ્રશ્નપત્રોમાં જિલ્લા કલેકટર રાજેશકુમાર તન્ના દ્વારા પ્રાંત અધિકારી મામલતદાર તથા રેવન્યુ અધિકારીઓને પણ પરીક્ષા સ્થળો પર ચેકીંગ કરવા મોકલ્યા હતા પણ ક્યાંય કોઈ ગેરરિતી કે કોપીકેસ નોંધાયા નથી.

# આંબરડી સફારી પાર્કમાં મુલાકાતીઓની સંખ્યામાં ૧૮ %નો વધારો

## અત્યાર સુધી સિંહ એટલે માત્ર 'સાસણ ગીર' એવું મનાતું, પણ હવે આંબરડી સફારી પાર્ક એક મજબૂત પર્યાય તરીકે ઊભર્યું




### અમરેલી જિલ્લામાં સાવજોના હુમલામાં પશુધારકોને ૧.૪૩ કરોડની સહાય

અમરેલી જિલ્લાના ગીર વિસ્તારમાં સિંહ, દીપડા કે અન્ય વન્યજીવોના હુમલામાં જેમણે પોતાના પશુઓ ગુમાવ્યા છે, તેવા ૧,૯૬૬ પશુપાલકોને કુલ રૂ.૧.૪૩ કરોડનું વળતર ચૂકવવામાં આવ્યું છે. વિધાનસભામાં વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩માં ૯૨૦ પશુપાલકોને રૂ. ૬૭.૯૧ લાખ ચૂકવાયા. વર્ષ ૨૦૨૪માં ૯૬૫ પશુપાલકોને ૬૯.૪૦ લાખની સહાય અપાઈ (જેમાં અગાઉના વર્ષ કરતા ૪.૯% નો વધારો થયો છે). જાન્યુઆરી ૨૦૨૫માં માત્ર એક મહિનામાં જ ૮૧ પશુપાલકોને રૂ. ૫.૫૦ લાખ ચૂકવવામાં આવ્યા છે.સરકારના નિયમ મુજબ વન્યજીવના હુમલામાં ગાય અને ભેંસમાં વધુમાં વધુ રૂ. ૫૦ હજાર અને ઊંટ પરના હુમલામાં વધુમાં વધુ રૂ.૪૦ હજાર ની સહાય અપાઈ હતી.

**અબતક, અમદાવાદ**

અમરેલી જિલ્લાના ધારી પાસે આવેલું અમરડી સફારી પાર્ક હવે એશિયાટિક સિંહ જોવા માટે પ્રવાસીઓની પહેલી પસંદ બની રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં અહીં આવનારા પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૬% નો ધરખમ વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪ માં

(અનુ. આઠમા પાને)

### ધારી વન વિભાગ દ્વારા કાળઝાળ ગરમીમાં વન્ય પ્રાણીઓ માટે પાણીના પોઈન્ટ ઉભા કરાયા



**અબતક, મેહુલ ત્રિવેદી, ધારીઃ** ધારી વન વિભાગ દ્વારા કાળઝાળ ગરમીમાં વન્ય પ્રાણીઓ માટે પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે.

ધારી વન વિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ ના જરૂરી માર્ગદર્શન હેઠળ ધારી વન વિભાગના કાર્ય ક્ષેત્રમાં આવતી દરેક રેન્જ કચેરી ના જંગલ વિસ્તારમાં ઉનાળાની ગરમીને લઈ અને વન્ય પ્રાણીઓને


(અનુ. આઠમા પાને)

# જળાશયોમાં પર્યાપ્ત જળ જથ્થોઃ ઉનાળો સાંગોપાંગ નિકળી જશે

## સૌરાષ્ટ્રના જળાશયોમાં ૫૩૬૨૧ એમસીએફસી પાણી

**અબતક, રાજકોટ**

રાજયની જળ જરૂરિયાત સંતોષતા તમામ જળાશયોમાં હાલ પર્યાપ્ત માત્રામાં જળ જથ્થો ઉપલબ્ધ છે. ઉનાળાની સિઝનમાં પીવાની કે સિંચાઈના પાણીની કોઈ જ પ્રકારની મુશ્કેલી સર્જાય તેવું હાલ દેખાળું નથી. ડેમોમાં હાલ ૬.૪૬ લાખ એમસીએફટી એટલે કે ૭૨ ટકા પાણી છે સૌરાષ્ટ્રના જળાશયોમાં ૫૩૬૨૧ એમસીએફટી પાણી છે.



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ઉનાળાની સિઝનમાં રાજ્યના પ્રત્યેક નાગરિકને પીવાનું અને ખેડૂતોને સિંચાઈ માટેનું પૂરતું પાણી ઉપલબ્ધ થઈ શકે તે માટે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાની માહિતી મેળવી હતી.

ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયોમાં હાલની સ્થિતિએ કુલ ૬.૪૬ લાખ એમસીએફટી એટલે કે, ૭૨ ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગત વર્ષની

(અનુ. આઠમા પાને)

# છેલ્લા દસકામાં "અભયમ" પર લગ્નેત્તર સંબંધોની ફરિયાદો પાંચ ગણી વધી

## માત્ર લગ્નેત્તર સંબંધો જ નહીં, પરંતુ ઘરેલું હિંસાના કેસમાં પણ મોટો વધારો

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા અને સહાય માટે કાર્યરત 'અભયમ ૧૮૧' હેલ્પલાઈનના છેલ્લા ૧૦ વર્ષના આંકડા એક ચોંકાવનારી સામાજિક સ્થિતિ તરફ ઈશારો કરી રહ્યા છે. રાજ્ય સરકાર અને ગ્રીન સિટી દ્વારા સંચાલિત આ હેલ્પલાઈન પર લગ્નેત્તર સંબંધોને કારણે ઊભી થતી સમસ્યાઓના કોલ્સમાં પાંચ ગણો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૬માં જ્યાં આ કિસ્સામાં ૨,૧૯૦ કોલ્સ આવ્યા હતા, ત્યાં ૨૦૨૫ સુધીમાં આ સંખ્યા વધીને ૧૦,૪૨૮ પર પહોંચી ગઈ છે.

માત્ર લગ્નેત્તર સંબંધો જ નહીં, પરંતુ ઘરેલું હિંસાના કિસ્સાઓમાં પણ ચિંતાજનક વધારો થયો છે. ૨૦૧૬માં કુલ કોલ્સના ૩૨ ટકા કોલ્સ ઘરેલું હિંસાના હતા, જે ૨૦૨૫માં વધીને ૪૬ ટકા(લગભગ ૯૦,૦૦૦ કોલ્સ) થયા છે. ખાસ કરીને કોવિડકાળ દરમિયાન આ આંકડો ૪૯% સુધી પહોંચી ગયો હતો. આ ઉપરાંત પજવણી, માનસિક ત્રાસ અને કાયદાકીય મદદ માટેના કોલ્સમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.

માર્ચ ૨૦૧૪માં શરૂ થયેલી અભયમ હેલ્પલાઈને તાજેતરમાં


(અનુ. આઠમા પાને)

### સોશિયલ મીડિયા અને બદલાતી જીવનશૈલી જવાબદાર

તાજેતરમાં અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં બનેલી એક ઘટના મુજબ, એક પરિણીત મહિલા સોશિયલ મીડિયા પર મળેલા પ્રેમીના વિશ્વાસે પોતાનું પાંચ વર્ષનું લગ્નજીવન છોડીને ભાગી ગઈ હતી. જોકે, બે મહિના બાદ પ્રેમીએ લગ્નનો ઈનકાર કરતા મહિલાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ૧૮૧ના કાઉન્સિલરોએ સમયસર હસ્તક્ષેપ કરી મહિલાનું કાઉન્સિલિંગ કર્યું અને હાલ તે પોતાના પતિ સાથે પુનઃ સ્થાપિત થવા પ્રયત્નશીલ છે. નિષ્ણાતોના મતે, અતિશય સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વળગણને કારણે આંતરવ્યક્તિત્વ સંબંધોમાં તિરાડ પડી રહી છે.

# ગુજરાતના ૪૯.૫૯ લાખ ખેડુતોના બેંક ખાતામાં કાલે રૂ.૧૦૨૮ કરોડ જમા થશે

## વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે વર્ચ્યુઅલ સંવાદ કરીને વિશેષ સંબોધન કરશે



**અબતક, રાજકોટ**

આવતીકાલે શુક્રવારે સાંજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આસામના ગુવાહાટી ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો રિલીઝ કરશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને વિશેષ સંબોધન કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

આ અંગે વધુ વિગતો આપતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ કિસાન યોજનાના ૨૨માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૩૨ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૪૯.૫૯ લાખ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૨૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

રાજ્ય

(અનુ. આઠમા પાને)

## રાજયમાં મેટ્રો રેલનું નેટવર્ક ૧૦૮ કિ.મી. થી વધી ૧૯૦ કિ.મી. થશે

# રાજકોટ-વડોદરામાં પણ મેટ્રો રેલ સેવા શરૂ કરવાની સરકારની વિચારણા

## અમદાવાદ અને સુરત મેટ્રો માટે ૩૪ અત્યાધુનીક ટ્રેન સેટસનો ઓર્ડર આપતી રાજય સરકાર

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે ૩૪ અત્યાધુનિક મેટ્રો ટ્રેનસેટ્સ માટે ઓર્ડર આપ્યો છે, જેમાં અમદાવાદ મેટ્રો ફેઝ-II માટે ૧૦ ટ્રેનસેટ અને સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટનો સમાવેશ થાય છે. આ ટ્રેનો કોલકાતામાં ટીટાગઢની અદ્યતન મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે બનાવવામાં આવી રહી છે,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં મેટ્રો ટ્રેન શરૂ કરવાનું સ્વપ્ન સેવ્યું હતું, અને તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં અમદાવાદ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા. આજે તેમના સુદૃઢ માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ ફેઝ-૧ અને ફેઝ-૨ સફળતાપૂર્વક શરૂ કરવામાં આવ્યા છે, અને અમદાવાદ-ગાંધીનગરના લાખો નાગરિકો મેટ્રો ટ્રેનનો લાભ મેળવી રહ્યા છે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ આજે રાજ્ય શહેરી પરિવહન માળખાને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યું છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨ હેઠળ અમદાવાદ-ગાંધીનગર કોરિડોરમાં, ૬૮.૨ કિમી મેટ્રો નેટવર્ક પહેલેથી જ કાર્યરત છે, જેમાં હાલમાં ૩૨ ટ્રેનસેટ્સ સેવામાં છે. તેમાં વધુ ૧૦ ટ્રેનસેટ્સનો ઉમેરો થવાથી મુસાફરોના પરિવહન માટે ટ્રેનની ફ્રીકવન્સી વધી જશે, ટ્રેનો માટે રાહ જોવાનો સમય ઘટશે અને મુસાફરોને વધુ સારી સુવિધા મળશે.

હાલમાં, સુરત ખાતે ૪૦.૩ કિમી લાંબા મેટ્રો રેલ નેટવર્કનું બાંધકામ ઝડપથી આગળ વધી રહ્યું છે. સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટ્સનો ઓર્ડર આપવામાં આવ્યો છે, જે પૂર્ણ થયે સુરત શહેર ટકાઉ શહેરી પરિવહનના મજબૂત વિસ્તરણનું સાક્ષી બનશે.

ગુજરાત રાજ્યમાં હાલમાં મેટ્રો રેલ નેટવર્ક ૧૦૮ કિમી સુધી વિસ્તરેલું છે, અને આગામી વર્ષોમાં ૧૯૦ કિમી સુધી તેનું વિસ્તરણ થવાનો અંદાજ છે. તેમાં ૬.૦૪ કિમીની અગાઉથી આયોજિત એરપોર્ટ લાઈનનો પણ સમાવેશ થાય છે, જે કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે. રાજકોટ અને વડોદરા જેવા અન્ય મુખ્ય શહેરોમાં પણ મેટ્રો રેલ સેવાઓનું વિસ્તરણ કરવા માટેની દરખાસ્તો વિચારણા હેઠળ છે, જેથી રાજ્યભરમાં આધુનિક, કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ પરિવહનના લાભો વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય.

ગુજરાતમાં નવી મેટ્રો સિસ્ટમ્સ અત્યાધુનિક ડ્રાઈવરલેસ (ડ્રાઈવર વગરની) ટેક્નોલોજીથી સજ્જ હશે, જે સમયપાલકતા, સલામતી અને ઊર્જા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ ટ્રેનોમાં રિયલ-ટાઈમ મોનિટરિંગ અને ઓટોમેટેડ બ્રેકિંગ સિસ્ટમ્સ, ઑપ્ટિમાઈઝ્ડ સ્પીડ પ્રોફાઈલ્સ અને ઈન્ટેલિજન્ટ ફોલ્ટ ડાયગ્નોસ્ટિક્સ હશે, જે વિશ્વસનીય કામગીરીની ગેરંટી આપે છે. વધુમાં, સીસીટીવી સર્વેલન્સ, ફાયર ડિટેક્શન સિસ્ટમ્સ, ફેઈલ-સેફ ડોર ઓપરેશન્સ અને ઓબ્સ્ટેકલ

(અનુ. આઠમા પાને)

## પ્રમોલગેશન થયેલા ગામોની

# જમીન માપણીની ક્ષતિઓ સુધારવા માટે રાજયમાં એક સમાન પદ્ધતિ અપનાવાશે

### જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લાઓમાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત થશેઃ પ્રમોલગેશન બાદ આવેલી ક્ષતિ સુધારણા અરજીઓના આયોજનબદ્ધ નિકાલ માટે સાત કેટેગરી નિયત કરાય



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પ્રમોલગેશન થયેલા ગામોમાં માપણી અંતર્ગત રહી ગયેલી ક્ષતિઓની સુધારણાની અરજીઓનો એકસમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ ધોરણે નિકાલ હાથ ધરવા માટે ભૂમિ સીમાંકન માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો મહેસુલ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા છે.

ખેતીની જમીનોની માપણીમાં પ્રમોલગેશન પછી ખેડૂતોની વાંધા અરજીઓનો નિકાલ પારદર્શક અને ચોકસાઈપૂર્વક રીતે કરીને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા સાથે ગ્રામીણ ખેડૂતોના હિતોની રક્ષા કરવાનો ખેડૂત કલ્યાણલક્ષી અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નિર્ણયથી અપનાવ્યો છે.


તેમણે ભૂમિ સીમાંકન અંતર્ગત રાજ્યના જિલ્લાઓમાં કલેકટરની અધ્યક્ષતામાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત કરવા અને જિલ્લાની ભૂમિ સીમાંકન કામગીરીની સમીક્ષા કરવાની સૂચનાઓ આપી હતી.

આવી જિલ્લા સ્તરીય સમિતિમાં કલેકટર

(અનુ. આઠમા પાને)

# નેશનલ હાઈવે ઓથોરિટીએ ગુજરાતના વાહન ચાલકો પાસેથી પાંચ વર્ષમાં રૂ.૨૦૩૮૩ કરોડનો ટોલ ખંખેર્યા

### હાઈવે વિકાસ અને જાળવણી માટે રૂ. ૪૭,૨૩૬ કરોડ ફાળવાયાઃ રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીને કેન્દ્રીય મંત્રીનો જવાબ



**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પરથી કુલ રૂ. ૨૦,૩૮૩ કરોડનો ટોલ વસૂલ્યો હોવાનું જણાવ્યું છે. આ સાથે જ આ સમયગાળા દરમિયાન ગુજરાતના નેશનલ હાઈવેના વિકાસ અને જાળવણી માટે કુલ રૂ. ૪૭,૨૩૬ કરોડની ફાળવણી કરવામાં આવી હોવાનું પણ કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે. રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના લેખિત જવાબમાં કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ બુધવારે આ માહિતી આપી હતી.

સાંસદ નથવાણીએ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર વસૂલવામાં આવેલા ટોલ તથા રાજ્યમાં હાઈવેના બાંધકામ અને જાળવણી માટે ફાળવાયેલા ભંડોળ અંગે માહિતી માંગેલી હતી. સાથે જ તેમણે મુંબઈ-અમદાવાદ (એનએચ-૪૮), સુરત-દહીંસર અને અમદાવાદ-રાજકોટ-જેતપુર જેવા મહત્વપૂર્ણ માર્ગો પર ચાલી રહેલા કામોની હાલત તથા તેની પૂર્ણતા અંગે સમયમર્યાદા વિશે પણ પૂછપરછ કરી હતી. આ ઉપરાંત ભરૂચ-સુરત અને અમદાવાદ-હિંમતનગર સહિતના હાઈવે માર્ગો પર પડેલા ખાડા અને તૂટી ગયેલી રોડ

(અનુ. આઠમા પાને)

# રાજકોટ-સુરેન્દ્રનગરમાં આજે સિવિયર હિટવેવની આગાહી

## પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, બનાસકાંઠા, પાટણ, વડોદરા અને સુરતમાં યલો એલર્ટઃ માર્ચમાં મે મહિના જેવી આકરી ગરમીથી જનજીવન ત્રાહીમામ

### કયાં શહેરનું કેટલુ તાપમાન

| | |
|---|---|
| વલ્લભ વિદ્યાનગર | ૪૨.૨ ડિગ્રી |
| રાજકોટ | ૪૧.૯ ડિગ્રી |
| વડોદરા | ૪૧.૬ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૧.૫ ડિગ્રી |
| અમદાવાદ | ૪૧.૪ ડિગ્રી |
| સુરત | ૪૧ ડિગ્રી |
| કેશોદ | ૪૦.૭ ડિગ્રી |
| દિવ | ૪૦.૭ડિગ્રી |
| ડિસા | ૪૦.૭ ડિગ્રી |
| મહુવા | ૪૦.૪ ડિગ્રી |

**અબતક,રાજકોટ**

ઉનાળાના આરંભે જ સુર્યનારાયણ આક્રમક મિજાજમાં જોવા મળી રહ્યા છે. માર્ચ માસમાં મે મહિના જેવી આકરી ગરમી પડી રહી છે. તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર થઈ ગયો છે. આજે પણ સૌરાષ્ટ્રના રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં સિવિયર હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.કાળઝાળ ગરમીથી બચવા લોકો માટે ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી છે. બુધવારે રાજયના ૧૪ શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ રહેવા પામ્યો હતો. આજે રાજયના આઠ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



હવામાન વિભાગના રેકોર્ડ અનુસાર બુધવારે વલ્લભ વિદ્યાનગર ૪૨.૩ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. રાજયના ૧૪ શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધઉ રહેવા પામ્યું હતુ. અમદાવાદનું તાપમાન ૪૧.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૦.૭ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૪૧ ડિગ્રી, દમણનું તાપમાન ૩૩ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૯ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૯.૭ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, ભાવનગરનું ૩૯.૪ ડિગ્રી, પોરબંદર ૪૦.૨ ડિગ્રી, રાજકોટ ૪૧.૯ ડિગ્રી, વેરાવળ ૪૦.૬ ડિગ્રી, દિવ ૪૦.૭ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૧.૫ ડિગ્રી, મહુવા ૪૦.૪ ડિગ્રી અને કેશોદનું મહતમ તાપમાન ૪૦.૭ ડિગ્રી નોંધાયું હતુ

આજે પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, બનાસકાંઠા, પાટણ, વડોદરા, અને સુરતમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી દિવસોમાં હજી ગરમીનું જોર વધી શકે છે.